શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર

આજીવન લવાજમ : રૂ. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૨મું

જુલાઈ : ૨૦૧૮ ● અંક : ૦૨

પાના નં. ૧ ● કુલ પેજ : ૪૮

૧૫ ઓગસ્ટ, ૨૦૧૮ | પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૮-૨૦૧૮ | કિંમત : રૂ. ૧૮/-




તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

૯૦૫, સ્વાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૩૬૧૮૪, ૪૦૦૩૬૧૮૪

Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.



Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

**HOME DESIGN**
**FURNITURE**
Showroom & Mfg. of Wooden Furniture

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

Maheshbhai
M. : 92272 11715

Parag Kataria
M. : 99247 19527

**SWASTIK GUM INDUSTRIES (INDIA)**

■ Manufacturers & Exporters of ■
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

Registered Office
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

**Girlie**™
Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com



**SILICON**®
ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

**શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન**

મુંબઈ ઓફિસ :

**iolite**

**SCHOOL MANAGEMENT SOFTWARE**

**IOLITE SOFTWARES PRIVATE LIMITED**
406, Tilekraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006. Gujarat. India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

**BHAGYODAY QUARRY WORKS**
(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material.

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@rediffmail.com, savlamukesh2002@gmail.com

**FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)**

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

**Shivang Institute**
C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,
Phone No. 9429609484 / 079-22772031


www.artnirman.com
A Project by: ART Nirman Ltd.
श्री विष्णुधारा GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL ▸ 88 66 71 44 99 | 88 66 38 44 99

# અંગ્રેજી શીખવા માટેનાં
# શ્રેષ્ઠ પ્રકાશનો

રોજિંદા જીવનમાં અંગ્રેજીનો પ્રભાવ ખૂબ વધી રહ્યો છે. એટલા માટે અંગ્રેજી ભાષાનો પદ્ધતિસરનો અભ્યાસ આજે અત્યંત જરૂરી બન્યો છે. અંગ્રેજી શીખવા ઇચ્છુક બધા અભ્યાસાર્થીઓ માટે આ પુસ્તકો તૈયાર કરવામાં આવ્યાં છે.



















દરેક બુકસેલરને ત્યાં મળે છે.

NAVNEET®

વર્ષ-૩૨ ● અંક - ૨
૧૫ ઓગસ્ટ, ૨૦૧૮

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧

**તંત્રી સ્થાનેથી**
- નર્મદા નદીના વધારાના પાણીના પ્રશ્ને કચ્છને અન્યાયનો સિલસિલો જારી... **અશોક મહેતા**....૭

**પ્રાસંગિક**
- પર્વાધિરાજ પર્યુષણનો એક પત્ર!.. **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ**....૯
- ૧૮ સપ્ટેમ્બર – વર્લ્ડ બામ્બૂ ડે વાંસ : માનવીને કુદરતની અમૂલ્ય ભેટ.. **આર્કિટેક્ટ પાર્થ ઠક્કર**....૧૧

**કચ્છ**
- કચ્છમાં સામાજિક આધુનિકતા વધી રહી છે ખરી? **હરેશ ધોળકિયા**...૧૫
- ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કૉલેજનો લલકાર લહેરાયો લાલ કિલ્લે – (૨) **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૨૧

**વર્ષા**
- આવે છે રે મેઘ સવારી **સુનિલ અંજારિયા**....૨૬

**જબાન**
- શબ્દબોધ : અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૨) **તુલસી કંસારા**.....૨૯

**સ્વાસ્થ્ય**
- વૈશ્વિક ચિત્તભ્રમ દિન : ૨૪મે – (૪) : સારવાર......... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૩૧
  **ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**

**વિવિધતા**
- પ્રતિભાવ ....૩૩
- ગાંધીનગર ગાથા ...**વર્ષાબેન મહેતા**....૩૫
- હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ : I Love My INDIA **ભાવના એ. ઝવેરી**...૩૬
- શબ્દ શોધ : ક્રમાંક - ૭૫...**પ્રદીપ જોષી - આદિપુર**....૩૭
- માઈક્રોફિક્શન ...**બલવીરસિંહ જાડેજા**....૩૮

**મેઘ ધનુષ**
- રંગાઈ જાજે રંગમાં **ચંદ્રવદન મહેતા 'સારસ'**....૩૯
- દાન દ્વારા અમરતા :..... **પ્રેષક : ચંદ્રવદન મહેતા 'સારસ'**....૩૯
- INDIA : LAND OF HANPPINESS ......Aditi Niravbhai Vasa....૩૯
- અબ પછતાયે હોત ક્યા ... **'આરસી' શાહ**....૩૯
- બેઠો છું ... **દિલીપ આચાર્ય 'દિલકશ'**....૪૦
- પર્યાવરણ ... **વિપુલ આચાર્ય 'કચ્છી બેફામ'**....૪૦
- લજેંતા નેંણલા... **ખત્રી હુસેન ઇસ્માઇલ 'કમર કચ્છી'**....૪૦
- સત્ય ... **જીજ્ઞા સચીન પંડ્યા**....૪૦

## વિભાગ-૨

- પરિવાર સમાચાર ... ૪૧
- સમાજ સમાચાર ... ૪૨
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ... ૪૩

## મુખ્યમંત્રી અમૃતમ "મા વાત્સલ્ય યોજના"

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની એક મીટિંગ શનિવાર, તા. ૨૧-૭-૨૦૧૮ના રોજ મળેલ ત્યારે એવું નક્કી કરવામાં આવેલ હતું કે સમાજના યોગ્યતા ધરાવતા પરિવારના 'મા વાત્સલ્ય યોજના'ના કાર્ડ કઢાવી આપવામાં સમાજે પૂરેપૂરી સહાયતા કરવી. આ નિર્ણયની રાહે યોગ્યતા ધરાવતા પરિવારો માટે 'મા વાત્સલ્ય યોજના'ના કાર્ડ કઢાવી આપવા સમાજ પૂરેપૂરો પ્રયત્નશીલ રહેશે.

- જે પરિવારની વાર્ષિક આવક રૂા. ૩.૦૦ લાખ સુધીની હોય તેઓને આ યોજનાના કાર્ડ પ્રાપ્ત થઈ શકશે.
- આ યોજના મુજબ પરિવારમાં વધુમાં વધુ ૫ વ્યક્તિઓ (પતિ, પત્ની તથા ત્રણ કુટુંબીજનોનો) સમાવેશ કરી શકાશે.
- આ યોજનાનું કાર્ડ મેળવવા નીચેની વસ્તુઓની જરૂરિયાત રહેશે : (૧) સંપૂર્ણ ભરેલ ફોર્મ, (૨) આવકનો દાખલો, (૩) રેશન કાર્ડ, (૪) રેશન કાર્ડમાં જેટલી વ્યક્તિનો સમાવેશ હોય તે દરેકના આધાર કાર્ડ.
- યોજનાના ફોર્મ સમાજ પરથી મળી શકશે.
- ઉપરોક્ત ૪ વિગત મળે સમાજ તે વ્યક્તિના 'મા વાત્સલ્ય કાર્ડ' કઢાવી આપવા યોગ્ય કાર્યવાહી કરશે.
- 'મા વાત્સલ્ય કાર્ડ' કઢાવવા એક પરિવારના કાર્ડ માટે અંદાજિત રૂા. ૧૫૦/-ની આસપાસનો ખર્ચ થવાની શક્યતા રહે છે. કે જે ફોર્મની સાથે સમાજમાં સેવા ભાવનાથી કામ કરતી એજન્સીને આપવાના રહેશે.
- જરૂરિયાત અનુસાર 'આવકનો દાખલો' તથા 'રેશનકાર્ડ' કઢાવવામાં પણ સહાયભુત રહેવા આ સમાજ કોશિશ કરશે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અમદાવાદ તથા ગાંધીનગર જિલ્લામાં અંદાજિત ૫૦૦૦ જેટલા કચ્છી પરિવારોનો વસવાટ છે. આ ૫૦૦૦ પરિવારોમાંથી ઉપરોક્ત યોજનાને લાયક દરેક પરિવારના મુખ્યમંત્રી 'મા વાત્સલ્ય યોજના'ના કાર્ડ કઢાવી આપવામાં આ સમાજ સહાયભુત થવા પૂરેપૂરો પ્રયત્નશીલ રહેશે.

## મુખ્યમંત્રી 'મા વાત્સલ્ય યોજના'

ગુજરાત સરકારની આ યોજના હેઠળ ગંભીર પ્રકારની બીમારીઓ માટે કુટુંબદીઠ વાર્ષિક મહત્તમ રૂપિયા ત્રણ લાખ સુધીની કેશલેસ સારવાર શહેરની નામાંકિત તથા સરકારી હોસ્પિટલોમાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે કે જેના માટે પરિવારે એક પણ રૂપિયો ભરવાનો થતો નથી. એક કુટુંબના મહત્તમ પાંચ વ્યક્તિ (પતિ-પત્ની તથા ત્રણ કુટુંબીજનો)ને આ લાભ મળવાપાત્ર છે. નવજાત શિશુને છઠ્ઠા સભ્ય તરીકે આ યોજનામાં ત્રણ વર્ષની ઉંમર સુધી લાભ મળી શકશે.

બર્ન્સ (દાઝેલા), હૃદયના ગંભીર રોગો, કિડનીના ગંભીર રોગો, મગજના ગંભીર રોગો, ગંભીર ઈજાઓ, નવજાત શિશુઓના ગંભીર રોગો, કેન્સર (કેન્સર સર્જરી, કેમોથેરાપી, રેડિયો થેરાપી), ઘુંટણ અને થાપાના રીપ્લેસમેન્ટ તેમજ કિડની, લીવર અને પેન્ક્રિયાસના ટ્રાન્સપ્લાન્ટ જેવી બીમારીઓની કુલ ૬૨૮ પ્રકારની સારવાર વિના મૂલ્યે કરાવી શકાશે. લાભાર્થીને હોસ્પિટલ જવા - આવવાના ખર્ચ પેટે, દરેક વિઝિટ વખતે હોસ્પિટલ દ્વારા રૂા. ૩૦૦/- આપવામાં આવશે.

'મા વાત્સલ્ય યોજના' હેઠળ કિડની ટ્રાન્સપ્લાન્ટેશન, લીવર ટ્રાન્સપ્લાન્ટેશન અને કિડની + પેન્ક્રિયાસ ટ્રાન્સપ્લાન્ટેશનની સારવાર માટે રૂપિયા પાંચ લાખ સુધીનો લાભ મળવાપાત્ર છે. તેમજ ઘુંટણ અને થાપાના રીપ્લેસમેન્ટની સારવાર અંતર્ગત પ્રતિ ઘુંટણ અને થાપા માટે રૂપિયા ચાલીસ હજારની સારવાર મળવાપાત્ર છે. વધારાનો ખર્ચ લાભાર્થીએ ભોગવવાનો રહે છે. બીજા ઘુંટણ અને થાપાના રીપ્લેસમેન્ટ માટે મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ લાભ મળવાપાત્ર છે.

આ બધી સારવાર સિવિલ, વી.એસ., એલ.જી. જેવી સરકારી કે મ્યુનિસિપલ હોસ્પિટની સાથે સાથે પ્રાઈવેટ સેક્ટરની કે ટ્રસ્ટ સંચાલિત એચ.સી.જી., પારેખ્સ, નારાયણ હૃદયાલય, આરના, બોડીલાઈન, ક્રિષ્ના, શેલ્બી, રાજસ્થાન જેવી ઘણી બધી હોસ્પિટલોમાં કેશલેસ પ્રક્રિયાથી મળી શકે છે. સમયે સમયે હોસ્પિટલોમાં વધારો - ઘટાડો થવાની શક્યતા પણ રહે છે.

આ કાર્ડ દર ત્રણ વર્ષે રિન્યુ કરાવવાના હોય છે.

અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી પરિવારને ઉપરોક્ત કાર્ડ કઢાવવાની શ્રી કચ્છી સમાજ - અમદાવાદે આદરેલ સેવા પ્રક્રિયાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે. ***માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

તંત્રીલેખ

# નર્મદા નદીના વધારાના પાણીના પ્રશ્ને કચ્છને અન્યાયનો સિલસિલો જારી



અશોક મહેતા

*નર્મદા નદીના વધારાના પાણી મુદ્દે કચ્છની ફરી ઉપેક્ષા કરવામાં આવેલ છે. અમદાવાદ સ્થિત કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા અધિકાર અધિનિયમ હેઠળ તા. ૧૩-૪-૨૦૧૮ના રોજ એક જાહેર હિતની અરજી કરવામાં આવેલ હતી કે જેમાં કચ્છને ફાળવાયેલ વધારાના પાણી સામે આજ દિવસ સુધી કેટલી રકમના કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા તેવો પ્રશ્ન પૂછવામાં આવેલ હતો. આ પ્રશ્નની સામે ગુજરાત સરકારશ્રીના જળસંપત્તિ વિભાગ તરફથી કાર્યવાહક ઈજનેરશ્રી, જળસંપત્તિ સંશોધન વિભાગ, ૩૧૨, બહુમાળી ભવન, ભુજ - કચ્છ તરફથી તારીખ ૮-૫-૨૦૧૮ના રોજ જવાબ આપવામાં આવેલ હતો કે રૂા. ૪૮૧૪ કરોડની આ યોજના સામે અત્યાર સુધી માત્ર રૂા. ૩.૦૫ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. આ યોજનાના ખર્ચનો અંદાજ રૂા. ૪૮૧૪ કરોડનો વર્ષ ૨૦૦૬ પછી તરતમાં અંદાજવામાં આવેલ હતો કે જેનો અત્યારનો અંદાજ રૂા. ૧૦,૦૦૦ કરોડથી પણ વધુ પહોંચી ગયેલ હશે કે જે સામે માત્ર રૂા. ૩ કરોડનો ખર્ચ હજુ સુધી સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે.*

*જળસંપત્તિ વિભાગને પૂછવામાં આવેલ પ્રશ્ન અને તેની સામે મળેલ પ્રત્યુત્તર વાચકશ્રીની જાણ ખાતર અત્રે અક્ષરસહ રજૂ કરવામાં આવેલ છે.*

| ક્રમ | કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્ન | જળસંપત્તિ વિભાગ દ્વારા આપવામાં આવેલ જવાબ |
|---|---|---|
| ૧. | ***નર્મદા નદીના કચ્છને ફાળવાયેલ વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીની યોજનાના કાર્યો પૂર્ણ કરવા કુલ ખર્ચનો અંદાજ શું આકારવામાં આવેલ છે?*** | *નર્મદા નદીના કચ્છને ફાળવાયેલ વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીની યોજનાના કાર્યો પૂર્ણ કરવાનો કુલ રૂા. ૪૮૧૪.૫૬ કરોડના ખર્ચનો અંદાજ છે.* |
| ૨. | ***કચ્છની આ યોજના સામે અત્યાર સુધી કેટલા રૂપિયા ફાળવાયા અને કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો?*** | *આ યોજના પાછળ રૂા. ૩.૦૫ કરોડનો ખર્ચ કરેલ છે.* ***(કેટલા રૂપિયા ફાળવવામાં આવ્યા તેનો પ્રત્યુત્તર આપવામાં આવેલ નથી.)*** |
| ૩. | ***આ યોજના અંતર્ગત અત્યાર સુધી કયા કયા કામો પૂરા કરી લેવામાં આવ્યા અને હાલે કયા કયા કામો પ્રોગ્રેસ હેઠળ છે?*** | *આ યોજનાની આલેખનની કામગીરી પૂર્ણ થયેલ છે.* ***(મતલબ કે માત્ર પ્લાનિંગ થયેલ છે. એક પણ કામ હાથ પર લેવાયેલ નથી.)*** |
| ૪. | ***આ યોજના અંતર્ગત કયા કયા કામો શરૂ કરવાના બાકી છે અને એ દરેક કામના અંદાજિત ખર્ચની વિગત મળી શકે?*** | *જમીન સંપાદનની કામગીરી પ્રગતિમાં છે.* ***(મતલબ કે હજુ પૂરી જમીન પણ સંપાદિત કરવામાં આવેલ નથી અને આ યોજના અંતર્ગતના ૮ વિભાગમાંથી દરેક કામનો અંદાજિત ખર્ચ પણ આપવામાં આવેલ નથી.)*** |

| | | |
|---|---|---|
| ૫. | આ યોજના અંતર્ગત સંપૂર્ણ કામો પૂરા કરવાનો સમયગાળો શું નક્કી કરવામાં આવેલ છે? | નીતિ વિષયક.<br>**(આ પ્રશ્નનો જવાબ નીતિ વિષયક કઈ રીતે હોઈ શકે? દરેક યોજનાના પ્લાનિંગ સમયે તેને પૂરી કરવાનો અંદાજિત સમય પણ નક્કી કરવામાં આવેલ હોય છે.)** |

ઉપરોક્ત કોઠો વાંચતા કોઈને પણ ખ્યાલ આવી શકે કે સરકારી તંત્ર આજની તારીખમાં પણ કચ્છની આ યોજના બાબતે સચોટ જવાબ આપી શકવાની પરિસ્થિતિમાં નથી. આનાથી વધુ કચ્છની અવહેલનાનો વધુ દાખલો શું હોઈ શકે?

સરકારી તંત્ર જ્યારે કોઈ પણ યોજના હાથ ધરે ત્યારે તેને વહેલા મોડા પૂરી કરવાની ધારણા તો રહે છે પરંતુ અવહેલના કરાયેલ પ્રદેશની યોજના જેટલી મોડી પૂરી કરવામાં આવે તેટલો અન્યાય એ પ્રદેશની જનતાએ વધારે સહન કરવાનો રહે છે.

આ વધારાના પાણી થકી કચ્છમાં દસ લાખ એકર જમીનને સિંચાઈ કરવાની ધારણા છે. એક એકરની ખેતીના કોઈપણ પ્રકારના પાકના બધા જ પ્રકારના ખર્ચને બાદ કરતાં આજના હિસાબે રૂા. ૧૫૦૦૦/-ની બચત ખેડૂતને થાય છે. આ હિસાબે દર વર્ષે કચ્છનો ખેડૂત રૂા. ૧૫૦૦ કરોડની આમદાની ગુમાવે છે કે જે આવક કચ્છના ગામડાના ખેડૂતોની ડાયરેક્ટ આવક થઈ શકે છે. ગુજરાતના સૌથી વધુ અછતગ્રસ્ત જિલ્લા કચ્છની પ્રજાની આ અવહેલના કચ્છના રાજકીય પ્રતિનિધિઓની પહોંચની બહાર છે તે સ્પષ્ટપણે સમજાય છે. કચ્છની પ્રજાને આનાથી વધુ રંજ શું હોઈ શકે?

તારીખ ૧૯ જુલાઈ, ૨૦૧૮નો 'ગુજરાત સમાચાર'નો અહેવાલ કહે છે કે અત્યાર સુધી વલસાડમાં ૧૬૩૩ મિ.મિ. નવસારીમાં ૧૩૮૯ મિ.મિ., ગીર સોમનાથમાં ૧૦૮૩ મિ.મિ., જૂનાગઢમાં ૬૭૭ મિ.મિ., સાબરકાંઠામાં ૨૨૦ મિ.મિ., મહેસાણામાં ૮૮ મિ.મિ. જ્યારે કચ્છમાં માત્ર ૩૩ મિ.મિ. વરસાદ પડેલ છે.

એ જ વર્તમાનપત્રમાં ઝોનવાઈઝ સરખામણી કરવામાં આવેલ છે કે જે મુજબ દક્ષિણ ગુજરાતમાં ૮૬૧ મિ.મિ., સૌરાષ્ટ્રમાં ૩૬૪ મિ.મિ., મધ્ય ગુજરાતમાં ૨૪૪ મિ.મિ., ઉત્તર ગુજરાતમાં ૧૩૨ મિ.મિ. અને કચ્છમાં માત્ર ૩૩ મિ.મિ. વરસાદ પડેલ છે. વિશેષમાં ૨૩ જુલાઈ, ૨૦૧૮ના 'ગુજરાત સમાચાર'નો અહેવાલ જણાવે છે કે રાપરમાં ૬ મિ.મિ., લખપતમાં ૧૧ મિ.મિ., મુંદ્રામાં ૨૫ મિ.મિ., અબડાસામાં ૨૯ મિ.મિ., નખત્રાણામાં ૩૩ મિ.મિ. અને ભુજમાં ૪૩ મિ.મિ. વરસાદ પડેલ છે.


વર્ષોથી કચ્છ દુષ્કાળગ્રસ્ત અને અછતગ્રસ્ત પ્રદેશ હોવા છતાં ન્યાયની દૃષ્ટિએ કચ્છને પાણીપ્રશ્ને અગ્રતાક્રમ આપવો જરૂરી હોવા છતાં ૩૫ ધારાસભ્યોની તાકાત ધરાવતાં ઉત્તર ગુજરાતના નર્મદા નદીના વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીનાં કાર્યો વર્ષ ૨૦૧૦માં જ 'સુજલામ્ સુફલામ્' યોજના અંતર્ગત પૂરા કરી દેવામાં આવેલ છે. ૪૮ ધારાસભ્યોની તાકાત ધરાવતા સૌરાષ્ટ્રના વધારાના પાણીના કેટલાક કાર્યો 'સૌની' યોજના અંતર્ગત અંદાજિત રૂા. ૧૦,૦૦૦ કરોડના ખર્ચે પરિપૂર્ણ કરી દેવામાં આવેલ છે જ્યારે બાકીના રૂા. ૧૦,૦૦૦ કરોડના કાર્યો પ્રગતિ હેઠળ છે. જ્યારે ૬ ધારાસભ્યોની તાકાત ધરાવતા કચ્છ પ્રદેશના હાલના અંદાજિત ખર્ચના રૂા. ૧૦,૦૦૦ કરોડના વધારાના પાણીના કામની સામે માત્ર રૂા. ૩.૦૫ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

કચ્છમાં વસવાટ કરતા કચ્છીઓના સંગઠનોએ, ગુજરાતભરના વિવિધ શહેરોમાં વસવાટ કરતા કચ્છી સંગઠનોએ તથા ભારતભરના વિવિધ શહેરોમાં વસવાટ કરતા કચ્છી સંગઠનોએ ગાંધીનગરમાં જળસિંચાઈ વિભાગના મંત્રીશ્રીને તથા જળસિંચાઈ વિભાગના સચિવશ્રીને પત્રો લખી કચ્છને કરવામાં આવતા અન્યાયની રજૂઆત કરવી જોઈએ કે જેથી આ યોજના શક્ય ત્વરાએ સરકારી તંત્ર હાથ પર લેવા પામે. કચ્છના વર્તમાનપત્રો તથા મેગેઝિનોએ પણ આ અવહેલના સામે અવાજ ઉઠાવવો જરૂરી છે.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,
બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯**

પ્રાસંગિક

# પર્વાધિરાજ પર્યુષણનો એક પત્ર!



પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ

*મારા વહાલા મુમુક્ષુ સાધક,*

અંતરના ભાવથી અને હૃદયના ઉલ્લાસથી આ પર્યુષણ પર્વ તને મળવા આવી રહ્યું છે. તારા હૃદયમાં પણ ભાવોની કેવી ભક્તિ ચડતી હશે, તેની હું કલ્પના કરી શકું છું. ધર્મ કાર્યો માટે તારામાં કેવો ઉત્સાહ ફૂટું-ફૂટું થતો હશે, તે હું જોઈ શકું છું. મારા આગમનના દિવસોની તું લાંબા વખતથી રાહ જુએ છે એ ય હું સમજી શકું છું. તારી લાગણીની ભારોભાર કદર કરું છું. હું ક્યારેક એમ વિચારું પણ છું કે આપણો આટલો ગાઢ આત્મીય સંબંધ છે, તો પછી મારા આગમન સમયે આટલો બધો ઘોંઘાટ કરવાનો હોય ખરો? આત્માની ભીતરના ઊંડાણમાં પલાંઠી લગાવીને મારી આરાધના કરવાની હોય, તેને બદલે તું તો જાણે ભરબજારે ‘પર્વ પર્યુષણ આવિયા રે’ એવી છડી કેમ પોકારે છે?

પણ તું એ સાવ ભૂલી ગયો કે તારું આ પર્યુષણ તો આંતરજગતનો ઉત્સવ છે અને તું બહાર મહોત્સવની મોંઘીદાટ પત્રિકાઓમાં રાચી રહ્યો છે? તને ખબર છે કે પર્યુષણમાં ક્યાંય દોડાદોડ કરીને જવાનું નથી, ક્યાંય કોઈ આડંબર કરવાનો નથી, કોઈ ધનનો ગર્વ કે મોટી ગર્જનાઓ કરવાની નથી. પર્યુષણમાં તો તારે પોતાની પાસે બેસવાનું છે. અને મારા પ્રિય સાધક, તું તો પોતાને બદલે બીજાને પાસે બેસવા લાગ્યો છે. બહારના માન-પાન શોધવા લાગી ગયો છે ને મારા હૃદયસમા તારા લાખેણા આત્માને તું સદંતર વીસરી ગયો.

હે મારા પ્રિય સાધક, **આ પર્યુષણનું કામ તો તારા જીવનની કિતાબ ખોલવાનું છે,** પણ એને બદલે તું બીજાઓની જીવની ખોલવા લાગ્યો. અરે, મને પર્યુષણને ભૂલીને તું તારી જાતને આગળ ધરીને જીવવા લાગ્યો. આત્માના ઊંડાણમાં જઈને તપને જોવાને બદલે કે પછી કર્મનિર્જરા કરવાને બદલે તું જ્યાં જાય છે, ત્યાં તારા ઉપવાસની પ્રસિદ્ધિ કરે છે. તપ એ સાધન છે, તું એને સાધ્ય માની બેઠો છે અને પછી **તપને અપ્રસિદ્ધ રાખવાને બદલે એની ભારોભાર પ્રસિદ્ધિ કરાવે છે, ગીતો ગવડાવે છે. અરે! ઉપવાસના આનંદમાં જમણ યોજે છે. કિંમતી ઘરેણાં અને મહામૂલા રત્નો પહેરીને તપને બદલે શેનું પ્રદર્શન કરે છે?**

આ સમયે તારા આત્માને પૂછી જો કે તપશ્ચર્યા પૂર્વે જેવો હતો એવો જ રહ્યો? તપ માત્ર લાંઘણમાં જ સીમિત થઈ ગયું છે? તપ કરવા છતાં કેમ કોઈ તેજ પ્રગટતું નથી? તપ એ તો આત્માની વસંત છે અને તારા આત્માને એવી કોઈ વસંતનો અનુભવ થયો છે ખરો? કે પછી હું (પર્યુષણ પર્વ) આવ્યો એટલે થોડો તપાડંબર કરી લેવો, થોડી ધર્મસાધના કરી લેવી અને બસ, એટલે ગંગા નાહ્યા. આ આઠ દિવસ તપ કરીએ એટલે તપની અને ધર્મકર્મની સમાપ્તિ આવી જાય. નવમા દિવસે હોટલમાં જઈને વાનગીઓ પર આક્રમક તડાકો બોલાવું. આ બધું જોઈને મને ખૂબ દુઃખ થાય છે અને સાથે એમ પણ થાય છે કે આ પર્યુષણ સાથે તારો માત્ર આઠ કે દસ દિવસ પૂરતો જ પ્રેમ છે. તારા જીવનમાં હું માત્ર આટલા જ દિવસો આવું છું. બસ, પછી તો તારી એ જ રફતાર ચાલે છે.

પણ હે પ્રિય સાધક! હકીકતમાં આવું નથી. ભગવાન મહાવીર તો એમ ચાહે છે કે સાચો સાધક ધર્મને વસ્ત્ર તરીકે નહીં, પણ ત્વચા (ચામડી) જેમ રાખે. જીવન વ્યવહારમાં કૂડકપટ ચાલતા હોય, ધનનો ગર્વ માતેલા સાંઢની માફક ઘુમતો હોય, પ્રભુની ભક્તિને બદલે કેટલી બોલી થઈ એની રકમના આંકડા મંડાતા હોય, અને મારા પ્રિય સાધક, મારે કહેવું પડે છે કે તું જે પાળે છે એમાં બહુ ઓછો ધર્મ કરે છે અથવા તો જે ધર્મ છે એનું બહુ ઓછું પાલન કરે છે. સાધર્મિક ભોજન સમયે શિસ્તનો કેટલો અભાવ છે? **સમતાના ધર્મમાં આવી અવ્યવસ્થા અને ગેરશિસ્ત હોય ખરા?**

સાચું કહું સાધક, આપણો માત્ર આઠ કે દસ દિવસ સુધીનો સંબંધ નથી. હું તારા જીવનમાં અતૂટ રૂપે સંકળાયેલો છું. તારા પ્રત્યેક શ્વાસ સાથે મારે સંબંધ છે. જે ઘડીએ તું ભીતરમાં શ્વાસ લે છે એ સમયે આત્માને સ્પર્શ કરે છે. એક એક શ્વાસ કિંમતી છે, આથી તો શાસ્ત્રવાણી કહે છે કે જીવનમાં પળનો પણ પ્રમાદ કરવો નહીં. પણ બન્યું છે એવું કે આખું વર્ષ પ્રમાદ કરવો અને માત્ર આ આઠ દિવસોમાં જ ધર્મઆરાધના કરી લેવી. નવે બેડો પાર!

પ્રિય સાધક! આ દિવસોમાં તું દોડીને વહેલો ઉપાશ્રયમાં પહોંચી જાય

છે. આગળનું સ્થાન મેળવવા પડાપડી કરે છે. જરૂર પડે 'એડવાન્સ બુકિંગ' કરાવે છે! ઉપાશ્રયની ખીચોખીચ ભીડમાં વ્યાખ્યાનનું શ્રવણ કરે છે, પરંતુ શાસ્ત્રશ્રવણ કે વ્યાખ્યાન શ્રવણ એ માત્ર આ આઠ દિવસો સુધી જ મર્યાદિત! આઠ દિવસ બાદ તું કેટલી વાર શાસ્ત્રશ્રવણ માટે કે ગુરુવ્યાખ્યાન માટે જાય છે, તેનો મને જવાબ આપીશ ખરો?

મારા વહાલા સાધક! **સાધના તો સરળતા અને દિલની સચ્ચાઇ માગે છે.** આજે કેટલું બધું વાચાળ બની ગયું છે. ભીતરની સાધનાને બદલે બહારનો ઘોંઘાટ વધી ગયો છે અને સાધનાને નામે અહમ્‌નું પ્રદર્શન થવા લાગ્યું છે અને એ સમયે થોડા લોકો તારી વાહવાહ કરે અને તું એમ માને છે કે તેં મારી (પર્યુષણ પર્વની) ભારે ઉજવણી કરી. તું ધન્ય ધન્ય થઈ ગયો. ચોરે ચૌટે તારું નામ અને તારી વાહવાહ બોલાવા લાગી. પણ વહાલા સાધક, આ રીતે તને ઘુમતો જોઉં છું ત્યારે થાય છે કે ધર્મએ તો આત્માના આનંદની વાત કરી છે. મારા આગમનથી જાગતી ચિત્તની પ્રસન્નતાની વાત કરી છે અને એવી પ્રસન્નતા કે જે ક્યારેય જીવનમાંથી આથમતી નથી. આવી પ્રસન્નતા પામવા માટે તેં વિચાર કર્યો ખરો? **એવું નથી બન્યું ને કે સાધ્યને પકડવાને બદલે તું સાધનને જકડીને બેઠો છે.** આ સામાયિક, પ્રતિક્રમણ, જપ-તપ, ઉપવાસ, ક્ષમાપના એ સઘળાં સાધનો છે, સાધ્ય નથી.

એની પ્રાપ્તિ તો મારા નામમાં જ છે. પ્રાકૃત ભાષામાં મારું નામ 'પરિ-સમન્તાત્-ઉપાસના' એટલે કે સર્વથા આત્માની અથવા પરમાત્માની ઉપાસના કર. સાધક પોતાના અંતરમાં ડૂબકી મારીને એના આત્માનું નિરીક્ષણ કરે અને આત્માને પરમાત્મા સુધી લઈ જવાનો પ્રયત્ન કરે એ છે મારા નામનો સાચો અર્થ. શરીરની આસપાસ રહેતા માનવીને આત્માની ઓળખ આપીને એમને પરમાત્માની પાસે લાવીને ખડો કરવો એ છે મારું સાધ્ય. એ સાધ્યને પામવાનું છે, પરંતુ જે પામવાનું છે એનાથી તું દૂર રહે છે!

દેખાદેખી અને આડંબરની કથાઓમાં એટલો ડૂબી જાય છે કે તું મને જ ભૂલી જાય છે. આને કારણે તો તું વર્ષોવર્ષ પર્યુષણ કરે છે. પરંતુ જરા આત્માને પૂછી જો કે આ પર્યુષણથી તારા આત્માને કેટલી પ્રસન્નતા થઈ? જરા જાતને જાણી લે કે જીવન કેટલું પરમાત્મા તરફ વળ્યું? કોઇ અંતિમ સમયે રહેલા રોગિષ્ઠ માનવીને ઘરેણાંથી શણગારવાનો શો અર્થ? મારા આગમન સમયે તારે એ વિચાર કરવો જોઈએ કે તારા મનમાં ઘર કરી બેઠેલા કેટલાં રોગ ટળ્યાં? કારણ શું? કારણ એટલું જ કે મારા પર્યુષણ નામનો એક બીજો અર્થ છે 'પરિ-સમન્તાત્ ઉપશમન' એનો અર્થ એ કે કષાયો અને વિકારોનું સર્વપ્રકારે ઉપશમન કરવું.

જ્યારે મારું આગમન થઈ રહ્યું છે, ત્યારે તું જરા ચેકલિસ્ટ ખોલીને **જો તો ખરો કે અગાઉ જેટલો ક્રોધ હતો, એમાં કોઇ ઓછપ આવી છે ખરી? ગયા પર્યુષણ દરમિયાન લોભ ઓછો કરવાનો વિચાર કર્યો હતો, તે માત્ર વિચાર જ રહ્યો છે?** વર્ષ દરમિયાન શાસ્ત્રોનું કેટલું શ્રવણ કર્યું અને મનમાં ઉતાર્યાં, કે માત્ર ધનપ્રાપ્તિની દોડ જ દોડતા રહ્યા. કષાયો અને વિકારોનું સર્વપ્રકારે ઉપશમન કરવું એ છે મારો અર્થ અને એને માટે બાહ્ય અને આંતર તપશ્ચર્યા, અહિંસા, સત્ય આદિ મૂળવ્રતો.

મારા પ્રિય મુમુક્ષુ સાધક, તને કેટલાક એવા લોકો મળશે કે જે માત્ર પર્યુષણના દિવસોમાં જ જૈન હોય છે. કેટલાક એવા હોય છે કે જે માત્ર સાંવત્સરિક પ્રતિક્રમણ પૂરતાં ધર્મનાં વસ્ત્રો ધારણ કરે છે. કેટલાક એવા પણ છે કે જે માત્ર મહાવીર જયંતિએ આવતા હોય છે કે જેથી સારાં કપડાં પહેરી, સ્વજનોની મુલાકાત શક્ય બને. તને આશ્ચર્ય થશે, પણ કેટલાક એવા ય હોય છે કે જે માત્ર મહાવીર જયંતિના સાધર્મિક વાત્સલ્યો (ભોજન સમારંભ) પૂરતા જૈન હોય છે. એમને ન ધર્મસંસ્કાર સાથે નિસબત છે કે નથી સમજ જૈન સિદ્ધાંતોની કે પ્રભુ મહાવીરના જીવનની. આવા લોકોથી જેટલા દૂર રહેવાય તેટલું સારું. કારણકે એમને માટે પર્વ એ થોડા દિવસોની ટૂંકી ફિલ્મ છે. જીવનભર સાથે રહેનારો શ્વાસ નથી.

મારું સમાપન ક્ષમાપનામાં થાય છે, પણ એ **ક્ષમાપનામાં સચ્ચાઇની સુવાસ હોવી જોઈએ. એ ક્ષમાપના આપણો સ્વભાવ હોવો જોઈએ.** એ ક્ષમાપના સાત દિવસોની સાધનામાંથી નીકળતું સંગીત હોવું જોઈએ.

ત્યારે પ્રિય સાધક, હું આવું છું. પણ આ સઘળી બાબતોનો વિચાર કરજે. **સાચી ક્ષમાના પાવન ઝરણામાં ડૂબકી મારીને પાપી પણ પુણ્યશાળી બને છે** પરંતુ આડંબરયુક્ત ગતાનુગતિક ક્ષમામાં ડૂબકી મારીને માનવી એવો ને એવો જ પથ્થર જેવો રહે છે.

મારો આ પત્ર સાધનાના કાગળ પર લખું છું. એમાં ભાવનાથી ભરેલા અક્ષરો છે અને તે અહિંસાની લિપિમાં લખાયેલા છે. એને સ્નેહથી, પ્રેમથી, જાગૃતિથી, ભાવથી વાંચજે, એ જ મારી અભ્યર્થના અને અન્ય મુમુક્ષુ સાધકવૃંદને પત્ર વંચાવવાની સાથે મારા જય જિનેન્દ્ર સાથે સ્મરણ કહેજે.

***લિ.***
***સાધકપ્રિય***
***પર્યુષણ પર્વ***

## ૧૮ સપ્ટેમ્બર – વર્લ્ડ બામ્બૂ ડે

પ્રાસંગિક

# વાંસ : માનવીને કુદરતની અમૂલ્ય ભેટ

• આર્કિટેક્ટ, પાર્થ ઠક્કર •

*ઘણા જૂના સમયથી ગામડાંમાં દેશી નળિયાના ઘરો હતા. છતમાં નળિયા લગાવાતા. ઘરની ચારે બાજુની દીવાલ પર વડી - વંજીનો માંચડો ઊભો કરી તેના પર દેશી નળિયા બેસાડવામાં આવતા. આ વડી એટલે ૨'' કે ૩'' ડાયામિટરનું લાકડું અને વંજી એટલે વાંસ - બામ્બૂમાંથી ફાડિયા કરેલી પટ્ટીઓ. આ રીતે વાંસ - બામ્બૂ એ આપણા જીવન સાથે વર્ષોથી સંકળાયેલ જૈવિક પ્રોડક્ટ છે. ૧૯૨૭થી તે જંગલની વનસ્પતિની કેટેગરીમાં આવતું. તેથી તેને કાપવાથી વનસ્પતિનો નાશ કરવાના – ઝાડને કાપવાના ગુનામાં આવી જવાતું. વર્ષ ૨૦૦૬માં કાયદામાં સુધારો થયો. તેને ઘાસના જુથમાં હવે ગણવામાં આવે છે. તેથી તેને કાયદેસર કાપી શકાય છે. જંગલમાં રહેતા આદિવાસીઓનું આ એક આવકનું સાધન છે.*

*અનેક કચ્છી પાટીદારો બામ્બૂના વ્યવસાય સાથે વર્ષોથી સંકળાયેલા છે. તેમના રસનો આ વિષય છે.*

*આ વાંસ - બામ્બૂની ઉત્પત્તિને દર વર્ષે ૧૮ સપ્ટેમ્બરે ''વર્લ્ડ બામ્બૂ ડે'' તરીકે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે બામ્બૂ વિશે એક અભ્યાસપ્રદ લેખ આર્કિટેક્ટ શ્રી પાર્થ ઠક્કર દ્વારા આલેખવામાં આવેલ છે, જે અત્રે પ્રસ્તુત છે.*

*– તંત્રી મંડળ*

વાંસ, એ એક વિશિષ્ટ વનસ્પતિ છે. તે જૈવિક વર્ગીકરણમાં એક વિશાળ જાતનું ઘાસ છે. કાયદાની પરિભાષામાં તે નોન ટીમ્બર ફોરેસ્ટ પ્રોડ્યુસ છે. ૧૯૨૭ના ઈન્ડિયન ફોરેસ્ટ એક્ટ પ્રમાણે મેજર ફોરેસ્ટ પ્રોડ્યુસમાંથી માઈનોર ફોરેસ્ટ પ્રોડ્યુસ સુધી વાંસને પહોંચતા લગભગ ૮૦ વર્ષ વીત્યા (એમેન્ડમેન્ટ ૨૦૦૬). આપણા તંત્રની બલિહારી. માઈનોર ફોરેસ્ટ પ્રોડ્યુસ પર જંગલ ઉપર નભતી જનજાતિનો અધિકાર છે. આ અધિકાર તેમને તેમની આજીવિકા માટે વાંસનો ઉપયોગ કરવાની છૂટ આપે છે. આ તેમની આર્થિક સલામતી અને તેના દ્વારા શૈક્ષણિક અને સામાજિક વિકાસનું સાધન બની શકે છે.

ઘાસના વર્ગમાં આવતો વાંસ વિશિષ્ટ એટલા માટે છે કે તે અનેક પ્રકારના ઉપયોગો અને પર્યાવરણીય સમતોલન સાધવાની ક્ષમતા ધરાવે છે. ઘાસ હોવા છતાં લાકડાનો પર્યાય બની શકે છે. તેના દળ જેટલી જ બીજી કોઈ પણ વનસ્પતિ કરતાં તે વાતાવરણમાં ૩૫% ઓક્સિજન વધુ મુક્ત કરે છે. તેની ઉગવાની ઝડપ એટલી બધી છે કે કેટલાક વાંસ તો એક જ દિવસમાં એક મીટર જેટલા ઊંચા થઈ જાય છે. આમ તે બીજી કોઈ પણ વનસ્પતિ કરતાં પૃથ્વીને ઝડપથી હરિયાળી બનાવી શકે છે. અહીં વાંસના આર્થિક પાસાનો એક મહત્ત્વનો મુદ્દો ઉજાગર થાય છે. વાંસના પુષ્પ થવાનું વિકાસચક્ર ૩થી ૫ વર્ષનું હોય છે જ્યારે બીજા ઈમારતી લાકડાનું ઓછામાં ઓછું ૧૫થી ૨૫ વર્ષનું વિકાસચક્ર હોય છે. આમ તે બીજા લાકડાની સરખામણીમાં ઓછામાં ઓછો ચાર વખત ઉતાર આપે છે. આ ઉપરાંત ખરાબ થઈ ગયેલી જમીનને સુધારવામાં અને જમીનનું ધોવાણ અટકાવવામાં તે ઘણો મોટો ભાગ ભજવે છે. ગ્રીન કવરને ઝડપથી વધારીને અને તે રીતે અલ્ટ્રા વાયોલેટ કિરણોને અટકાવીને પૃથ્વીના તાપમાનને વધતું અટકાવે છે.

સાઈઝ પ્રમાણે નાના બાઉલમાં ઉગતા ૫થી ૧૦ સે.મી.ના મિનિએચર વાંસથી લઈને ૬૦ મીટર સુધીના ઊંચા જાયન્ટ વાંસની જાતિઓ વિશ્વના વિવિધ પ્રદેશોમાં થાય છે. વાંસ એ કુદરતે માનવીને આપેલી એક અનોખી ભેટ છે. જે પૃથ્વી પર ઉષ્ણ તેમજ સમશીતોષ્ણ કટિબંધમાં કોઈપણ વાતાવરણમાં પૂરતા પ્રમાણમાં પાણી મળે તો ઝડપથી વિકસે છે. વળી તે મધ્યમથી અતિ ભારે (૭૦થી ૬૦૦ સે.મી.) વરસાદવાળા હવામાનમાં પણ ટકી શકે છે અને સારી રીતે વિકસી શકે છે. જો તેનો આયોજનબદ્ધ - ખેત પેદાશની રીતે - વિકાસ કરવામાં આવે તો ખૂબ જ ઝડપથી વિકસે છે. જેમાં વાર્ષિક ધોરણે ક્રમબદ્ધ ક્યારાઓમાંથી પાક લઈ શકાય છે અને કાયમી આવક ઊભી કરી શકાય છે. પૃથ્વી પર લગભગ ૧૨૦૦થી વધુ જાતિના વાંસ થાય છે તેમાંથી ૧૩૬ જાતિના વાંસ ભારતમાં મળી આવે છે. પરંતુ તેમાં પણ આર્થિક રીતે વધુ ઉપયોગી જાતિઓ ફક્ત ૧૬ જેટલી જ છે.

આપણા દેશમાં લગભગ ૧,૧૦,૦૦,૦૦૦ (એક કરોડ દસ લાખ) હેક્ટર જમીન ઉપર વાંસની ઉપજ થાય છે. જ્યારે ચીનમાં તે વિસ્તાર લગભગ ૫૫,૦૦,૦૦૦ (પંચાવન લાખ) હેક્ટર

છે. તેમ છતાં વિશ્વ વેપારમાં આપણો હિસ્સો ફક્ત ૪% જ છે અને ચીનનો હિસ્સો ૮૫% જેટલો છે. આના કારણોમાં આપણા કાયદાઓની આંટીઘૂંટી, લોકોમાં જરૂર પૂરતી જાગૃતિનો અભાવ, હેક્ટરદીઠ ઉપજ વધારવા માટે સંશોધનનો અભાવ, સરકાર અને પ્રજાની આધુનિકતા તરફની આંધળી દોટ, વાંસના ક્ષેત્રમાં આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ તરફની ઉદાસીનતા જેવી ઘણી બાબતો જવાબદાર છે. જો કે છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. દક્ષિણ ભારતમાં એક સંસ્થાના પ્રયાસોના પરિણામ સ્વરૂપ જ આપણી જ એક વાંસની જાતિ (બામ્બુસા બાલ્કોઆ - બીમા બામ્બુ)ની આયોજનપૂર્વક ખેતી કરવામાં આવે તો ૧૦૦ ટન પ્રતિ હેક્ટરનો ઉતાર લઈ શકાયો છે. જો કે આ ઘણા જ આશ્ચર્યજનક પરિણામો છે. પરંતુ જંગલમાં કુદરતી રીતે ઉગતા તે જ જાતિના વાંસનો ઉતાર ૧ થી ૧.૫ ટન પ્રતિ હેક્ટર જ મળી શકે છે. આ એક સંવર્ધિત જાતિનો કિસ્સો ગણીએ તો પણ જંગલમાં કુદરતી રીતે ઉગતા વાંસનો સરેરાશ ઉતાર વધુમાં વધુ ૩થી ૫ ટન પ્રતિ હેક્ટર મળે છે, જ્યારે આયોજનપૂર્વક ખેતી કરવામાં આવે તો હેક્ટર દીઠ ૫થી ૧૨ ટન સુધી મેળવી શકાય છે.

આ તો થઈ તેની પેદાશ સંબંધી થોડી વાત. તેની હેરફેર પણ એક મહત્ત્વનો મુદ્દો છે. આગળ લેખની શરૂઆતમાં કહ્યું તેમ આપણા દેશમાં જંગલનો કાયદો અંગ્રેજોના સમયથી પ્રજા વિરોધી રહ્યો છે. તેમાં ઘણા બધા સુધારા આજ સુધી થયા છે. પરંતુ કેન્દ્ર અને રાજ્યોના અલગ અલગ કાયદા, તેના જુદા જુદા અર્થઘટન. વળી કોર્ટોના સમયાંતરે આવેલા ચુકાદા અને તેના અમલ! આ બધું સામાન્ય માણસ માટે સમજવું અને કાર્ય કરવું કઠિન બનાવે છે. વાંસની પેદાશ અને ઔદ્યોગિક ઉત્પાદનના સ્થળ સુધીની હેરફેર કાયદાની આંટીઘૂંટીને કારણે સમસ્યારૂપ બને છે.

વિશ્વના અન્ય દેશો જેવા કે જાપાન, ચીન તથા યુરોપ અને અમેરિકાના પાશ્ચાત્ય દેશોમાં વાંસની બનાવટો માટે, આધુનિક સમયને અનુરૂપ તેના ઉપયોગના સ્વરૂપ માટે ઘણું રચનાત્મક કામ થયું છે. તે માટે તેની આધુનિક બનાવટોનું ઔદ્યોગિક ઉત્પાદન કરવું જરૂરી હોય છે. અન્ય ક્ષેત્રોની જેમ અહીં પણ સરકારનું અને તેને પગલે ઉદ્યોગ સાહસિકોનું ઉદાસીન વલણ આ ક્ષેત્રના અપૂરતા વિકાસ માટે જવાબદાર ગણી શકાય. છેલ્લા વર્ષોમાં નવી કેન્દ્ર સરકારે કાયદામાં ઘણા સારા સુધારા કર્યા છે, જેથી વાંસના ઉત્પાદન અને હેરફેર સરળ બન્યા છે. ઉપરાંત બજેટલમાં પણ આ ક્ષેત્રના વિકાસ માટે મોટી રકમનું પ્રાવધાન કર્યું છે. હવે પ્રજામાંથી વાંસ ઉત્પાદકો, રચનાકારો તથા ઉદ્યોગ સાહસિકોએ આગળ આવીને સાનુકૂળ પરિસ્થિતિનો સદુપયોગ કરી આપણા દેશના આર્થિક તેમજ પર્યાવરણીય ક્ષેત્રમાં પોતાનું મહત્ત્વનું યોગદાન આપવું જોઈએ.

ગરીબ માણસ માટે લીલા સોના તરીકે ઓળખાતા વાંસનું અર્થતંત્ર આપણા દેશમાં એક અંદાજ પ્રમાણે લગભગ રૂા. ૫૦,૦૦૦ કરોડનું છે.

- આપણા દેશના લગભગ ૧% લોકો (૧.૨૫ કરોડ) સીધી રીતે વાંસ દ્વારા પોતાની આજીવિકા રળે છે.
- વિશ્વમાં આજે લગભગ ૧ અબજ લોકો વાંસના બનાવેલા ઘરોમાં રહે છે. વાંસના બનાવેલા ઘર ૯ની તીવ્રતાના ભૂકંપ સામે ટકી રહેવા માટે સક્ષમ છે.
- વાંસનો એક છોડ હવામાંથી લગભગ ૪૦૦ કિલો કાર્બન ડાયોક્સાઇડ શોષી લે છે.
- અમુક જાતિના વાંસનો ઉતાર પ્રતિ હેક્ટર ૨૨-૪૪ ટન સુધી મેળવી શકાય છે કે જે બીજા કોઈપણ ઈમારતી લાકડા કરતા ૨૫ ગણું છે.
- વિશ્વમાં વાંસના ૧૦૦૦થી વધુ ઉપયોગો નોંધાયેલા છે.
- દેશમાં વાંસના કુલ ઉત્પાદનના ૩૫%થી વધુ પેપર ઈન્ડસ્ટ્રીમાં વપરાય છે.
- આપણા દેશમાં વાંસના કુલ ઉત્પાદનના ૨૦% ગ્રામ્ય આવાસો તથા ૨૦% બીજા ગ્રામ્ય ઉપયોગમાં વપરાય છે.
- આપણા દેશમાં ઔદ્યોગિક સિવાયના બળતણમાં ૯% જેટલા વાંસનો ઉપયોગ થાય છે.
- આપણા દેશમાં વાંસના કુલ ઉત્પાદનના ફક્ત ૧%નો ફર્નિચર ઈન્ડસ્ટ્રીમાં ઉપયોગ થાય છે.
- આપણા દેશમાં વાંસના કુટીર ઉદ્યોગો જેવા કે અગરબત્તી, દિવાસળી, આઈસ્ક્રીમ સ્ટીક વગેરેનું કુલ કદ લગભગ રૂા. ૨૦૦૦ કરોડનું થવા જાય છે.
- ભારતમાં વાંસના કુલ ઉત્પાદનના ૬૬% હિસ્સો પૂર્વોત્તરના આઠ પહાડી રાજ્યોનો છે.
- ઉત્તર-પૂર્વના રાજ્યોમાં વાંસનો - ખાસ કરીને તેના તાજા ઉગેલા ખૂંટનો – ખોરાકમાં, સબ્જી અને અથાણાના સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વ્યંજન તરીકે ઉપયોગ થાય છે.
- વાંસના રેસામાંથી બનાવેલ કાપડની આજે અમેરિકા અને યુરોપના દેશોમાં ખૂબ જ માંગ છે કારણકે તે શરીર માટે સ્વાસ્થ્યપ્રદ અને આરામદાયક છે.
- વાંસના રેસા એટલા મજબૂત હોય છે કે વજન અને મજબૂતીના

ગુણોત્તરમાં તે સ્ટીલ કરતાં પણ વધુ મજબૂત પુરવાર થયેલ છે.

- વાંસમાંથી બનાવેલ વિનેગારમાં એન્ટી-બેક્ટેરિયલ ગુણધર્મ હોવાથી ચામડી તથા વાળના રોગોમાં ખૂબ જ લાભદાયી નીવડે છે.
- વાંસના છોડના દરેકે દરેક અંગ કોઈક ને કોઈક ઉપયોગમાં આવે જ છે. તેના તાજા ઉગેલા ખૂંટ - મૂળ સહિત ખાવાના ઉપયોગમાં, મૂળિયા અને સુકાયેલા પાન જમીનની ફળદ્રુપતા વધારે છે. થડ (પ્રકાંડ)ના તો ઘર બાંધવાના દરેક અંગમાં ઉપયોગ થાય છે. પાંદડા અને કાપવા તથા વેરવાના કામમાં નીકળતો કચરો કે ભૂકો કાગળના ઉદ્યોગમાં વપરાય છે. તેનો એક પણ કણ વ્યય નથી થતો. આમ, વાંસ એ આપણું કલ્પવૃક્ષ કહી શકાય.
- રોજબરોજની જીવન જરૂરિયાતની વસ્તુઓથી માંડીને અનેક ઉપયોગોમાં, રીત-રિવાજોમાં, લેખન, ચિત્ર, સંગીત અને યુધ્ધ જેવી કલાઓમાં, ગ્રામીણ અને કુટીર ઉદ્યોગોમાં વગેરે અનેક ઉપયોગના કારણે વાંસ એ સદીઓથી વિશ્વના ઘણા પ્રદેશોમાં ફક્ત એક છોડ કે ઘાસ ન રહેતાં સમગ્ર સંસ્કૃતિનો પર્યાય બનેલ છે.
- સમગ્ર વિશ્વનું મહાન જીવન સંગીત પણ વાંસમાંથી બનેલ વાંસળીમાંથી જ પેદા થાય છે. અને.... માનવીના મૃત્યુ બાદ અંતિમ સફર પણ વાંસના સહારે જ શરૂ થાય છે.

વાંસના વિષયમાં આટલું સામાન્ય જ્ઞાન મેળવ્યા પછી એ જાણવું પણ ખૂબ જરૂરી છે કે આપણા દેશમાં આ ક્ષેત્રના વિકાસ માટે ભરપૂર શક્યતા રહેલી છે. પરંતુ વિકાસ ન થઈ શકવાનું કારણ શું છે? તેમાં કયા અવરોધો છે અને તેને કેવી રીતે પાર કરી શકાય?

લેખની શરૂઆતમાં કહ્યું તેમ આપણો જંગલનો કાયદો જે અંગ્રેજોના સમયમાં ઇ.સ. ૧૯૨૭માં બનેલ હતો તે વિકાસમાં બેડી સમાન હતો. જો કે વખતો વખત થયેલ સુધારા અને છેલ્લે વર્ષ ૨૦૧૭માં કેન્દ્ર સરકારે તેને વિશાળ ઘાસની કેટેગરીમાં સ્થાન આપીને તેની હેરફેરની આડેનો અવરોધ દૂર કર્યો છે.

આ પછી મારી દૃષ્ટિએ જે ઘણો મોટો અવરોધ છે તે માનસિક છે. વાંસને આપણે ગરીબ માણસ માટેના લીલા સોનાની ઉપમા આપી છે. આથી તેને ગરીબ માણસ સિવાયનાએ કદાચ — ના ખરેખર — અછૂત ગણીને તેનાથી દૂરી બનાવી લીધી છે. સરકારમાં બેઠેલા લોક પ્રતિનિધિઓ, અધિકારીઓ, તજજ્ઞો, ઉદ્યોગ સાહસિકો દરેકે જાણે અજાણે કેટલાક અંશે વાંસ તરફ દુર્લક્ષ્ય સેવ્યું છે. અને એટલે જ આપણે વાંસને ટેકનોલોજીના ઉપયોગ દ્વારા આજના સમયને અનુરૂપ બનાવીને શહેરી પ્રજા કે જ્યાં વિશાળ બજાર મળે છે ત્યાં સુધી પહોંચાડવામાં નિષ્ફળ રહ્યા છીએ. કારણકે વાંસ એ લાકડું છે જ નહીં, તે લાકડાનો પર્યાય બની શકે છે. પરંતુ તે પહેલાં તેને કેટલીક વિશિષ્ટ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે, જેના માટે નિષ્ણાતોની, સાધનોની અને સંપત્તિની જરૂર પડે છે. તે હવે થવું જોઈશે.

- **વાંસના ક્ષેત્રના વિકાસ માટેનો દૃષ્ટિકોણ કેવો હોવો જોઈશે?**

૧. ગ્રામ્ય સ્તરે વાંસના ક્ષેત્રના વિકાસને નવા રોજગાર ઊભા કરવાના અને ગરીબી ઉન્મૂલનના સાધન તરીકે જોઈ શકાય. તે માટે લોકલ લેવલે સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર સ્થાપવા જોઈએ.

૨. વાંસના ક્ષેત્રમાં સંશોધન, આધુનિક ટેકનોલોજીના ઉપયોગ તથા આંતરરાષ્ટ્રીય સ્તરે આ ક્ષેત્રમાં કાર્યરત સંગઠનોની સહાય દ્વારા વાંસના અનેકવિધ ઉપયોગોને ઔદ્યોગિક ઉત્પાદન સુધી પહોંચાડી ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય બજારમાં ઘણું મોટું યોગદાન આપી શકાય.

૩. આપણે જાણીએ છીએ કે પર્યાવરણીય બાબતે વાંસ એક આશીર્વાદ સમાન છે. તે જમીનનું ધોવાણ થતું અટકાવીને ફળદ્રુપતા ટકાવી રાખે છે. જમીનનું તાપમાન વધતું અટકાવે છે અને હવામાં ઑક્સિજનનું સ્તર ઊંચું લાવે છે તે પણ ઝાડ-પાન કરતાં ઘણું ઝડપથી. આથી ઉદ્યોગોની જરૂરિયાત મુજબ જાતોનું વાવેતર કરીને વાંસને પર્યાવરણના જતનની સાથે સાથે વિકાસના એન્જિનનું ઇંધણ બનાવી શકાય.

***નોંધ :*** વાંસના અનેક ઉપયોગોનો વિષય એ એક આખા પુસ્તકની જગ્યા માંગે છે. માટે તેને અહીં સમાવી શકાય નહીં. આ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરે કાર્યરત કેટલીક સંસ્થાઓ છે.

INBAR – International Network for Bamboo & Ratten; WBO – World Bamboo Organization; BSAW – Bamboo Societies Around the World etc.

**આ ઉપરાંત વાંસના વિષયમાં વિશ્વ સ્તરે જાગૃતિ લાવવા માટે દર વર્ષે તા. ૧૮ સપ્ટેમ્બરે 'વર્લ્ડ બામ્બૂ ડે' ઉજવવામાં આવે છે.**

*કુદરતે માનવીને આપેલ આ વાંસ રૂપી અમૂલ્ય ભેટનો માનવી સમજપૂર્વકનો અને આયોજન પૂર્વકનો સદ્‌ઉપયોગ કરે તો માનવીએ સર્જેલ વિશ્વની સીકલ બદલી શકાય છે.*

***ડિઝાઇનર્સ વર્કશોપ,***
***૧૦૧૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે,***
***એલિસબ્રિજ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.***
***મો. ૯૪૨૬૦ ૮૦૫૬૫***

*With Best Compliments From*

***Exclusive Business Partner***

Lyson® DIGITAL INKJET INKS

aryan™

Aryan Trade World Pvt. Ltd.

**Mahesh Majithiya**
**+91 98 79 65 34 32**

**Vinit Majithiya**
**+91 98 25 72 11 43**

imagem
PRINT YOUR IMAGINATIONS...

# Imagem Print Solutions

**Ink, Toner Powder, Blades & Other Cartridge Parts,**
**Teflon Sleeves, Pressure Roller & Other Printer Parts,**
**Wide range of Compatible Toner & Ink Cartridges**

B/907, Fairdeal House, Opp. Jain Dairy,
Swastik Cross Road, Navnragpura, Ahmedabad-380 009.
**Ph. : (079) 66314291 ● E-mail : mailtoimagem@gmail.com**

કચ્છ

# કચ્છમાં સામાજિક આધુનિકતા વધી રહી છે ખરી?



હરેશ ધોળકિયા

સામાન્ય રીતે જ્યાં પ્રકૃતિ આધારિત વ્યવસાયો હોય છે, ત્યાં સમાજ રૂઢિચુસ્ત હોય છે. ખેતી, મત્સ્ય, પશુપાલન વગેરે વ્યવસાયો આવા વ્યવસાયોમાં આવે છે. તે વરસાદ, દરિયો વગેરે પર આધારિત હોય છે અને પ્રકૃતિ નિયમિત જ હોય એવું કહી ન શકાય. તેમાં પરિવર્તનો આવતાં હોય છે. તેથી તેને કારણે આ વ્યવસાયોમાં અનિશ્ચિતતા રહેતી હોય છે. આ વ્યવસાયોમાં વ્યક્તિ કે સમાજ એક જ જગ્યાએ રહેતો હોય છે. મોટાભાગે સ્થળાંતર કરતો નથી. એક બાજુ પ્રકૃતિ આધારિતતા હોય છે, તો બીજી બાજુ એક જગ્યાએ રહેવાનું હોય છે. તેથી તેમના જીવનમાં ગતિશીલતાનો અભાવ રહે છે. **તેથી આવો સમાજ સ્થગિત થઈ જતો હોય છે અને જે સમાજ સ્થગિત હોય છે, તે મોટાભાગે પરંપરાઓમાં વ્યસ્ત અને ગ્રસ્ત હોય છે. તે મોટાભાગે, બદલવા, પરિવર્તન પામવા, તૈયાર નથી હોતો.**

સમાજમાં બદલાહટ તો જ શક્ય થાય છે જો પ્રકૃતિ પર આધાર ઘટાડે અને એવા વ્યવસાય સ્વીકારે છે જેમાં પ્રકૃતિમાં પરિવર્તનો આવવા છતાં, તેના વ્યવસાયોને આંચ આવતી નથી. આવા વ્યવસાય તો કેવળ ઉદ્યોગોમાં જ શક્ય બને છે. વળી ઉદ્યોગોમાં કામ કરવા માટે વ્યક્તિએ અન્ય સ્થળે પણ જવું પડે છે. તેણે જરૂર પડે સ્થળાંતર કરવું પડે છે. એટલે જ્યાં જાય ત્યાં એણે અનુકૂળ થવું પડે છે. તેથી પણ તેણે સતત બદલાતા રહેવું પડે છે. જો ખેતીપ્રધાન કે પ્રકૃતિ આધારિત સમાજમાં ઔદ્યોગીકરણ આવે તો જ બદલાહટ શક્ય બને છે. વિશ્વમાં જ્યાં જ્યાં ઉદ્યોગો આવતા ગયા, ત્યાં ત્યાં સમાજ બદલાતો ગયો છે. આધુનિક થતો ગયો છે. જ્યાં જ્યાં આજે પણ ખેતીપ્રધાન સમાજ છે, ત્યાં તુલનાત્મક રીતે, હજી પણ સમાજ પરંપરાગત અને રૂઢિચુસ્ત રહ્યો છે.

કચ્છ સદીઓથી ખેતીપ્રધાન પ્રદેશ રહ્યો છે. સાથે પશુપાલન અને મત્સ્યોદ્યોગ પણ રહ્યાં છે. વળી કચ્છમાં વરસાદ અતિ અનિયમિત રહ્યો હોવાથી ખેતી પણ તકલીફભરી રહી છે. પાણીના અભાવે પશુપાલન પણ મુશ્કેલ રહે છે. તેથી આ કોઈ જ વ્યવસાયમાં પ્રગતિની શક્યતાઓ નથી રહેતી હોતી. તેમાં લોકો સમૃધ્ધ થઈ શકતા નથી. સતત પ્રકૃતિ સાથે લડતા રહે છે અને ગરીબ અથવા મધ્યમવર્ગી રહે છે. સતત અસલામતીમાં જીવે છે અને જે લોકો અસલામતીમાં હોય છે, તેઓ, મોટાભાગે પ્રારબ્ધવાદી લોકો બનતા હોય છે. આવા લોકો, સલામતી શોધવા રૂઢી અને પરંપરાને વળગી રહે છે. તેથી નવું સ્વીકારવા તૈયાર નથી થતા. કદાચ કોઈ તૈયાર થાય તો તેને સમાજનો ભારે વિરોધ સહન કરવો પડે છે. સમાજ સ્થગિત રહે છે. કચ્છમાં જ્યારથી પણ વસતિ વસી હશે, ત્યારથી આવી જ સ્થિતિ રહી હશે. અને માત્ર છેલ્લા પાંચસો વર્ષનો પણ અભ્યાસ કરીએ, તો દેખાશે કે આ સમય દરમ્યાન કચ્છમાં ક્યારે પણ ઉદ્યોગો આવ્યા જ નથી. રાવ લખપતજીએ ઔદ્યોગિકરણનો પ્રયાસ કરેલ, પણ તે મોટા પાયા પર ન થયું અને તેમના મૃત્યુ પછી બંધ થઈ ગયું અને ખેતી જ મહત્ત્વની રહી. સ્વતંત્રતા પછી નાના ઉદ્યોગો આવ્યા, પ્રયાસો થયા પણ તે માટે વાતાવરણ ન જામ્યું. પાણીનો અભાવ, લોકોમાં સાહસિકતાનો અભાવ, પ્રોત્સાહનનો અભાવ જેવા કારણોને લીધે ઔદ્યોગિકરણ આગળ જ ન વધ્યું. સાહસિક લોકો હતા તે પરદેશ ચાલ્યા ગયા. પરિણામે સમાજ મોટાભાગે નિષ્ક્રિય, પરંપરાગત અને જડ રહ્યો.

આ પરિસ્થિતિમાં પરિવર્તન આવવાની શરૂઆત એકવીસમી સદીની શરૂઆતમાં થઈ. આમ તો વીસમી સદીના છેલ્લા દાયકામાં મોટા ઉદ્યોગ આવવાની શરૂઆત તો થઈ, પણ ત્યારે હજી તે સ્થિર થતા હતા. પણ ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીના કચ્છમાં જે ભીષણ ભૂકંપ આવ્યો, તેણે સમગ્ર પરિસ્થિતિને પાયામાંથી બદલી નાખી. ભૂકંપના ભયાનક પરિણામોને ટાળવા સરકારે કચ્છમાં ઉદ્યોગો માટે “ટેક્સ હોલી ડે” જાહેર કર્યો. પરિણામે સમગ્ર દેશમાંથી મોટા ઉદ્યોગો કચ્છમાં આવવા આકર્ષાયા. ધીમે ધીમે પણ ચોક્કસ રીતે એક પછી એક ઉદ્યોગો આવતા ગયા અને સમગ્ર કચ્છમાં પથરાતા ગયા. **પંદર વર્ષમાં લગભગ ચારસો જેટલા ઉદ્યોગોનું માળખું ઊભું થયું છે.**

હવે સ્વાભાવિક છે કે ઉદ્યોગો આવે એટલે તેની સાથે પરિવર્તન આવે જ. ખેતીપ્રધાન સમાજમાં તો કેવળ સ્થાનિક

લોકો જ રહેતા હોય છે. બહારના લોકોનું આવાગમન બહુ જ ઓછું હોય છે. પણ જેવા ઉદ્યોગો આવવા શરૂ થાય કે તરત અન્ય લોકો આવવા શરૂ થાય છે. ઉદ્યોગોમાં તો નિષ્ણાતોની જરૂર પડે છે. પરંપરાગત સમાજમાંથી આવા નિષ્ણાત લોકો મળવા અશક્ય હોય છે. તેથી, સ્વાભાવિક રીતે, બહારથી જ લોકો લાવવા પડે છે અને ઉદ્યોગોમાં કામ કરવા લોકો પણ આકર્ષાતા હોય છે. તેથી પણ દૂર દૂરથી લોકો તેમાં કામ કરવા આવે છે. પરિણામે સ્થાનિક સમાજમાં પરપ્રાંતીય લોકો ભળવા લાગે છે. તેઓ પોતાની સાથે વિવિધ રિવાજો, વર્તન વગેરે લાવે છે જે આ સ્થાનિક સમાજ જુએ છે. તેને સમજવા પ્રયાસ કરે છે. આમ જૂના - નવા રિવાજો વગેરે સેળભેળ થવા લાગે છે. ખાસ કરીને જૂનો સમાજ હચમચી જાય છે. તેમાં પરિવર્તન આવવું શરૂ થાય છે. તેને પરંપરાઓની જગ્યાએ આધુનિકતા પણ સ્વીકારવી પડે છે. આ આવનાર લોકો સાથે અને ઉદ્યોગોમાં સ્થાન મેળવવા માટે હરીફાઈ કરવી પડે છે. તે માટે પણ નવાં પરિમાણો સ્વીકારવા પડે છે. તેથી આ સમાજમાં આધુનિકતાનો સ્પર્શ થવો શરૂ થાય છે.

આ સંદર્ભમાં તપાસ કરવાની જરૂર છે કે કચ્છના સમાજોમાં આ આધુનિકતા કેટલી આવી છે. તેનાં શું પરિણામો તે અનુભવે છે. આ બાબતે ખાસ કોઈ અભ્યાસ થયા નથી. કેવળ છાપામાં આવતા સમાચારો કે અવલોકનથી જ અનુમાન કરવું પડે છે. તદુપરાંત સમાજ સાથે જે લોકો કે સંસ્થાઓ કામ કરે છે તેમના અનુભવોથી પણ ખ્યાલ આવે છે. આ બધાના આધારે વિવિધ ક્ષેત્રે કચ્છમાં કોઈ પરિવર્તન આવ્યું છે અને આધુનિકતા આવી છે કે નહીં તે તપાસીએ.

ઔદ્યોગિકરણનો પહેલો સીધો પ્રભાવ કચ્છના શિક્ષણ જગત પર પડ્યો દેખાય છે. ૨૦૦૧ પહેલાં કચ્છમાં બહુ જ ઓછી માધ્યમિક શાળાઓ અને તેનાથી પણ ઓછી કૉલેજો હતી. હતી તે બધી સંસ્થાઓ પણ પરંપરાગત શિક્ષણ આપતી હતી. ભૂકંપ પછી થોડા જ સમયમાં કચ્છમાં યુનિવર્સિટી શરૂ કરવામાં આવી. સ્વાભાવિક છે કે આવનાર ઉદ્યોગોને નિષ્ણાતોની જરૂર હતી. તેને પોષવા વિશિષ્ટ અભ્યાસક્રમોની કૉલેજોની જરૂર હતી. યુનિવર્સિટી આવવાથી આ કૉલેજો સ્થાપવાને પ્રોત્સાહન મળ્યું. **સમગ્ર કચ્છમાં આવી ટેકનિકલ, મેડિકલ કે મેનેજમેન્ટની કોલેજો શરૂ થઈ છે અને તે શિક્ષણ લેનારાનું પ્રમાણ પણ વધતું જાય છે.** સમાંતરે, સરકારી અને અર્ધસરકારી માધ્યમિક શાળાઓ સાથે સ્વ-નિર્ભર શાળાઓ પણ શરૂ થઈ છે જે અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપે છે. માધ્યમિક શાળાઓની સંખ્યા પણ આ વર્ષો દરમ્યાન વધી ગઈ છે. નાના નાના ગામડાંઓમાં પણ આવી શાળાઓ આવવી શરૂ થઈ છે. તેથી શિક્ષણ લેનાર બાળકોની સંખ્યામાં વધારો થવા લાગ્યો છે. **લોકોમાં શિક્ષણની ભૂખ જાગી છે અને અજ્ઞાન કહેવાતાં વાલીઓ પણ તેમનાં બાળકોને આધુનિક શિક્ષણ અપાવવા લાગ્યા છે.** સમગ્ર કચ્છ શિક્ષણથી ધમધમે છે. ટેકનિકલ, મેડિકલ અને મેનેજમેન્ટના અભ્યાસક્રમોમાં પણ વિદ્યાર્થીઓ વધવા લાગ્યા છે. જાહેર પરીક્ષાઓમાં પણ હરીફાઈ કરવા વિદ્યાર્થીઓ સજ્જ થવા લાગ્યા છે. અંગ્રેજી, કમ્પ્યુટર જેવા વિષયોમાં રસ વધવા લાગ્યો છે. નાનામાં નાનાં કે સરહદ પરનાં ગામોમાં પણ કમ્પ્યુટર શીખવાની શરૂઆત થઈ છે. મહિલાઓ અને જૂના વ્યવસાયીઓ પણ તે શીખવા લાગ્યા છે. તેથી કોચીંગ પણ વધવા લાગ્યું છે. આમ શિક્ષણ પ્રત્યેની જાગૃતિ આ આધુનિકતા તરફ દોરે છે.

તેનો પ્રભાવ યુવાનો અને મહિલાઓ પર દેખાવો શરૂ થયો છે. યુવાનોમાં શિક્ષણ લેવાની વૃત્તિ વધી છે. આગળ, ખાસ કરીને ગામડાના યુવાનોને કહેવાય કે તેમણે શિક્ષણ લેવું જોઈએ, તો તેઓ હસતા અને બેદરકાર રહેતા. ભાગ્યે આ યુવાનો એસ.એસ.સી. સુધી પહોંચતા. પણ ઉદ્યોગો આવવાથી શિક્ષિતોની માંગ વધતાં હવે સ્વૈચ્છિક રીતે શાળા કૉલેજોમાં જવા લાગ્યા છે. તેમને પણ ઉદ્યોગોમાં મળતું વળતર આકર્ષે છે. ખેતી જેવા પરંપરાગત અને પારિવારિક વ્યવસાય છોડવાની તૈયારી બતાવે છે. **મહિલાઓ - છોકરીઓમાં પણ શિક્ષણ લેવાની ઇચ્છા અને તેના કારણે સંખ્યા વધતી જાય છે.** તેઓ પણ હવે છોકરાઓ સાથે હરીફાઈ કરવા લાગી છે. ક્યારેક તો એવું જોવા મળે છે કે છોકરાઓ કરતાં છોકરીઓની સંખ્યા વધતી જાય છે અને હરીફાઈમાં પણ તેઓ આગળ વધતી વધારે દેખાય છે. ઉદ્યોગોમાં અને અન્ય વ્યવસાયોમાં પણ મહિલાઓ હરીફાઈ કરવા લાગી છે. તેઓ હવે સ્થળાંતર કરવાની પણ તૈયારી બતાવે છે. તે માટે લગ્ન મોડાં કરવા પડે તો તેની પણ તૈયારી બતાવે છે. તેઓ પણ વિશિષ્ટ અભ્યાસક્રમોમાં જઈ રહી છે. આ પ્રક્રિયા ધીમી છે, પણ ગતિ પકડી રહી છે. તેનો પ્રભાવ કુટુંબ, લગ્ન, મહિલાની સ્વતંત્રતા વગેરે પર પડતો દેખાય છે. મહિલાઓમાં ક્રમશઃ જે આધુનિકતા આવવી શરૂ થઈ છે તે સમાજ પર બહુ મોટો પ્રભાવ પાડે છે.

ત્રીજું પરિવર્તન વ્યવસાયીક ક્ષેત્રે જોવા મળે છે. જ્યાં સુધી પ્રગતિ થઈ ન હતી, ત્યાં સુધી તો ગ્રામ્ય સમાજના યુવાનો મોટાભાગે પારંપરિક વ્યવસાયોને

જ વળગી રહેતા હતા. નોકરીમાં જતા હતા તે પણ જે શક્ય હતી તે નોકરીમાં જ જતા હતા અથવા તેનાથી જ સંતોષ માની લેતા હતા. સ્થળાંતર ઓછું હતું. આમાં પરિવર્તનની શરૂઆત ભૂકંપ પછી નહીં, પણ ૧૯૯૮-૯૯માં જે વાવાઝોડું આવ્યું તેના પછી તરત થઈ. ખેતીને ખૂબ નુકસાન થવાથી તે ત્યારે તો લગભગ ભાંગી પડ્યો. તેથી ત્યારે ખેડૂતોએ તેમના સંતાનોને ખેતીને બદલે ટ્રાન્સપોર્ટ વ્યવસાયમાં મૂકવાની શરૂઆત કરી. બહુ નાનું પરિવર્તન હતું, પણ શરૂઆત થઈ ગઈ. ભૂકંપ પછી તો વ્યાપક નુકસાન થયું. અનેક વ્યવસાયો હચમચી ગયા. તેમાં કામ કરતા વિચારમાં પડી ગયા. કેટલાયે તે વ્યવસાયો છોડી નવા વ્યવસાયોમાં ઝંપલાવવાનું શરૂ કર્યું. એવા પણ હતા જેમણે કચ્છ જ છોડી દીધું અને બહાર જઈ વ્યવસાય કરવા લાગ્યા. **કચ્છમાં ભૂકંપના કારણે અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ આવી. તેથી એક નવું જ ક્ષેત્ર વ્યવસાય માટે ખુલ્લું થયું. તેમાં પણ ઘણા – ખાસ કરીને ગ્રામ્ય યુવાનો જોડાયા.** અને જેમ જેમ ઉદ્યોગો આવતા ગયા, તેમ તેમ તે યુવાનો સામે એક નવી જ દિશા ખૂલી અને અનેક નવા વ્યવસાયો દેખાવા લાગ્યા. ઉદ્યોગોને મદદરૂપ એવા સહાયક વ્યવસાયો ઊભા થવા લાગ્યા. તેમાં પણ રોજગારીની તકો વધવા લાગી. તે દરમ્યાન યુનિવર્સિટી શરૂ થઈ. તેમાં નવા નવા અભ્યાસક્રમો શરૂ થયા. તેથી પણ નવા ક્ષેત્રોમાં જવાની શરૂઆત થઈ. આ ઉપરાંત મનોરંજન, મીડિયા, રમતગમત, શિક્ષણ વગેરેમાં વિકાસ થવા લાગ્યો અને તેમાં પણ માંગ ઊભી થવા લાગી. છેલ્લા કેટલાક વર્ષોથી કચ્છમાં પ્રવાસન ઉદ્યોગ વિકસવો શરૂ થયો છે અને તેમાં પણ અનેક યુવાનો કામ કરવા લાગ્યા છે. આમ, ભૂકંપ પછી વ્યવસાયિક જગતમાં ક્રાંતિકારી કહી શકાય તેવું વૈવિધ્ય આવ્યું છે જેનો લાભ યુવાનોને મળે છે. તેણે પણ યુવાનોને અદ્યતન અને આધુનિક થવાની ફરજ પાડી છે.

**ભૂકંપ પછી કચ્છમાં વાહન વ્યવહાર, સંદેશાવ્યવહાર વગેરેમાં ખૂબ ઝડપી વિકાસ થયો છે.** તેણે પણ લોકોને આધુનિક થવામાં ખૂબ મદદ કરી છે. ટી.વી., મોબાઈલ, ઈન્ટરનેટનો વપરાશ વધતો ગયો છે તેમ તેમ લોકો સામે વિશાળ જગત ઊભું થવા લાગ્યું છે. તેનો એક લાભ વ્યવસાયિક ક્ષેત્રે થયો છે. હવે તે પણ ઓનલાઈન થવા શરૂ થયા છે. **અરે, હસ્તકળામાં કામ કરતી કહેવાતી અભણ બહેનો પણ આ ઓનલાઇન વ્યવસાય કરે છે.** તે દ્વારા તે વિશાળ જગતના પરિચયમાં આવે છે અને તે તેમને પણ આધુનિક થવા પ્રેરે છે.

આ બધાં પરિબળોએ કચ્છના સમાજને આધુનિક થવાની ફરજ જ પાડી છે. તેણે કુટુંબ, જ્ઞાતિ, ધર્મ, પરંપરાઓ, બધા પર વ્યાપક અસર પાડી છે. આ બધામાં આધુનિકતા પ્રવેશી ગઈ છે. તેણે લોકોની જીવનશૈલી પર ગાઢ અસર પાડી છે. ઘરોમાં ટેકનોલોજી પ્રવેશી ગઈ છે. ગરીબ ઘરોમાં પણ આધુનિક સગવડો આવી ગઈ છે. ખુદ ઘરોમાં પણ પરિવર્તન આવી રહ્યાં છે. **શેરી કે ગલીઓ અદૃશ્ય થતાં જાય છે અને જૂની ફળિયા સંસ્કૃતિ પણ અદૃશ્ય થઈ ગઈ છે. તેની જગ્યાએ સોસાયટી કલ્ચર આવી ગયું છે.** તેણે સામૂહિક જીવનશૈલી પર ઊંડો પ્રભાવ પાડ્યો છે. ટી.વી., મોબાઈલ વગેરેએ લોકોને સ્વકેન્દ્રિત બનાવ્યા છે. તેથી આગળ જે સામાજિક સંપર્ક રહેતો, તે ઘટવા લાગ્યો છે. પણ સાથે ફેસબુક વગેરે આવતાં દૂરનો સંપર્ક વધવા લાગ્યો છે. આવા તો અનેક ફેરફારો સમાજમાં આવતા દેખાય છે.

પણ આધુનિકતા, હકીકતે, એક વલણ છે. બહારથી ટેકનોલોજી દ્વારા કે સગવડોના આધારે આધુનિક બનવું તો કદાચ સરળ છે, તે થયું પણ છે. પણ આધુનિકતા એક વિચાર છે, વલણ છે. તે સંદર્ભે સમાજ આધુનિક થયો છે કે નહીં તે પણ તપાસવાની જરૂર છે.

આધુનિક વલણ એટલે શું?

આધુનિક વલણ એટલે વૈજ્ઞાનિક રીતે વિચારવું અને જીવવાનો પ્રયાસ કરવો. વિકાસને અનુકૂળ રહેવું. આગળ કહ્યું તેમ પરંપરાગત સમાજ પ્રારબ્ધવાદી હતો. રિવાજોમાં અને સંકુચિતતાથી ગ્રસ્ત હતો. રૂઢિચુસ્ત હતો. સ્થગિત હતો. વૈજ્ઞાનિક ચિંતન આ બધાને પડકારે છે અને તેમાં પરિવર્તન લાવે છે. માત્ર સગવડોની દૃષ્ટિએ જ નહીં, પણ વિચારસરણીમાં પણ આધુનિકતા લાવે છે. એવું અહીં બન્યું છે?

સેંકડો વર્ષો પછી સમાજમાં પહેલી વાર પરિવર્તન આવી રહ્યું છે. પહેલીવાર સમાજ બદલાઈ રહ્યો છે. તેનો આ શરૂઆતનો તબક્કો હોવાથી તે એક સંક્રાંતિકાળમાંથી પસાર થઈ રહ્યો છે અને સંક્રાંતિકાળમાંથી જ્યારે પણ કોઇ વ્યક્તિ કે સમાજ પસાર થાય, ત્યારે તે ગુંચવાઈ જાય છે. યુરોપમાં પણ જ્યારે ઔદ્યોગિક ક્રાંતિ આવી ત્યારે શરૂઆતમાં પણ આવું જ બનેલ. અરે, થોડા વર્ષો પહેલાં વૈશ્વિકરણની પ્રક્રિયા શરૂ થઈ,ત્યારે પણ વિશ્વના સમાજો હચમચી ગયા હતા. **આધુનિકરણની પ્રક્રિયામાં ધર્મો સૌથી વધારે હચમચી ગયા છે. તેના તો પાયા હલવા માંડ્યા છે. કચ્છ આ તબક્કામાંથી જ પસાર થઈ રહ્યું છે. એટલે તે પણ ગુંચવણમાંથી પસાર થઈ રહ્યું છે તે જોઈ શકાય છે.**

પ્રથમ બાહ્ય ગુંચવણ જોઈએ.

સામાન્ય રીતે કચ્છમાં ગરીબ અને મધ્યમવર્ગીય સમાજ રહ્યો છે. સમૃધ્ધિ સમાજના બહુ જ ઓછા લોકોમાં હતી. મોટાભાગનો સમાજ તો અભાવગ્રસ્ત રહ્યો છે. આર્થિક અને ટેકનોલોજીકલ – બંને રીતે. પણ કચ્છમાં ઉદ્યોગો પ્રવેશ્યા પછી અચાનક જે પૈસો પ્રવેશ્યો તેણે વ્યાપક પ્રભાવ ઊભો કર્યો છે. ખેડૂતોએ જમીન વેચી અને પુષ્કળ પૈસા મેળવ્યા. ઉદ્યોગોમાં જનારની આવક વધી. ઉદ્યોગોને સહાયક કાર્યોમાં પણ કામ કરનારની આવક વધવા લાગી. વધારે શિક્ષણ લેનારની આવક પણ વધી. **આમ, થોડા વર્ષો પહેલાં જે મોટાભાગના મધ્યમવર્ગી કે ગરીબ પણ હતા, તેમની આવક અચાનક વધી ગઈ.** તેમણે તો તે જોઈ ન હતી. પ્રથમવાર તેમના હાથમાં પૈસો આવતો હતો. તેમને ખબર ન હતી કે પૈસો કેમ વપરાય યા બચાવાય. અભાવગ્રસ્તતા તેમને હેરાન કરતી હતી. સમજનો અભાવ હતો. તેના પરિણામે પૈસો હાથમાં આવતા જ જે જે તેમની પાસે ન હતું, તે બધું જ મેળવવાના પ્રયાસ શરૂ થયા. મકાન, વાહનો, સગવડો, ફાર્મ હાઉસ વગેરે વધવા લાગ્યા. નવા પૈસાદારો બનેલા પાસે સમજનો અભાવ. તેથી આડેધડ પૈસો વપરાવા લાગ્યો. બાકીનો સમાજ તેમને જોઈ તુલનાત્મક વિચારવા લાગ્યો. આમ હરીફાઈ શરૂ થઈ. આવેલ પૈસો કેટલો યોગ્ય માર્ગે જાય છે તે સવાલ ઊભો થયો. દેખાદેખીએ મધ્યમ વર્ગને તાણમાં નાખી દીધો. યુવાનોમાં અચાનક સગવડોની માંગ વધી ગઈ. તે મેળવવા તે ગમે તે કરવા તૈયાર થવા લાગ્યા. તેનો પ્રભાવ કુટુંબો પર પડવા લાગ્યો. મોટાભાગના કુટુંબો આર્થિક રીતે તાણમાં આવી ગયા છે. સગવડો તો જોઈએ જ એ માન્યતાએ ઉધારી વધી છે. તે ચૂકવવા પૈસા કેમ મેળવવા તે ચિંતાનો વિષય બની ગયો છે. આ તાણ એક બાજુ હતાશા જન્માવે છે તો બીજી બાજુ હિંસાને જન્મ આપે છે. પૈસા મેળવવા સજ્જ થવું પડે. તે માટે મહેનત કરવી પડે. મોટાભાગના તે નથી કરી શકતા. તેની પણ તાણ ભોગવે છે. એક વિષચક્ર ઊભું થયું છે.

ઔદ્યોગિક સમાજ એક વિશિષ્ટ મેનેજરિયલ નેતૃત્વ માંગે છે. તે વિશિષ્ટ તાલીમ માંગે છે. આવું નેતૃત્વ જો ન મળે તો સમાજ મૂંઝવણમાં મૂકાય છે. **કચ્છ તો આમ પણ નેતૃત્વ બાબતે સદીઓથી નબળું રહ્યું છે. સ્વતંત્રતા પછી પણ એ જ સ્થિતિ રહી છે. સમગ્ર કચ્છને માર્ગદર્શન આપી શકે તેવો કોઈ જ નેતા અહીં નથી થયો. આજે પણ નથી. રાજકીય નેતૃત્વ તો પક્ષીય હોય છે. તે સમગ્રતાને સમજી નથી શકતું અને પક્ષીય સંકુચિતતા પર જ આધારિત રહે છે. એટલે તે આધુનિક કચ્છને માર્ગદર્શન પૂરું પાડી શકતું નથી અને નેતા વગર કચ્છનું પ્રતિનિધિત્વ નબળું રહે છે. તેથી રાજ્ય કે કેન્દ્ર કક્ષાએ કચ્છને મહત્ત્વ નથી મળતું. તેથી અનેક વિકાસ યોજનાઓથી તે વંચિત રહી જાય છે.** સહજ રીતે જે આધુનિકતા આવે છે તેને આ નેતાઓ યોગ્ય માર્ગદર્શન આપી શકતા નથી. અને સમાજ તો નેતા આધારિત છે. તેના વિના તે યોગ્ય કામ કરી શકતો નથી. એટલે આધુનિકતા વચ્ચે પણ પ્રદેશ પછાત રહે છે. આધુનિકતાની ગતિ સતત ધીમી રહે છે. વર્તમાન નેતાઓ પોતે નેતૃત્વ લઈ શકતા નથી. તેથી જૂના નેતાઓને યાદ કરે છે. તેમના પર વધારે પડતા આધારિત રહેવાથી પણ નવું નેતૃત્વ નથી આવતું. નેતૃત્વહીન સમાજ ગુંચવણમાં રહે છે. તેનો પ્રભાવ વિકાસ પર પણ પડ્યા કેર છે. આંશિક કાર્યો કે વિકાસ થાય છે, પણ લાંબાગાળાનો વિઝનરી વિકાસ નથી થઈ શકતો.

આગળ કહ્યું તેમ મોટાભાગના લોકો રૂઢિચુસ્ત હોય છે. પ્રારબ્ધવાદી હોવાથી હંમેશા સલામતી પહેલી શોધે છે. રૂઢિઓમાં તે તેમને મળે છે. શાસ્ત્રવચનો પર આધારીત રહી જાતે નિર્ણય લેવાની હિંમત નથી કરતા અને ટાળે છે અને નવી બાબતો શાસ્ત્રોમાં છે નહીં. તેથી તેનો જલ્દીથી સ્વીકાર કરી શકાતો નથી. વિરોધ કરે છે. તેથી આધુનિકતા અને આ પુરાણા ખ્યાલો વચ્ચે સતત સંઘર્ષ થાય છે. એટલે રૂઢિચુસ્તો - પરંપરાવાદીઓ – તે ટાળવા વધારે રૂઢિચુસ્તતા તરફ જાય છે. તેના પરિણામે જૂના ખ્યાલોને વળગે છે. તેને વધારે મહત્ત્વ આપે છે. આ પણ થતું દેખાય છે. **એક બાજુ આધુનિકતા અને વિશાળતા દેખાય છે, તો બીજી બાજુ જ્ઞાતિવાદ, જાતિવાદ, ધાર્મિકતાનો અતિરેક પણ વધતાં દેખાય છે.** છાપાં વગેરે પર નજર કરીએ તો આ પરિબળો વધતા દેખાય છે. તેનો આશ્રય લઈ સલામતી શોધવાના પ્રયાસ થતા દેખાય છે. વધતી વિશાળતાને રોકવા કોમવાદ વગેરે પણ ભડકાવવામાં આવે છે. જાતિવાદને મહત્ત્વ આપવામાં આવે છે. આગળ પછાત રહેલા અને આજે આગળ વધતા લોકોને પણ હેરાન કરી પાછળ રાખવાના પૂરા પ્રયાસ થાય છે. તો તેઓ પણ આક્રમક થઈ આગળ વધવા પ્રયાસ કરે છે. આમ સમાજમાં વિભાજિતતા વધતી દેખાય છે. અસલામતીનો પ્રભાવ રહેઠાણ વ્યવસ્થા પર પણ પડે છે. જ્ઞાતિવાદી કે ધર્મવાદી રહેઠાણના વિસ્તારોનું પ્રમાણ વધતું દેખાય છે. પરંપરાવાદીઓ યુવાનો અને સ્ત્રીઓ પર થાય તેટલા નિયંત્રણો મૂકવાનો પ્રયાસ કરે છે. નથી ફાવતા એટલે રઘવાયા થાય છે. આમ, એક બાજુ આધુનિકતા વધે છે

અને બીજી બાજુ વૈશ્વિકતા વધે છે. આ ન સમજી શકવાથી અને સહન ન થવાથી સમાજ વધારે ગુંચવાતો જાય છે, સંકુચિત થતો જાય છે અને સંકુચિત રહેવું પોષાય તેમ નથી. એટલે ત્રિશંકુ અને અસ્વસ્થ રહે છે.

આધુનિકતા વિચાર સ્વાવલંબન માંગે છે. સમાજ મોટાભાગે શાસ્ત્ર આધારિત છે. તેથી તાર્કિક નથી વિચારી શકતો. તેથી પણ ગુંચવણ રહે છે. **ધાર્મિક વડાઓ જૂની વાતોને વ્યર્થ મહત્ત્વ આપી ગુંચવણમાં વધારો કરે છે. યુવાનોને તે પસંદ નથી પણ કુટુંબો હજી પૂરાં આધુનિક નથી. તેથી બે પેઢી વચ્ચે પણ સૂક્ષ્મ સંઘર્ષ ચાલે છે. તેમાં, ખાસ કરીને, સ્ત્રીઓને વધારે સહન કરવું પડે છે.**

વળી, દિનપ્રતિદિન સમાજનું સરકારીકરણ અને બજારીકરણ વધતું જાય છે. તેમાં વિચાર અને પ્રચાર આધારિત થઈ જાય છે. તે પણ વિચાર કરવામાં આડખીલીરૂપ થઈ જાય છે. આ પણ ગુંચવણ વધારે છે.

આમ, ભૂકંપ પછી કચ્છમાં જે ઔદ્યોગિકરણના કારણે વિકાસ થયો છે, તેણે અનેક ફાયદા કર્યા છે. વિકાસના દરવાજા ખોલી નાખ્યા છે. વિશ્વના સમાજ સાથે રહેવાની તકો ઊભી કરી છે. પણ તે સાથે સમાંતરે જે આધુનિકતાનું વલણ કેળવાવું જોઈએ તેની તાલીમનો અભાવ છે. તેના સ્વીકારની ઝડપ ઓછી છે. **કમનસીબે છેલ્લાં થોડાં વર્ષોથી સંસ્કૃતિ જાળવણીના નામે પરંપરાને જે વ્યર્થ મહત્ત્વ અપાય છે તે પણ હેરાન કરે છે.** યુવાનોની દિશા ખોટી થઈ જાય છે. વ્યર્થ ઝનુન વધે છે. રૂઢિચુસ્તોને મદદ કરે છે. આ વિકાસને આડખીલીરૂપ બને છે.

ટૂંકમાં, કચ્છનો સમાજ પણ એક ક્રોસરોડ પર છે. બે પગલાં આગળ પણ વધે છે અને વિકાસનો લાભ પણ મેળવે છે. તો ક્યારેક અચાનક રૂઢિચુસ્તતા વચ્ચે આવે છે અને વિકાસને ધક્કો વાગે છે અને તેની ગતિ ધીમી પડે છે. અલબત્ત, બાહ્ય વિકાસ તો ખૂબ ઝડપથી વધે છે. માળખાકીય વિકાસ તો સરસ થાય છે પણ વલણ સંદર્ભમાં ગતિ ધીમી રહે છે. ઉદ્યોગો અને શિક્ષણ, સંભવ છે, તે ગતિને વેગ આપશે, પણ લોકો પોતે જ જેટલા જાગૃત થશે તેમ તેમ સમતુલિત વિકાસ – બાહ્ય અને માનસિક અને બૌધ્ધિક – થશે જે સમાજને સ્વસ્થ રાખવામાં મદદરૂપ બનશે અને સમગ્ર સમાજને વિકાસના ફળ મળવા શરૂ થશે. આ સમાજ જ વૈશ્વિક કક્ષાનો બની શકશે. બનશે ચોક્કસ, પણ ગુંચવણો જેટલી ઝડપથી દૂર કરવાનો પ્રયાસ થશે તે સંદર્ભમાં તેની ગતિનો આધાર રહેશે. **આધુનિકતા અને વિકાસ આવશે તો અવશ્ય, પણ આની જવાબદારી સમાજના વિચારકો અને મહાજનો પર છે. તેઓ જેટલું ઉત્તમ નેતૃત્વ પૂરું પાડશે, તેટલી આ બધી પ્રક્રિયા ઝડપી થશે.**

*શ્રી હરેશ ધોળકિયા લેખિત*
*"કચ્છ : ગઈકાલ અને આજ"માંથી સાભાર*

## માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"ના લવાજમ અંગે ખાસ અપીલ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની એક મીટિંગ શનિવાર, તા. ૨૧-૭-૨૦૧૮ના રોજ મળેલ હતી. આ મીટિંગમાં નક્કી થયા મુજબ સપ્ટેમ્બર-૨૦૧૮ના અંકથી માત્ર લવાજમ ભરનાર મહાનુભાવોને જ 'કચ્છશ્રુતિ'ના અંકો મોકલી આપવામાં આવશે.

એ સિવાય અન્ય લોકો, કે જેઓએ અત્યાર સુધી પોતાના લવાજમ ના મોકલેલ હોય, તેઓને વહેલી તકે પોતાના લવાજમ સમાજની ઑફિસ પર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે. વર્ષ ૧૯૯૬થી વર્ષ ૨૦૧૨ની વચ્ચે જેઓએ ડિપોઝિટના રૂા. ૩૦૦ / રૂા. ૫૦૦ ભરેલ હોય, તેઓને પણ પોતાના લવાજમ મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

*'કચ્છશ્રુતિ'ના પ્રવર્તમાન લવાજમના દરો નીચે મુજબ છે.*

- **બે વર્ષનું લવાજમ : રૂા. ૫૦૦/-**
- **પાંચ વર્ષનું લવાજમ : રૂા. ૧,૦૦૦/-**
- **આજીવન (પંદર વર્ષનું) લવાજમ : રૂા. ૧,૫૦૦/-**

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**




# ઝાડ હોય કે ડાળ,
# શાર્પેક્સ કરે શ્રેષ્ઠ દેખભાળ !

**શાર્પેક્સની શ્રેષ્ઠ ક્વૉલિટીની ડાળી કાપવાની કાતરોથી આંબો, બોર, લિંબૂની ડાળીઓ ખૂબ સરળતાથી અને ઝડપી કાપાય છે. જેના સારા કટીંગ અને ફીનીશીંગ સાથે ઝાડમાં સડો, જીવડા થવાની અથવા ફૂગ લાગવાની સમસ્યા રહેતી નથી.**

**શાર્પેક્સના આધુનિક મશીનોથી નિલગિરિ, સુબાબુલ અને મીલીયા દુબિયાના ઝાડ ૧૦૦ ગણી ઝડપથી કાપી શકાય છે.**

**નકામી ડાળીમાંથી સરળતાથી ખાતર બનાવતા ચીપર, શ્રેડર અને ઝડપથી ખાડા ખોદવાના મશીનો પણ ઉપલબ્ધ.**



બ્રાંચ કટર




પેટ્રોલ ચેઈન સો



TRITON

ગ્રીન વેસ્ટ શ્રેડર

**શોરૂમ :** શાર્પેક્સ શોપ, 105, આરોહી કોમ્પ્લેક્સ, વર્લ્ડ ઑફ ટાઈટનની ઉપર, રસરંજનની પાસે, વિજય ચાર રસ્તા, અમદાવાદ.

**ફેક્ટરી :** પ્લોટ નં 1-5, એલ ટાઈપ એસ્ટેટ, જી.આઈ.ડી.સી, ઓઢવ,અમદાવાદ, 382 415, ગુજરાત. Toll-free: **1800-313-3303 | +91-9998333933**

*પ્રાસંગિક*

# ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કોલેજનો લલકાર લહેરાયો લાલ કિલ્લે – (૨)



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

ભુજની શ્રી રામજી રવજી લાલન કૉલેજમાં શૈક્ષણિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિશેના રસપ્રદ અહેવાલો કૉલેજ મેગેઝિન "ઑજસ"માં પ્રતિવર્ષ તસવીરો સાથે રજૂ કરવામાં આવતા હતા. આજે પણ અનેક વિદ્યાર્થીઓએ "ઑજસ" જાળવેલું છે. જે ખૂબ આનંદ અને ગૌરવની બાબત છે. પ્રાગમહેલ સ્થિત કૉલેજમાં ઇ.સ. ૧૯૫૬થી ઓક્ટોબર ૧૯૫૯ સુધી અને ત્યારબાદ નૂતન આવાસમાં અભ્યાસ કરવાનો લહાવો મળ્યો. તે સમય દરમિયાન કદાપિ વિસરાય નહીં તેવા અનુભવોના સંભારણાં વાગોળવાની ખૂબ મજા પડે છે.



*શ્રી આર.આર. લાલન કૉલેજ - ભુજ*
*ભૂકંપ પહેલાની તસવીર (ઇ.સ. ૧૯૫૯થી ૨૫ જાન્યુઆરી, ૨૦૦૧)*

ભુજના પબુરાઇ ફળિયામાં કૉલેજની બોય્ઝ હોસ્ટેલ હતી. પબુરાઈ ચોક કે જ્યાં નવરાત્રીના સમયે ગરબી થતી ત્યાં શ્રી ગોડજીભાઈ જાડેજાના મકાનમાં પ્રિન્સિપાલ વાય.ડી. ભાવે રહેતા હતા. કહેવાય છે કે લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકાર શ્રી સિતાંશુ યશચંદ્ર વર્ષો પહેલાં અત્રે રહેલા. કૉલેજની બોય્ઝ હોસ્ટેલના રેક્ટર તરીકે અંગ્રેજીના પ્રોફેસર શ્રી જે.એન. શુક્લ હતા. ખૂબ પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા હતા.

ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશભાઈ રૂપશંકર મહેતા, શ્રી અનંતભાઈ દવે (માજી સાંસદ), શ્રી કિશોરભાઈ જોશી (સ્વાતંત્ર્ય સેનાની કાકુભાઈના પુત્ર) માંડવીથી અભ્યાસ અર્થે આવી આ હોસ્ટેલમાં જ રહેતા હતા. રેક્ટર પ્રા. શુક્લ સાહેબને શેર-શાયરી-ગઝલો ગાવાનો ખૂબ જ શોખ હતો. તેઓશ્રી હાર્મોનિયમ પણ ખૂબ સરસ વગાડતા હતા. અમારું ઘર તે હોસ્ટેલની સમીપમાં હતું. અવારનવાર રાત્રે ૧૦થી ૨ વાગ્યા લગી ત્યાં સંગીતની મહેફિલ જામતી હતી. મને પણ ગાવા તથા તબલા વાદનનો શોખ હતો. મારા ભાઈ ડૉ. ઉપેન્દ્ર ભટ્ટ હાર્મોનિયમ વગાડતા. રાત્રે ચા-પાણી નાસ્તો ખરો!! જ્યારે શુક્લ સાહેબ હાર્મોનિયમ વગાડી બુલંદ અવાજે ગાય ત્યારે સૌ "વાહ સાબ વાહ" – "દુબારા દુબારા"થી તેમને ખાસ પ્રોત્સાહિત કરતા હતા. પ્રિન્સિપાલ ભાવે સાહેબને સૂરો કાને અથડાતાં, તેઓશ્રી પણ રાત્રે ૧૨ વાગે હોસ્ટેલમાં પધારેલા.




*ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશભાઈ મહેતા*

હોસ્ટેલના ચોકીદાર શ્રી હાસમભાઈ જુણેજા હતા. સર્પદંશથી તેમનું નિધન થયા બાદ તેમના પુત્ર ઇસ્માઇલ ચોકીદાર બન્યા હતા. જેમણે ઘોડાગાડી વસાવેલી.

લાલન કૉલેજમાં યુનિયનના ઉદ્‌ઘાટન તથા વાર્ષિકોત્સવના પ્રસંગે સ્વાગત ગીતમાં મારી સાથે કોકીલાબેન દેસાઇ, પુષ્પાબેન વરૂ તથા નલીનીબેન દેસાઇ રહેતા. એ સમયે દરબારગઢમાં દુકાનધારી પૂંજાના માઈક વખણાતા. સ્વાગત ગીતના રચયિતા અમારા સંસ્કૃત ભાષાના પ્રોફેસર તિલોત્તમાબેન દેસાઈ હતા. સ્વાગત ગીત આ મુજબ હતું :

*મધુર મનોહર અતીવ સુંદર*
*આ સર્વ વિદ્યાની રાજધાની*
*આ બધાથી ન્યારી લાલન*
*સુજ્ઞાન, ધર્મ, સત્ય પાલન*
*વસી છે રાજભવનની અંદર*
*આ સર્વ વિદ્યાની રાજધાની...*

તે સમયે ગુજરાત યુનિવર્સિટી - અમદાવાદ દ્વારા પ્રતિ વર્ષ આંતર કોલેજ સાંસ્કૃતિક મહોત્સવો યોજાતા હતા. ઇ.સ.



*ભુજના ટાઉનહોલમાં લાલન કૉલેજના વાર્ષિકોત્સવ પ્રસંગે જી.એસ. ગુરુભા સોઢા (ડાબી તરફ) તથા ફાઈન આર્ટસ ચેરમેન પ્રા. સૂર્યકાંત ભટ્ટ*



*કૉલેજના એક સમયના જી.એસ. શ્રી પી.યુ. અસનાની*

૧૯૫૮-૧૯૫૯માં સમૂહ ગીત સ્પર્ધામાં ભાગ લેવા અમારું એક ગ્રુપ અમદાવાદ ગયેલું. સમૂહ ગીતને શબ્દદેહ આપ્યો હતો અમારા ગુજરાતી વિષયના પ્રોફેસર શ્રી રમેશભાઈ મહાદેવભાઈ શુક્લ સાહેબે. – “ચાલ ભલા જઈએ પેલે પાર – રે કોણ એ બોલ્યું નાવ ધીરી હંકાર....”

અમારા ગ્રુપ લીડર ફાઈન આર્ટસના સેક્રેટરી શ્રી મોહનભાઈ નાનચંદ શાહ હતા. મારી સાથે શ્રી નિરંજન અંતાણી, શ્રી હસમુખ મહેતા, શ્રી ઈબ્રાહીમ રાયમા, કુ. નિવેદીતા વોરા, કુ. નલીની પી. શાહ, કુ. રજની દોશી, કુ. પંકજ શાહ ગાયક કલાકારો તરીકે હતા જ્યારે વાદકોમાં શ્રી ધનેશ્વર પંડ્યા, શ્રી ગોવિંદ સોમૈયા, શ્રી રાણા હતા. ૩૫ કૉલેજો વચ્ચેની સ્પર્ધામાં અમારો દ્વિતીય ક્રમાંક આવ્યો હતો. સમૂહ ગીતમાં પ્રથમ સ્થાને ગુજરાત કૉલેજ આવી હતી. પ્રા. કવિશ્રી નિરંજન ભગતની સ્વર રચના “રે આજ અષાઢ આયો” બખૂબીથી તેઓએ રજૂ કરી હતી. કૉલેજ કાળનો આ અનેરો પ્રસંગ ખૂબ યાદ આવે છે.


લાલન કૉલેજમાં મ્યુઝિકલ મોર્નિંગ, સાંધ્ય સંગીત, મુશાયરા, ફીશપોન્ડ, ચતુરોનો ચોતરો જેવા અનેક યાદગાર કાર્યક્રમો આયોજિત થતા હતા. ક્યારેક આકાશવાણી અને ફિલ્મના કલાકારોને પ્રસંગોપાત નિમંત્રણ પણ અપાતા હતા. ગાયક કલાકારો કૌમુદી મુન્શી, સરોજ ગુંદાણી, ગૌરાંગ વ્યાસ આદિએ લાભ આપેલો – તે સ્મૃતિમાં છે.

એક સમયે ગુજરાતના સુપ્રસિધ્ધ હાસ્ય લેખક માંડવી (કચ્છ) કૉલેજના પ્રિન્સિપાલ શ્રી જ્યોતિન્દ્ર દવેએ “ચતુરોના ચોતરા”નું અત્યંત લાક્ષણિક અદાથી સુચારૂ સંચાલન કર્યું હતું. કવિવર શ્રી અમૃત ઘાયલ, મુ. કવિ શ્રી ઉમાશંકર જોશી, શ્રી મનસુખલાલ ઝવેરી, કવિશ્રી માધવ રામાનુજ, શ્રી સુરેશ જોશી, કાકા હાથરસી, શ્રી દુલેરાય કારાણી, શ્રી યશવંત શુક્લ આદિ મહાનુભાવો પધાર્યા હતા.

કૉલેજનું વિદ્યાર્થી યુનિયન વાર્ષિક ટ્રીપ પણ યોજતું હતું. ટપકેશ્વરી, લેર ડૅમ તથા હનુમાન, વિજયસાગર ડૅમ, કોડકી ગંગા, વિજય વિલાસ પેલેસ, રામપર વેકરા, પિંગલેશ્વર, ફ્રબુડી, માતાના મઢ, નારાયણ સરોવર - કોટેશ્વર, ચીંચીંવાડી - મુંદ્રા, સુરલ ભીટ્ટ, કાળા ડુંગર, મોચીરાઈ આદિ માણવાલાયક સ્થળોએ આ પ્રકારની પિકનિકનું સુંદર રીતે આયોજન થતું હતું.



*સુપ્રસિધ્ધ હાસ્યલેખક શ્રી જ્યોતિન્દ્ર દવે*



*કવિવર અમૃત ઘાયલ*

વાર્ષિકોત્સવ ફીશપોન્ડ કાર્યક્રમથી શરૂ થતો. ફીશપોન્ડ નાંખવા કૉલેજના લાઈબ્રેરી તથા



*વિજય વિલાસ પેલેસની પિકનિકના સમયે (ડાબેથી) વિદ્યાર્થી જયંતિ કોઠારી, પ્રિન્સિપાલ દેશપાંડે, વિદ્યાર્થી દિનેશ આર. મહેતા, પ્રા. ગુપ્તા અને પ્રા. સૂર્યકાંત ભટ્ટની લાક્ષણિક તસવીર (૧૯૬૬)*

એસેમ્બલી હોલ મધ્યે બોક્સ રખાતા. ફીશપોન્ડ કમિટીમાં પ્રિન્સિપાલ, જી.એસ., એલ.આર., યુનિ. ચેરમેન તથા અન્ય બે-ત્રણ સિનિયર પ્રોફેસર રહેતા. ફીશપોન્ડનું સંચાલન મારે ફાળે આવતું. પ્રિન્સિપાલ ઇ.એમ. બલસારા સાહેબના સમયે ફીશપોન્ડ કાર્યક્રમ અતિ રસમય રહ્યો હતો. શ્રી બલસારા સાહેબ અપરીણિત હતા. તેથી તેમને એ બાબતે ફીશપોન્ડ આવતા તેઓ તુરત જ



*રા.ર. લાલન કૉલેજ વિદ્યાર્થી મંડળ કાર્યવાહક સમિતિના સભ્યો, ગુજરાત યુનિવર્સિટીના ઉપ કુલપતિ શ્રી મગનભાઈ દેસાઈ સાથે*

*★ બેઠેલા : પ્રા. આઈ.એસ. પવાર (અધ્યક્ષ : ઓજસ), પ્રા. ડી. એમ. દેસાઈ (અધ્યક્ષ : વિજ્ઞાન સમિતિ), પ્રા. આર.એમ. શુક્લ (અધ્યક્ષ : સાહિત્ય સમિતિ, ઓજસ), પ્રા. એમ.બી. રાણે (અધ્યક્ષ : જીમખાના), પ્રા. આર.એસ. દવે, પ્રા. સી.એ. શુક્લ (અધ્યક્ષ : કૉલેજ યુનિયન), આચાર્ય વાય.ડી. ભાવે (પ્રમુખ : કૉલેજ યુનિયન), ઉપકુલપતિ શ્રી મગનભાઈ દેસાઈ (અતિથિ વિશેષ), શ્રી જમિયતરાય વૈદ્ય, શ્રી પી.યુ. અસનાની (સામાન્ય મંત્રી), ડૉ. એ.જી. મુન્શી (અધ્યક્ષ : લલિતકલા સમિતિ), પ્રા. આર.જી. મજમુદાર (અધ્યક્ષ : અર્થશાસ્ત્ર મંડળ), પ્રા. એમ.પી. દ્વિવેદી (અધ્યક્ષ : વિજ્ઞાન સમિતિ), પ્રા. જે.ડી. ઓઝા (અધ્યક્ષ : જીમખાના). ★ ઊભેલા : (પહેલી હાર) કુ. આર.જી. નાગરાણી, શ્રી વાય. આઈ. પીર, શ્રી એ.આર. ટાંક (મંત્રી : વિજ્ઞાન સમિતિ), શ્રી વી.ડી. ગણાત્રા, શ્રી આર.એસ. સમેજા, શ્રી કે.પી. હાથી (મંત્રી : સાહિત્ય સમિતિ), શ્રી વી.એમ. મહેતા (મંત્રી : હિસાબ સમિતિ), શ્રી પી.વી. ઠક્કર, શ્રી વિશનજી ઠક્કર (મંત્રી : ઓજસ), શ્રી કે.ડી. જોશી, શ્રી એચ.એચ. જોશી (મંત્રી : અર્થશાસ્ત્ર મંડળ), શ્રી વલ્લભ ઠક્કર (મંત્રી : જીમખાના), કુ. એન.ડી. વોરા. ★ ઊભેલા : (બીજી હાર) શ્રી ડી.કે. યાદવ, શ્રી સી. આર. શાહ, શ્રી બી.એલ. અંતાણી, શ્રી પી.ડી. ઠક્કર, શ્રી એસ. આર. ઠક્કર. (ઈ.સ. ૧૯૫૭-૧૯૫૮)*

પ્રત્યુત્તર આપતા, “હું પરીણિત નથી પણ અનુભવી નથી એમ ના માનશો.” ફીશપોન્ડ આવ્યો કે.... “ડાન્સ મુદ્રા કરી બતાવો.” તેમણે તે આબાદ રીતે કરી બતાવતાં હાસ્યનું મોજું ચોમેર છવાઈ ગયું હતું.



*(જમણી બાજુથી) ઈનામ પ્રાપ્ત કરનાર, શ્રી રાજુભાઈ કોટક, તત્કાલિન ગવર્નર શ્રીમતી મુખરજી અને સ્ટેજ પર બેઠેલા પ્રા. સૂર્યકાંતભાઈ ભટ્ટ*

કૉલેજના વાર્ષિકોત્સવમાં અનેક મહાનુભાવો સમયાંતરે પધારેલા. જેમાં શેઠશ્રી રામજીભાઈ લાલન - ગુજરાત યુનિ.ના વાઈસ ચાન્સેલર શ્રી મગનભાઈ દેસાઈ, સંસદના પૂર્વ સ્પીકર શ્રી પી.જી. માવલંકર, શ્રીમતી તારકેશ્વરી સિંહા, શ્રી ફતેહસિંહરાવ ગાયકવાડ, ગવર્નર શ્રીમન્નારાયણ, શ્રી મદનસિંહજી સાહેબ, શ્રી પ્રાગમલજી ત્રીજા, ગવર્નર શ્રીમતી શારદા મુખરજી, બ્રિગેડિયર પહેલાજાની, શ્રી ભૂપત ઓઝા (આઈ.એફ.એસ.) તેમાં સામેલ હતા. કૉલેજમાં પ્રવેશતાં બોટેનિકલ ગાર્ડન હતો. ત્યાં ભૂકંપ માપવાનું યંત્ર સિસ્મોગ્રાફ પણ હતું. બાજુમાં એક સાઈકલ સ્ટેન્ડ અને ડાબા હાથે લેડિઝ હોસ્ટેલ હતી. કૉલેજના મકાન પાછળ એન.સી.સી. ઓફિસ, કેન્ટીન, બોય્ઝ હોસ્ટેલ, લેડિઝ હોસ્ટેલની લાઈનમાં રેક્ટર બંગલો, પ્રિન્સિપાલનો બંગલો અને પ્યુન ક્વાર્ટર હતા.

કૉલેજમાં દાદરાના વચ્ચેના ભાગમાં સરદાર વલ્લભભાઈ પટેલની વિશાળ કદની એક તસવીર હતી. ઉપર એસેમ્બલી હોલ અને તેની સામેના ભાગમાં સાઈકોલોજી લેબ હતી. બહાર લાલન શેઠની અર્ધસુંદર પ્રતિમા શોભાયમાન હતી. એક તરફ કૉલેજના બિલ્ડિંગ નિર્માણનો શિલાલેખ હતો. પુસ્તક લાઈબ્રેરીમાં કચ્છના અર્થશાસ્ત્રી પ્રા. કે.ટી. શાહની તસવીર હતી. ઈ.સ. ૨૦૦૧ના ભૂકંપ બાદ હાલે ત્યાં નૂતન બિલ્ડિંગનું નિર્માણ થયું છે.

***(ક્રમશઃ)***

***મો. ૯૮૨૫૩ ૩૪૩૪૬***

**ક્ષતિ સુધાર**

ઉપરોક્ત લેખમાળાના પ્રથમ મણકાના છેલ્લા ફકરામાં પ્રકાશિત મહાનુભાવોના નામો પૈકી શ્રી ભવાનજીભાઈના નામમાં મુદ્રણ દોષ રહેવા પામેલ છે. તે સ્થાને **શ્રી ભવાનજી અરજણ ખીમજી** વાંચવું.

## અબોલજીવો માટે બોલનારી સંસ્થા

# શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ - અમદાવાદ

જય અહિંસા સાથે જણાવવાનું કે ગૌરક્ષક ગીતાબેન રાંભિયા અબોલજીવોને કતલખાને જતાં બચાવી અભયદાન અપાવવાનું કાર્ય કરતા હતા. જીવદયાનું આવું ઉમદા કાર્ય કરતાં કરતાં અને ગૌમાતાની રક્ષા કાજે તા. ૨૭-૮-૧૯૯૩ના રોજ વીરગતિને પામ્યા. તેમણે તેમના જીવનકાળ દરમિયાન દોઢ લાખથી વધુ અબોલજીવોને કતલખાને જતા બચાવી અભયદાન અપાવેલ છે. ત્યારબાદ પણ આ ટ્રસ્ટમાં તેમના જીવનસાથી શ્રી બચુભાઈ પી. રાંભિયાની આગેવાની હેઠળ નીચે મુજબ કામગીરી થઈ છે.

- ૮૮,૦૦૦ ઢોરોને કતલખાને જતા બચાવ્યા છે
- ૪૦,૦૦૦ જેટલા પશુ પક્ષીઓની સારવાર કરવામાં આવી છે.
- ૮,૦૦૦ જેટલાં કચ્છથી તબીબી સારવાર અર્થે અમદાવાદ પધારતા દર્દીઓને માર્ગદર્શન આપીને તેઓને સારવાર અપાવવામાં દરેક પ્રકારની મદદ કરી છે.
- ૧૨૦ બીમાર વ્યક્તિઓને કચ્છથી મુંબઈ અને મુંબઈથી કચ્છ જતી વખતે તેમને તથા તેમના પરિવારજનોને મદદરૂપ બન્યા છે.

કચ્છની સૌપ્રથમ મહિલા ગૌરક્ષક ગીતાબેન રાંભિયા જેમનું એક સ્મારક છે અને બીજા ત્રણ સ્મારક બની રહ્યા છે તેમને ૧૫૦થી વધુ ઍવોર્ડ અને સન્માનપત્રથી સન્માનિત કરવામાં આવેલ છે. જે પૈકી કચ્છરત્ન, કચ્છ ગૌરવ, રામાણિયા ગૌરવ, જીવદયા રત્ન, પ્રાણીમિત્ર અને ઝાંસી કી રાની જેવા સર્વોચ્ચ ઍવોર્ડ સામેલ છે.

ગીતાબેનની શહીદી બાદ લોકજુવાળ ફાટી નીકળ્યો હતો. તેમની હત્યા બાદ સ્થાનિક માર્કેટમાં ત્રણ દિવસ સ્વૈચ્છિક બંધ પાળવામાં આવ્યો હતો. તે સમયની સરકારે ગીતાબેનની સ્મૃતિમાં ગુજરાત રાજ્યમાં પ્રથમ વખત ગૌવંશ હત્યા પર પ્રતિબંધ જાહેર કર્યો હતો.

## ગીતાબેન રાંભિયાની જીવન ઝરમર



ગૌરક્ષક ગીતાબેનનો જન્મ ૩૦મી જૂન, ૧૯૫૭ના રોજ મધ્યપ્રદેશના જબલપુરમાં થયો હતો. ત્રણ વર્ષની નાની વયમાં જ માતાની છત્રછાયા ગુમાવ્યા બાદ અભ્યાસ અર્થે મામાને ત્યાં મુંબઈ રહ્યા હતા. ત્યાં સેન્ટ ઝેવિયર્સમાં પ્રાથમિક અભ્યાસ કર્યા બાદ ત્યાંની જ કૉલેજમાં એમ.એ.નો અભ્યાસ પૂરો કર્યો હતો.

ગીતાબેનને નાનપણથી જ અબોલજીવો પ્રત્યે પ્રેમભાવ હતો. ત્યારબાદ તે બાબત એક લગની - ધૂનમાં ફેરવાઈ ગયો. વીસ વર્ષની ઉંમરે કચ્છમાં રામાણિયા ગામે શ્રી બચુભાઈ સાથે લગ્નગ્રંથીથી જોડાઈને ત્યાં લગ્નજીવન શરૂ કર્યું. જીવદયાના કાર્યને વધુ વેગ મળે તે હેતુસર ઈ.સ. ૧૯૮૪માં રામાણિયાથી અમદાવાદ આવીને પોતાની કર્મભૂમિ બનાવી હતી. તેમણે ૫ નવેમ્બર, ૧૯૮૪ના રોજ અમદાવાદના પાનકોર નાકા પાસેથી ગાયોને બચાવીને પોતાની કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ અમદાવાદ વિસ્તારમાં વિવિધ સ્થળે આ પ્રકારની પ્રવૃત્તિ કરી હતી.

જીવદયા અને અહિંસાનો પ્રચાર ગુજરાત રાજ્ય સિવાય સમગ્ર ભારતમાં થાય તે હેતુથી ઈ.સ. ૧૯૯૦માં સમગ્ર ઉત્તર ભારત તેમજ નેપાળનો સાઈકલ પ્રવાસ કર્યો અને જીવદયાની પ્રવૃત્તિનો ખૂબ પ્રચાર કર્યો હતો.

આ પ્રકારની કામગીરી માટે ઇ.સ. ૧૯૯૧માં અમદાવાદના મેયરશ્રીના હસ્તે ગીતાબેનને "ઝાંસી કી રાની"નો ઍવોર્ડ મળ્યો હતો.

છેલ્લે ૨૭મી ઓગસ્ટ, ૧૯૯૩ના રોજ આસ્ટોડિયા વિસ્તારમાં અબોલજીવોને બચાવીને આંબાવાડી પાંજરાપોળમાં દાખલ કરાવ્યા બાદ પરત આવી રહ્યા હતા ત્યારે કસાઇઓ દ્વારા તેમની ક્રૂર હત્યા કરવામાં આવી હતી.

ગીતાબેન રાંભિયાએ પોતાના જીવનકાળ દરમિયાન જીવદયા ક્ષેત્રે નીચે મુજબ કામગીરી કરી હતી.

૧,૬૫,૦૦૦ જેટલા અબોલજીવોને ગેરકાયદેસર કતલખાને જતા બચાવ્યા હતા.

૨૫,૦૦૦ બીમાર પશુ - પક્ષીઓને સારવાર અપાવી હતી.

જીવદયાની સાથે મહિલા જાગૃતિ તેમજ મહિલા વિકાસના કાર્યો પણ તેમણે કર્યા હતા. આ બધા કારણોસર ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના રોજ અમદાવાદ મ્યુનિ. કોર્પો. દ્વારા ગીતાબેનની શહીદી સ્થળ સી.એન. વિદ્યાલય, આંબાવાડીના સ્થળે તેમનું "શહીદ સ્મારક" બનાવવામાં આવ્યું છે.

૧૪મી ઓગસ્ટ, ૧૯૯૪ના રોજ મુંબઈ ખાતે શ્રીમતી મેનકા ગાંધીના હસ્તે ગીતાબેનને "મરણોત્તર શૌર્યચંદ્રક" એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અનેક ઍવોર્ડ, સન્માનો પૈકી કચ્છી નૂતન વર્ષ - અષાઢી બીજ - ૨૦૦૭ના રોજ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા ગીતાબેનને "કચ્છી રત્ન"ના ઇલકાબથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ગૌરક્ષક ગીતાબેન રાંભિયા અમર રહો!

***આગામી તા. ૨૭-૮-૨૦૧૮ના રોજ ગૌરક્ષક ગીતાબેન રાંભિયાની શહાદતને ૨૫ (પચ્ચીસ) વરસ પૂરા થાય છે. તો આપ સૌ જીવદયાપ્રેમીઓ, ગૌરક્ષકો તેમજ જાહેર જનતાને નમ્ર વિનંતી કે આ શ્રધ્ધાંજલિના કાર્યક્રમમાં અવશ્ય પધારશોજી.***

### શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ

★ *તારીખ : ૨૭-૮-૨૦૧૮, સોમવાર*

★ *સવારે : ૯.૦૦થી ૧૦.૦૦ કલાકે*

★ *સ્થળ : ગૌરક્ષક ગીતાબેન રાંભિયા શહીદ સ્મારક*
*સી. એન. વિદ્યાલય પાસે, આંબાવાડી, અમદાવાદ.*

### • કાર્યાલય સરનામું •

**શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ**

**શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ**

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ.

ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭

વર્ષા

# આવે છે રે મેઘ સવારી

• સુનિલ અંજારિયા •

*"ઝંખે છે ભોમ પાણી પાણી ઓ મેહુલા*
*તુને શી આગ આ અજાણી ઓ મેહુલા...*

કાળઝાળ ગરમી વચ્ચે સમાચાર આવે કે ચોમાસું કેરાલાને કાંઠે દસ્તક દઉં દઉં કરે છે એટલે આપણે ગુજરાતીઓ રાજી. દક્ષિણના રાજ્યોમાં મે ના બીજા વીકથી જ સાંજ વાદળઘેરી હોય છે અને ગાજવીજ સાથે લગભગ રોજ સાંજે વરસાદ પડે છે. જ્યારે અમદાવાદ તો એ સમયે ૪૭ ડિગ્રી સેલ્સિયસમાં શેકાઈ રહ્યું હોય છે. ત્યારે જાણીએ ભારતીય ચોમાસા વિશે રોચક વાતો!!

જાણીને નવું લાગશે કે ભારતના અમુક ભાગોમાં ચોમાસુ વેચાય છે એટલે કે આ ચોમાસામાં જે કાંઈ નીપજે એ લેનારનું. એણે વેચનારને પૈસા આપી દેવાના. ચોમાસું એક દીર્ઘકાલીય દરિયાઈ મોજા સાથે સરખાવી શકાય. ચોક્કસ સમયે એ આવે અને જાય. મહદ્ અંશે કેરાલામાં ૩૧મે ના શરૂ થઈ આગળ વધતું ૯ દિવસમાં ૧૮૦૦ કિ.મી. જેટલું અંતર કાપી મોડામાં મોડું ૧૦ જૂનના તો મુંબઈ પહોંચે એની એર્નાકુલમ એક્સપ્રેસ. આ વખતે રાહ જોવડાવી, પણ જુલાઈમાં તો મુંબઈ ડૂબાડી જ દીધું!

ઊંચા ટાવરો અને લોકોથી ખદબદતા રસ્તાઓ કાળી અને હવે રંગબેરંગી છત્રીઓથી ઢંકાઈ જાય એટલે મુંબઈમાં ચોમાસું આવ્યું કહેવાય. મુંબઈની ધોરી નસ સમી લોકલોના પાટા પર પાણી ફરી વળે અને થંભી જાય એ સમાચાર આવે ત્યારે ગુજરાતીઓ રાજીના રેડ. બસ હવે ચોમાસુ આવ્યું, કે આવશે.

પાકિસ્તાન અને ઉત્તર ભારતની અતિ ગરમ થયેલી હવા ઉપર જઇ દરિયાનો ભેજ ચૂસી લે. પેટ ભારે થઈ જાય એટલે ઠાલવે નીચે પશ્ચિમ કાંઠે. એ અરબી સમુદ્રનું આપણું ચોમાસુ.

પૂર્વ કાંઠે એ મોટા મસ કાંઠાને સમાંતર આવતા મોજાની જેમ જ એને સમાંતર જ ચોમાસુ આગળ વધે છે. વિંધ્યાચલ અને ઉપર અરવલ્લી પર્વતમાળા વાદળોને રોકે એટલે ત્યાં વરસી પડે ને પર્વતની બીજી બાજુ સાવ કોરી ધાકોર. એ લોકો "ઓ રે વાદળ ઉમટો ઉમટો..." ગાતા રહે અને હાથનું નેજવું કરી આકાશમાં જોયા કરે. મહારાષ્ટ્રની પૂર્વ દિશાએ દરિયો બેમાંથી એકેય બાજુ નથી ત્યાં તો ગાય ભેંસ ને ઘાસ પણ સૂક્કું સાચવેલું પાણીમાં પલાળીને આપવું પડે છે. આપણને રોજ ભેળના મમરા ખાવા પડે એમ.

ઘણી જગ્યાએ, એમાં કચ્છ પણ આવે ને રાજસ્થાન પણ. ત્યાં તો ચાર માસ માલધારીઓ હિજરત કરી જાય. વરસાદ અંતરિયાળ કેરાલામાં સરેરાશ ૧૩૦૦ મિ.મિ. તો બેંગ્લોરમાં ૯૮૦ મિ.મિ. અને અમદાવાદ જેવામાં ૫૦૦ મિ.મિ. તો ભયોભયો. દક્ષિણ ગુજરાતમાં વાપી વલસાડમાં એના કરતાં સારો પડે છે પણ સૌરાષ્ટ્રની ગીર બરડાની વિરુધ્ધ બાજુ અને કચ્છમાં ઓછો. વાદળોને રોકતા પર્વતો, પવનોની દિશા, દરિયા પરથી જમીન પર ફુંકાતા પવનોના ખૂબ ઊંચા તરંગો આ ભેદભાવ માટે જવાબદાર છે.

**મહાબળેશ્વરમાં વાદળોની ઘનતા અને પેટર્નનો અભ્યાસ કરવા ખાસ વેધશાળા છે.** હવામાન ખાતાને સેકંડની ૩ કરોડ ગણતરીઓ કરી શકે એવા સુપર કોમ્પ્યુટરની જરૂર પડે છે. અનેક મોડેલ, ભૂતકાળના ટ્રેન્ડ અને વાદળોની ઘનતા, ઊંચાઈ, પવનની દિશા વિરુધ્ધ છે કે સામે, વગેરે ભારતના નકશામાં ચોક્કસ સ્થળ ઉપર સુપર ઈમ્પોઝ કરે એટલે કે એ જગ્યા ઉપર બેસાડી આગાહી કરવામાં આવે છે.

**ખાસ પ્રકારના બલુનો ઉડાડી એનો માર્ગ એટલે કે ટ્રેજેક્ટરી પરથી ચોમાસાની ગતિ જાણી શકાય છે.** હવામાન ખાતાના કોમ્પ્યુટરો ૧ કિ.મી. વિસ્તારના ક્ષેત્રમાં ભારે વરસાદની આગાહી કરી શકે છે અને ખૂબ ઊંડી ટેકનિકલ ગણતરીઓથી થતાં એમના વરતારા ખેડૂતોને જ ખાસ ઉપયોગી થાય એ રીતે કરવામાં આવે છે. જેથી વાવણી, પાકનો પ્રકાર જેવા નિર્ણયો ખેડૂતો લઈ શકે.

આપણું અર્થતંત્ર વરસાદ પર ઘણી રીતે આધારિત છે.

વરસાદથી જ નદી નાળા ભરાય અને બોરવેલ, કૂવાઓમાં પાણી આવે. હવામાનખાતું પણ દુકાળ કે અતિવૃષ્ટિની આગાહી ખૂબ જોઈ તપાસીને કરે છે કેમકે ઉદ્યોગો મંદ થઈ જાય અને શેરબજાર પણ એવી આગાહી સાંભળી કડડભૂસ થઈ જાય.

એ પણ જાણવું રસપ્રદ છે કે વિષુવવૃત્ત આસપાસ મહત્તમ વરસાદ પડે છે અને બે વૃત્તો – કર્ક એટલે આપણો ઉત્તર ગોળાર્ધ અને મકર એટલે ઑસ્ટ્રેલિયા આસપાસવાળો દક્ષિણ ગોળાર્ધ એ બે વચ્ચે જ મોસમી વરસાદ આવે છે. દિલ્હી અને ઉપર વરસાદ ઓછો અને ચોમાસુ પણ જુલાઇના અંતમાં બેસે.

ગ્રીનહાઉસ ઈફેક્ટ અને ઑઝોન સ્તરમાં આપણે જાતે પાડેલા ગાબડાંને લઇ તેમજ પૃથ્વીની થોડી ઝુકીને ફરવાની વાર્ષિક ગતિમાં નજીવો ફેર પડ્યો છે એમ વૈજ્ઞાનિકો કહે છે. **એટલે ચોમાસુ હવે એક દસકા પહેલાં આવતું, એ કરતાં**

**અઠવાડિયું મોડું આવે છે અને વધુ લાંબુ ચાલે છે.**

દક્ષિણ ભારતના પૂર્વ ભાગ જેવા કે ચેન્નાઇ, વિશાખાપટ્ટનમ, ભુવનેશ્વર જેવામાં વર્ષમાં બે વખત ચોમાસુ આવે છે. એક વાર અરબી સમુદ્રનું અને બીજીવાર બંગાળના ઉપસાગરનું. ગુજરાતમાં અરબી સમુદ્રના પવનો મોસમી વરસાદ લાવે છે.

જંગલો વરસાદ ખેંચે છે અને વરસાદ હોય ત્યાં વધુ જંગલો હોય છે. ઇંડું પહેલું કે મરઘી? તેના જેવું છે.

ઉપર તરસ્યા વાદળો હજુ દરિયાનું પાણી વધુ ચૂસી, લૉ ડિપ્રેશન ઊભું કરે તો ગમે ત્યારે વરસાદ પડી જાય. નવરાત્રિના મંડપો વરસી પડે કે સાલ મુબારક કરવા છત્રી રેઇનકોટ લઇને જવું પડે.

પર્વતમાળાઓ નજીક હોઈ દક્ષિણ ગુજરાતમાં વરસાદ વધુ પડે છે અને બિચારું સૌરાષ્ટ્ર કચ્છ સંતોષી જીવ. થોડામાં રાજી. ઉપર રાજસ્થાનમાં જેસલમેર કે બાડમેર ઉપર તો એટલો ઓછો વરસાદ પડે કે એ લોકો નહાવાનું પાણી એકઠું કરી એમાં કપડાં ધુએ.

કુદરત દરિયાનું ખારું મસ પાણી મીઠું બનાવી વરસાવે છે. રાક્ષસી નહીં પણ દૈવી આર.ઓ.!

ઘણા જૂના મકાનોમાં વોટર હારવેસ્ટિંગ કરી વરસાદી પાણી ટાંકામાં એકઠું કરે છે. મુંબઈની અમુક સોસાયટીઓએ આ પ્રયોગ હાથ ધર્યો છે. એ પાણીમાં ચુનો કે ફટકડી નાખી શુધ્ધ કરવું પડે અને પછી અનંતકાળ પીવાલાયક સમજો.

**ભાવનગરની સેન્ટ્રલ સોલ્ટ રિસર્ચ લેબોરેટરીએ ખારા પાણીને મીઠું બનાવવામાં સફળતા મેળવી છે પણ એ ખર્ચાળ છે.**

ક્યાંક વરસાદ જરા પણ પડે નહીં તો સિલ્વર આયોડાઇડનો વાદળો પર છંટકાવ કરી, એને ભારે કરી કૃત્રિમ વરસાદ વરસાવી શકાય છે. પણ એમાં વાદળ ફાટ્યું કહીએ એવી અતિવૃષ્ટિનો ડર પણ છે. એટલે સરકાર 'સો ગળણે ગાળી' એ પાણી પીવે કે પાવાનો વિચાર કરે.

તળાવનું પાણી બાષ્પીભવન થઈ ઉડી જતું અટકાવવા તળાવ કાંઠે વિશાળ ઘટાવાળા વૃક્ષો એ દિશામાં વવાય છે. જેથી બપોર પછીનો વધુ ગરમ તડકો તળાવ પર પડતો અટકે. તળાવમાં પાણી સાચવે એવી એક્વા વનસ્પતિ, નાના ફ્લોટિંગ બોલ કે ખાસ પ્લાસ્ટિક જેવું તળિયે આવરણ કરી શકાય છે. તળાવ સૂકું હોય ત્યારે એને તળિયે એવું આવરણ લગાવાય છે.

**વરસાદ એટલે દરિયાનું આકાશમાંથી પડતું વિશાળ મોજું અને ગરમી એટલે એ મોજાનું પરત જવું. એ ચક્ર આપણા મોસમી પ્રદેશોમાં ચાલ્યા કરે છે અને જળ છે તો જીવન છે.**

તો આવો, મેઘરાજાને આવકારવા તૈયાર થઈ જઈએ. ગાઈએ "આવ રે વરસાદ...."

*૨૨, બિરવા રો હાઉસ, બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.*
*મો. ૯૮૨૫૧ ૦૫૪૬૬*

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258
**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

**KARMA**
**CHEMICAL INDUSTRIES**

**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**• FACTORY •**
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110

**• RESIDENCE •**
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

**WITH BEST WISHES FROM**
**MORBIA GROUP OF COMPANIES**

sofawala The Sofaz Expert
WORLD link IT Rental & Sales

furniture mall

**SUKHLAL MORBIA & FAMILY**

112, Dev Arc Complex,
ISCON Cross Road,
S.G. Highway, Ahmedabad.
**M. : 98252 36494, 98252 27499**

# આપના ગૃહપુસ્તકાલય માટે વિવિધ ઈનામવિજેતા પુસ્તકો

### નવલકથા

| | | |
|---|---|---|
| અકૂપાર | ધ્રુવ ભટ્ટ | 250 |
| એક ડાળ મીઠી | ધીરુબહેન પટેલ | 250 |
| છાવણી | ધીરેન્દ્ર મહેતા | 150 |
| રાજગઢી | રામચંદ્ર પટેલ | 200 |
| ભીતર પ્રગટ્યા દીવા | બકુલ દવે | 200 |
| વડમામી | અમૃત કે. બારોટ | 125 |
| મૂળિયાં અને પાંખો | રેમંડ આર. પરમાર | 150 |
| ટ્રેન ટુ પાકિસ્તાન | ખુશવંતસિંહ, અનુ. જય મકવાણા | 350 |

### નવલિકાસંગ્રહો

| | | |
|---|---|---|
| અસારે ખલુ સંસારે | વિજય શાસ્ત્રી | 35 |
| હારોહાર | ઊજમશી પરમાર | 170 |
| ખાલી ફ્રેમ | કંદર્પ ર. દેસાઈ | 110 |
| વ્હાઈટ હોર્સ | સુધીર દલાલ | 90 |
| હું મજાની ખિસકોલી | સ્મિતા ભાગવત | 110 |
| ફરી પાછા પૃથ્વી પર | પ્રાગજીભાઈ ભાંભી | 100 |
| અંતિમ ગાન | અનુ. અનિલા દલાલ | 170 |
| શ્રેષ્ઠ ઉડિયા વાર્તાઓ | અનુ. રેણુકા સોની | 100 |

### લેખસંગ્રહો

| | | |
|---|---|---|
| વ્યક્તિઘડતર | ફાધર વાલેસ | 100 |
| આવકાર | મોહમ્મદ માંકડ | 110 |
| શ્રીકૃષ્ણલીલારહસ્ય | સ્વામી સચ્ચિદાનંદ | 200 |
| જિંદગી ના મિલેગી દોબારા | રોહિત શાહ | 100 |
| માણસાઈની કેળવણી | મનસુખ સલ્લા | 160 |
| સંતાન સ્કૂલમાં અને ઘરમાં | ઊર્મિલા શાહ | 160 |
| ગીતા નવનીતમ્ | સ્વામી અધ્યાત્માનંદ | 125 |

### હાસ્યસાહિત્ય

| | | |
|---|---|---|
| એન્જોયગ્રાફી | રતિલાલ બોરીસાગર | 70 |
| ઢાઈ અક્ષર હાસ્યકા | નિરંજન ત્રિવેદી | 60 |
| ગાંધીજી, ચેપ્લિન અને હું | જ્યંતિ પટેલ 'રંગલો' | 125 |
| હાસ્યકલરવ | પ્રદ્યુમ્ન આચાર્ય | 100 |
| વાચક ક્યાંય નથી ગ્રંથાલયમાં | કિશોર અંધારિયા | 125 |

### આત્મકથા/જીવનચરિત્રસાહિત્ય

| | | |
|---|---|---|
| મારા અનુભવો | સ્વામી સચ્ચિદાનંદ | 100 |
| તુલસીક્યારાના દીવા | મનસુખ સલ્લા | 130 |
| ધરાનાં ખમીર | શિવદાન ગઢવી | 140 |
| જિપ્સીની ડાયરી | કેપ્ટન નરેન્દ્ર | 350 |

### બાળ-કિશોર સાહિત્ય

| | | |
|---|---|---|
| જીવનઘડતરની વાતો (પુ. 4) | ધૂમકેતુ | 120 |
| અપંગનાં ઓજસ | કુમારપાળ દેસાઈ | 125 |
| અપંગ નહિ અશક્ત (પુ.5) | યશવંત મહેતા | 150 |
| મોટા જ્યારે હતા નાના : પુ. 5 | યશવંત મહેતા | 375 |
| સોનાનો પુડલો | શ્રદ્ધા ત્રિવેદી | 60 |
| ગ્રામવિકાસ કથામાળા 1-4 | પીતાંબર પટેલ | 90 |
| ચંબલના કોતરોમાં | સુભદ્રા ગાંધી | 25 |
| શિશુ અભિવાદન ગ્રંથાવલિ પુ. 5 | કનૈયાલાલ જોશી | 200 |
| અંડેરીગંડેરી પુ. 5 | રતિલાલ સાં. નાયક | 250 |
| દીવાથી પ્રગટે દીવા (બાળનાટકો) | પ્રકાશ લાલા | 100 |
| જિજ્ઞાસા અને કૌતુક 1-5 | હરસુખ થાનકી | 200 |
| જ્ઞાનજિજ્ઞાસા શ્રેણી પુ. 13 | રશ્મિન મહેતા | 360 |
| ભારતરત્ન વિક્રમ સારાભાઈ | ઉષાબહેન જોશી | 70 |
| અમૃતની પરબ 1-5 | દેવીબહેન મહેતા | 200 |
| બાપુના જીવનમાંથી (પુ. 4) | મનુબહેન ગાંધી | 120 |
| કિશોર ચરિત્રમાળા ભા. 1થી 5 | અશોક હર્ષ | 550 |


**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001 ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com


**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15

ફોન : 26934340, મો. 9825268759 ઈમેલ : gurjarprakashan@gmail.com

જબાન

# શબ્દબોધ
# અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી (૨)



તુલસી કંસારા




**Jealous =** જેલસ = અંગ્રેજીના આ શબ્દના અર્થ થાય છે ઈર્ષાળુ, અદેખું, દ્વેષી, ખારીલું, વહેમી, સતત જાગરૂક, પ્રેમની બાબતમાં હરીફાઈની શંકા સેવનાર, સંદેહશીલ વગેરે. ક્રોધ, ડર, શંકા, હતાશા, અણગમો, અરૂચિ, ધૃણા, ઈર્ષા, ધિક્કાર, આક્રોશ વગેરે જેવા ભાવનાત્મક આવેગો આપણા માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે લાંબેગાળે હાનિકારક પુરવાર થાય છે. જ્યારે પ્રેમ, લાગણી જેવી ભાવના સકારાત્મક રીતે ફાયદો કરે છે. આની સામે જ બીજો શબ્દ છે **Zealous =** ઝેલસ = ઉત્સાહી, ઉમંગી, આતુર, અત્યુત્સાહી, ધૂની જેનો ઉચ્ચાર લગભગ જોઈ શકો છો કે આ ઝેલસ એક સકારાત્મક ભાવ દર્શાવે છે જે તમને આપણા અત્યારના વડાપ્રધાન અને તેમના જેવી અનેક વ્યક્તિઓમાં દેખાશે. જ્યારે નકારાત્મક ભાવ તમને તેમના ધડો લેવા જેવા વિકાસના કે રાષ્ટ્રીય સુરક્ષાને લગતા સરાહનીય કામો સામે આંખ આડા કાન કરી તેમના પર્સનલ હિતોને કારણે વ્યક્તિગત વિરોધ કરતા પક્ષોના મોટાભાગના આગેવાનો તેમજ તેમનું સ્વાર્થી અનુસરણ અને અનુકરણ કરતા સમૂહોમાં દેખાઈ રહ્યો હશે.


**Abacus =** ઍબક્સ અથવા અબાક્સ = સંખ્યા ગણવા વપરાતી મણકાની ઘોડી.

મણકાઘોડી એ ગણિત માટે વપરાતું ઘણું જૂનું સાધન છે. તે વિશ્વના અમુક ભાગોમાં હજી પણ વપરાય છે. ઘણી વખત અંધજનો તેને વાપરે છે



કારણકે તેઓ સંખ્યાઓને સહેલાઈથી અનુભવી શકે છે. મોટાભાગનાં મણકાઘોડીમાં મણકાઓને ખસેડીને ગણતરી કરવામાં આવે છે. એબક્સ શબ્દ ઈ.સ. ૧૩૮૭ પહેલાંનો છે જ્યારે મિડલ ઈંગ્લિશમાં લેટીન શબ્દ જે માટીના બોર્ડને દર્શાવતો હતો તેમાંથી લેવામાં આવેલ અને લેટીન ગ્રીક શબ્દ એબક્ષ માંથી લેવામાં આવેલ. જે પાયા વગરની વસ્તુનો લંબચોરસ બોર્ડનો નિર્દેશ કરે છે. લેટીન અને ગ્રીક જવા દઈએ તો તે પિક્ચરમાં દર્શાવેલ લાકડાની મણકાવાળી ઘોડી જે બાળકોને સંખ્યા શીખવાડવા માટે વપરાય છે તેને અબાકસ કહેવાય છે અને કેલ્ક્યુલેટરની શોધ ફ્રેન્ચ શોધક બ્લેઈસે પાસ્કલે ૧૬૩૨માં કરી તે પહેલાં આ સાધન જ વપરાતું હતું.

**Yield =** યીલ્ડ = ફળ, નફો, પરિણામ આપવું, — માંથી મળવું, પેદા થવું, —નું ઉપજવું, તાબે થવું, શરણે જવું, માન્ય રાખવું, કબૂલ કરવું, સંમતિ આપવી, જવા આવવાનો હક્ક આપવો (૨) ઉપજ, પેદાશ, વળતર *(શબ્દોના અર્થ ગુજરાતી લેક્ષીકોનમાંથી લીધેલ છે.)*




આમ તો આ શબ્દ અર્થશાસ્ત્ર અથવા તો કહો કે નાણાંકીય વ્યવહારોમાં અને ખાસ કરીને શેર માર્કેટમાં રોકાણ કરતા લોકો વધારે વાપરે છે. જે સામાન્ય રીતે વાર્ષિક ગણતરી અને ટકાવારીમાં વળતર તરીકે વપરાય છે. જો તમે ફિક્સ ડિપોઝીટમાં બેંકમાં રોકાણ કરેલ હોય અને દર ત્રણ મહિને વ્યાજ લેતા હો તો વરસના વ્યાજનો કુલ સરવાળો લેખવાનો. દા.ત. રૂા. ૧૦૦નું ૬ ટકા લેખે ત્રણ મહિને વ્યાજ રૂા. ૧.૫૦ મળે જે વરસે કુલ ૬ રૂપિયા થયા, જે યીલ્ડ કહેવાય. પરંતુ જો તમે વ્યાજ વરસની આખરે મળે તેવી રીતે ચક્રવર્તી વ્યાજે બેંકમાં રાખેલ હોય તો દર ત્રણ મહિને તેમાં રૂા. ૧.૫૦ પૈસા ઉપર પણ તે જ દરે વ્યાજ મળે અને આમ કુલ વ્યાજ વરસની આખરે ૬ રૂપિયાથી થોડું વધારે મળે જે યીલ્ડ કહેવાય.

આ જ રીતે તમે જવા આવવાનો હક્ક આપો છો, ખાસ કરીને ટ્રાફિકમાં ત્યારે તમે યીલ્ડ થયા તેમ કહેવાય ખાસ કરીને પિક્ચરમાં દર્શાવેલ રસ્તો જ્યાં મેઈન રોડ સાથે મળતો હોય અને ત્રિકોણાકાર કે તેવા જ નાના કે સાંકડા રસ્તા પરથી તમે ડ્રાઈવ કરીને આવતા હો ત્યારે તમને તેમાં રસ્તા પર દર્શાવેલ નિશાની દેખાય ત્યારે વાહન ઉભું રાખવાનું અથવા તો ધીમું કરવાનું હોય છે. અમેરિકાના કે અન્ય વિકસિત દેશોના રસ્તાઓ ઉપર જ્યાં સ્પીડ લિમિટ અને ટ્રાફિકના કડક નિયમો હોય છે ત્યાં આવું નિશાન જોતાં વાહન ફરજિયાત ઊભું રાખવું પડે છે.

*મો. ૯૮૨૫૦ ૮૨૬૩૯*

# ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા



આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

## ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

## S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.**
**સરકાર માન્ય તેમજ ખાનગી**

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

# ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

**કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.**

સ્વાસ્થ્ય

# વૈશ્વિક ચિત્તભ્રમ દિવસ : ૨૪ મે

## પ્રકરણ - ૪ : સારવાર

## World Schizophrenic Day : 24th May



ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)


આગળના લેખમાં આપણે જાણ્યું કે ચિત્તભ્રમની બીમારી (સ્કિઝોફ્રેનિયા)માં મગજના (Brain) આવેલ મનના (Mind) અવયવોમાં - પ્રિફ્રન્ટલ કોરટેક્ષ, હિપોકેમ્પસ, એમિગડેલા, ટેમ્પોરલ લોબ, બેઝલ ગેન્ગલિયા, લિમ્બિક સિસ્ટમમાં – બંધારણીય (કદ તથા રચના) અને ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં ફેરફારો થાય છે. જેને લીધે મનના કાર્યો જેવા કે : (૧) વિચારો, (૨) વર્તન, (૩) વાણી, (૪) લાગણી, (૫) કાર્યશક્તિ, (૬) સ્મરણ શક્તિ, (૭) એકાગ્રતા તથા (૮) ગ્રહણ શક્તિ પર વિપરીત અસર થાય છે.

આપણે એ પણ જાણ્યું કે સમાજમાં ચિત્તભ્રમ બીમારી વિશે ઘણી બધી ગેરસમજ પ્રવર્તે છે તથા મનોવૈજ્ઞાનિક સત્ય શું છે એ વિશે જાણકારી મેળવી.

આ લેખમાં ચિત્તભ્રમ બીમારીની સારવાર વિશે જાણકારી મેળવીએ.

- **ચિત્તભ્રમ બીમારીની મનોચિકિત્સા (સારવાર) :**

સતત થતાં વૈજ્ઞાનિક અને તબીબી સંશોધનને પરિણામે ચિત્તભ્રમ બીમારીની સારવારમાં નવીનતા અને ઝડપ આવી છે. સારવારમાં પ્રગતિશીલ નોંધપાત્ર ફેરફારો નોંધાયા છે. યોગ્ય આધુનિક સારવારથી ચિત્તભ્રમ બીમારીનું ચિત્ર બદલાઈ ગયું છે. દર્દી સામાન્ય રાબેતા મુજબનું જીવન જીવી શકે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health Organization) શારીરિક તથા માનસિક બીમારીઓની સારવાર બાદ દર્દી ગુણવત્તાભર્યું જીવન (Quality Life) જીવી શકે એ મુદ્દાને પ્રાધાન્ય આપ્યું છે. તદ્અનુસાર ચિત્તભ્રમની બીમારીની સારવારમાં નીચેના મુદ્દાઓ આવરી લેવાય છે :

૧. બીમારીના લક્ષણો પર કાબૂ.
૨. વ્યવસાયિક જવાબદારી સ્વીકારી નાણાંકીય રીતે પગભર થવું.
૩. કૌટુંબિક જવાબદારી સભાનપણે નિભાવવી.
૪. સામાજિક રીતે સક્રિય રહેવું.

નીચેની પદ્ધતિઓ દ્વારા ચિત્તભ્રમ બીમારીની આધુનિક સારવાર (મનોચિકિત્સા) કરવામાં આવે છે.

૧. દવાઓ (Antipsychotic Medication)
૨. બિહેવિયર થેરાપી (Behaviour Therapy) વર્તણૂક સુધારવાની પદ્ધતિ.
૩. મનોવિશ્લેષણ - કાઉન્સેલિંગ
૪. કુટુંબીજનોની ભૂમિકા (Role of Caretakers)
૫. શોક ટ્રીટમેન્ટ (Electro Convulsive Therapy)

**૧. દવાઓ દ્વારા સારવાર :**

ચિત્તભ્રમ બીમારી મગજના જ્ઞાનતંતુઓમાં થયેલા કદ, રચના તથા રાસાયણિક - ન્યુરોટ્રાન્સમિટર્સ ફેરફારોને લીધે થાય છે. મુખ્ય લક્ષણો માનસિક છે પરંતુ બીમારી શારીરિક છે એટલે સારવારમાં દવાઓ પ્રાથમિક અને મુખ્ય ઘટક છે તથા અગત્યનો ભાગ ભજવે છે. જેમ અન્ય શારીરિક બીમારીઓમાં (ડાયાબિટીસ, બ્લડ પ્રેશર વગેરેમાં) દવાઓ દ્વારા રોગને નિયંત્રણમાં લવાય છે તેવી જ રીતે ચિત્તભ્રમ બીમારીમાં પણ દવાઓ દ્વારા રોગ પર નિયંત્રણ મેળવવામાં આવે છે. ત્યારબાદ બિહેવિયર થેરાપી અને / અથવા કાઉન્સેલિંગ કરાય છે. દવાઓ સારવારનો મુખ્ય ભાગ છે.

**(૧) ન્યુરોલેપ્ટિક દવાઓ**

**(Neuroleptic Antipsychotic Medication) :**

ન્યુરોલેપ્ટીક દવાઓની શોધ ૧૯૫૪માં થઇ. જેને લીધે ચિત્તભ્રમ બીમારીની સારવારમાં જબરદસ્ત ક્રાંતિ આવી. આ દવાઓ ડોપામીન ન્યુરોટ્રાન્સમિટર્સ રીસેપ્ટર એન્ટાગોનિસ્ટનું કામ કરે છે. મગજના જ્ઞાનતંતુઓમાં બે જ્ઞાનતંતુઓ વચ્ચે સંદેશાની આપ-લે રસાયણો - ન્યુરોટ્રાન્સમિટર્સ (ડોપામીન, સીરોટોનીન, એસીટાઇલ કોલીન વગેરે) દ્વારા થાય છે. આ રસાયણોમાં થતી વધઘટને લીધે વ્યક્તિની વર્તણૂંકમાં, વિચારોમાં, વાણીમાં વગેરેમાં ફેરફારો થાય છે.

એક થીયરી પ્રમાણે ચિત્તભ્રમ બીમારીમાં ડોપામીનનું પ્રમાણ વધી જાય છે. આથી ભ્રમ (delusion), ભણકારા

/ ભાસ (hallucination), ઉશ્કેરાટ, અકારણ ગુસ્સો વગેરે લક્ષણો જોવા મળે છે. ન્યુરોલેપ્ટીક (Convention antipsychotics) દવાઓને લીધે ડોપામીનનું પ્રમાણ નોર્મલ થાય છે. જેને લીધે ભ્રમ, ભણકારા / ભાસ, ઉશ્કેરાટ, ગુસ્સો જેવા લક્ષણો પર કાબૂ મેળવાય છે.

**(૨) એટિપિકલ એન્ટિસાયકોટિક્સ (Atypical Antipsychotic) :**

૧૯૯૦ના દાયકામાં એટિપિકલ એન્ટીસાયકોટિક્સ દવાઓની શોધ થઈ. ત્યારથી સારવારનું ચિત્ર બદલાઈ ગયું અને સારવારના નોંધપાત્ર પરિણામો મળવા લાગ્યા છે.

આ દવાઓ સીરોટોનીન ડોપામીન એન્ટાગોનિસ્ટ તરીકે કામ કરે છે. આ દવાઓ મુખ્યત્વે પ્રિફ્રન્ટલ લોબ [મગજનો એક મુખ્ય ભાગ છે જે વહીવટી કાર્યોનું (Executive Function) કેન્દ્ર છે] પર અસર કરે છે તથા ગુમસુમ રહેવાના, અલિપ્ત રહેવાના, કામ ન કરવું, કામ કરવા માટેની ધગશ ન રહેવું જેવા લક્ષણોમાં આ દવાઓથી સુધારો થાય છે.

- **સારવારના નિયમો :**

ચિત્તભ્રમ બીમારીમાં દર્દીની વ્યક્તિગત રીતે સારવાર કરાય છે. કયા દર્દીને કઈ દવા કેટલી માત્રામાં આપવી એ એક કલા છે જે મનોચિકિત્સક નક્કી કરે છે. આ દવાઓ ઊંઘની દવા નથી તથા દર્દીને બંધાણી બનાવતી નથી.

સારવાર વધુ અસરકારક થાય એ માટે નીચેના સલાહ સૂચનો અમલમાં મૂકવા જરૂરી છે.

૧. દવાઓ નિયમિત લેવી જોઈએ. મનોચિકિત્સકની સૂચનાઓ ધ્યાનપૂર્વક પાળવી જોઈએ.

૨. દવાની જાદુઈ અસર તરત જ થશે એવું નથી. દવાઓ લીધા પછી આશરે બે અઠવાડિયામાં તેની અસરનો ખ્યાલ આવશે.

૩. મનોચિકિત્સકની સલાહ વગર, પોતાની જાતે કે સગાવહાલાની સલાહથી દવાઓમાં વધારો કે ઘટાડો કરવો નહીં.

૪. દવાની આડઅસરો તે દવા ઉપર આધાર રાખે છે. દર્દીને જણાતી દવાની આડઅસર વિશે મનોચિકિત્સક જોડે નિખાલસપણે ચર્ચા કરો. દર્દીને જણાતી અસર દવાની આડઅસર છે કે બીમારીનું લક્ષણ છે એ મનોચિકિત્સકને નક્કી કરવા દો. જરૂરત પ્રમાણે મનોચિકિત્સક દવામાં યોગ્ય ફેરફાર કરશે.

૫. દર્દીને સારું લાગવા માંડે તો પણ મનોચિકિત્સક પ્રમાણેનો કોર્સ પૂરો કરવો જરૂરી છે. અધવચ્ચેથી દવા છોડશો નહીં. આથી બીમારીનો ઉથલો થવાના સંજોગો વધી જાય છે અને ફરીથી નવેસરથી સારવાર ચાલુ કરવી પડે છે. પહેલાની સારવાર ભૂલી જવી પડે છે. સારવાર વધારે લાંબી ચાલે છે.

**૨. બિહેવિયર થેરાપી (Behaviour Therapy) સારવાર :**

બિહેવિયર થેરાપી એક વૈજ્ઞાનિક પદ્ધતિની સારવાર છે જેનો ઉપયોગ વર્તણૂંક સુધારવા માટે કે અપેક્ષિત વર્તણૂંક થાય એના માટે થાય છે. ઉત્તેજિત થતા, ગુમસુમ રહેતા, પોતાની દુનિયામાં ખોવાયેલા રહેતા, કામકાજ ન કરતા અથવા કામ કરવાની પહેલ ન કરતા દર્દીઓ માટે દવાઓ સાથે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

**(૧) ટોકન ઇકોનોમી (Token Economy) :**

યોગ્ય અપેક્ષિત વર્તણૂંકની નોંધ કરી, એ વર્તણૂંકને પ્રોત્સાહન આપવામાં આવે છે (Positive Reinforcement). પ્રોત્સાહન આપવાની અલગ અલગ પદ્ધતિઓ છે દા.ત. યોગ્ય અપેક્ષિત વર્તણૂંક દર્દી કરે ત્યારે દર્દીના વખાણ કરવા, દર્દીને મનગમતી ભેટ આપવી વગેરે. જો દર્દી અપેક્ષિત વર્તણૂંક ન કરે તો વખાણ થતા નથી કે ભેટ મળતી નથી. પ્રોત્સાહન આપવાની પદ્ધતિઓ દરેક દર્દી માટે વ્યક્તિગત રીતે અલગ અલગ હોય છે. કુટુંબીજનોએ મનોચિકિત્સક જોડે ચર્ચા કરી પ્રોત્સાહન આપવાની પદ્ધતિઓ અપનાવવી જોઈએ. જેથી વર્તણૂંક તથા જવાબદારીમાં અપેક્ષિત પરિણામ મળે.

**(૨) એક્સ્ટિશન (Extinction Techniques) :**

અયોગ્ય વર્તણૂંક દૂર કરવા માટેની આ પદ્ધતિઓ છે. કુટુંબીજનો અયોગ્ય વર્તણૂંક પર ધ્યાન ન આપે, દર્દીની અયોગ્ય માંગણીઓ પૂરી ન કરે અને મક્કમ રહે. અયોગ્ય વર્તણૂંક જો દર્દી કરે, દર્દીને મનગમતી વસ્તુ કે વાનગી ન મળે, મનગમતો ટી.વી. કાર્યક્રમ જોવા ન મળે, જે કુટુંબીજન જોડે દર્દીનો હકારાત્મક લાગણીનો સંબંધ હોય એ કુટુંબીજન એક વખત કે તેથી વધારે વખત જમવાનું છોડી દે. એક્સ્ટિશનની પદ્ધતિઓ પણ દરેક દર્દી માટે વ્યક્તિગત રીતે અલગ અલગ હોય છે.

ઉપર જણાવેલ પદ્ધતિઓ દ્વારા સારવાર કરવાથી ધીમે ધીમે દર્દી ગુમસુમ રહેવાનું કે પોતાની દુનિયામાં ખોવાયેલા રહેવાનું છોડી, ઘરની અન્ય વ્યક્તિઓ જોડે વાતચીત કરતો થાય છે. કામ કરવાની પહેલ પણ કરે છે. પરિણામલક્ષી કાર્યો / વર્તણૂંકને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ પદ્ધતિઓથી પ્રિફ્રન્ટલ કોરટેક્ષમાં વૃધ્ધિ થાય છે તથા દર્દી નોર્મલ થાય છે.

***સારવારની અન્ય પદ્ધતિઓ વિશે હવે પછીના લેખમાં જાણકારી મેળવીશું.***

*(ક્રમશઃ)*

*E-mail : diptishah999@yahoo.co.in*

# પ્રતિભાવ

## ‘કચ્છશ્રુતિ’ના અંકો મનોરમ્ય

‘કચ્છશ્રુતિ’માં શ્રી યાસીન દલાલ લિખિત કૃતિ “સફળતાના વિવિધ પગથિયા” વાંચીને ખુશ થયો છું. આ મનનીય લેખ ખરેખર એક ઉત્તમ રચના છે. લેખકશ્રીને ધન્યવાદ! ઉપરાંત આ અંકમાં શ્રી દિનેશ પાંચાલ લિખિત “ડિપ્રેશન” પણ એક ઉમદા લેખ છે. ડિપ્રેશનને દૂર કરવા માટે લેખકશ્રીએ જે માર્ગદર્શન આપેલ છે તે જીવનમાં ખૂબ જ ઉપયોગી થાય તેમ છે. લેખકશ્રીને અભિનંદન. ‘કચ્છશ્રુતિ’ પ્રતિ મારી અનેક શુભેચ્છાઓ વ્યક્ત કરૂં છું. સુંદર સજાવટ અને સ્વચ્છ પ્રિન્ટીંગ કામથી ‘કચ્છશ્રુતિ’ રમ્ય લાગે છે.

*ઇશ્વરભાઈ પરમાર - અમદાવાદ*

## ભુજ સ્થિત લાલન કોલેજની શૃંખલા રસપ્રદ


‘કચ્છશ્રુતિ’ માસ જુલાઇ-૨૦૧૮ના અંકમાં પ્રોફેસર સૂર્યકાંતભાઈ ભટ્ટ દ્વારા લેખિત ભુજ સ્થિત આર.આર. લાલન કૉલેજના સંસ્મરણોની શ્રેણીમાં પ્રથમ કડી ખૂબ રસપ્રદ રહી. તે માટે અભિનંદન. ખાસ કરીને અમારા જેવા કૉલેજના પ્રારંભકાળના વિદ્યાર્થીઓ માટે અવનવા અનુભવો ખૂબ જ રોમાંચક હતા. કચ્છ કે જ્યાં ૧૯૫૨-૧૯૫૩ સુધી મેટ્રિક / એસ.એસ.સી. પરીક્ષા આપવા માટે રાજકોટ અથવા અમદાવાદ જવું પડતું હતું. ત્યારે મેટ્રિક પછી શું...? તો શોધો નોકરી! કૉલેજનું સ્વપ્ન પણ બહુ અલ્પ વિદ્યાર્થીઓ જોતા હતા. તે દરમિયાન દેશ આઝાદ થયો. ૧૯૪૯માં કચ્છ, ભારતનો એક ભાગ બન્યો. કચ્છનું નસીબ પલટાયું. ‘સી’ સ્ટેટનું તદ્‌સમયનું પ્રશાશકીય તંત્ર અને લોકનેતૃત્વ ખૂબ જ પ્રગતિશીલ હતા. જેનો ઉલ્લેખ લાલન કૉલેજની ઉપરોક્ત લેખમાળામાં છે. ભુજ - કચ્છમાં કૉલેજની સ્થાપના થઈ તે કૉલેજમાં અભ્યાસ કરવા માટે તેમજ મેટ્રિક પછી કારકૂની અથવા નાની-મોટી નોકરી કરનાર યુવાવર્ગ માટે વિદ્યામંદિરના દ્વાર ખૂલી ગયા. અમારા માટે સરકારી રાહે - નોકરીમાં દરરોજ એક કલાકની છૂટ પણ મળી હતી. વિદ્યા અભ્યાસ ક્ષેત્રે આ શાંત ક્રાંતિએ કચ્છની કાયાપલટમાં અતિ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એ કારણે જ કૉલેજ અભ્યાસકાળ દરમિયાનના સંભારણાં આજે પણ મીઠા લાગે છે. શ્રી રા.ર. લાલન કૉલેજ - ભુજથી પાસ આઉટ થયેલા તમામ વિદ્યાર્થીઓની પણ આવી જ લાગણી અને પ્રતિભાવ હોય તે સ્વાભાવિક છે. આ લેખમાળા તૈયાર કરીને ‘કચ્છશ્રુતિ’ના માધ્યમથી પ્રકાશિત કરવા માટે પ્રા. સૂર્યકાંતભાઈ ભટ્ટને આભાર સહ અભિનંદન.

*હંસરાજ કંસારા - અમદાવાદ*

*ફોન : (૦૭૯) ૨૬૮૭૨૩૫૦*



‘ભૂલી બીસરી યાદેં’ જુલાઈ-૨૦૧૮ના અંકથી પ્રા. સૂર્યકાંત ભટ્ટે ‘લાલન કૉલેજથી લહેરાયો લલકાર’ની શરૂઆત કરીને જૂની યાદો તાજી કરવાની અમૂલ્ય તક આપેલ છે.







આ સાથે આવી જ એક ભૂલી બીસરી યાદનું પિક્ચર અને આર્ટસમાં અર્થશાસ્ત્ર વિષય સાથે કેઝ્યુઅલી ભણતા ભણતા (સવારે કૉલેજ અને ૧૧થી ૬ની નોકરી દરમિયાન) જે એકાદ બે એક્ટિવિટીઓમાં ભાગ લીધેલ તેના સાચવી રાખેલ સર્ટિફિકેટ અહીં આપેલ છે. આ પિક્ચર જોઇને ગ્રાન્ડ ચાઈલ્ડ્સ તો પૂછે છે કે ‘મોટા ડેડી’ આ કોણ છે? મને પણ પ્રશ્ન થયેલ કે આ કોણ છે જેની પાસેથી હું સર્ટિફિકેટ સ્વિકારી રહેલ છું? મોટેભાગે તો અમદાવાદની કોઈ કૉલેજના પ્રિન્સિપાલ દાવર સાહેબ અથવા તો ફાધર વોલેસ હોઈ શકે પરંતુ મને યાદ છે ત્યાં સુધી ફાધર વોલેસ એક વખત આવેલ અને તેમનો પહેરવેશ કંઈક ઓર જ હતો. માટે કદાચ દાવર સાહેબ જ હોવા જોઈએ. મારા કોઈ તે સમયના સહ વિદ્યાર્થીને ખ્યાલ હોય તો યાદદાસ્ત તાજી કરાવે. કદાચ ભટ્ટ સાહેબ પણ ઓળખી જશે. સાથેના સર્ટિફિકેટ પૈકી એક આર્થિક મોજણી જે અમે સૂર્યકાંતભાઈના નેતૃત્વમાં કુકમા ગામમાં (૧૯૬૫-૬૬) કરેલ, તેનું છે અને વાર્ષિકોત્સવ (૧૯૬૭-૬૮) – મનોરંજન કાર્યક્રમનું આયોજન પણ તેમણે જ કરેલ. જેમાં ‘થોભો, અહીં ખૂન થયેલ છે’ નામનું નાટક મારા સ્વ. મિત્ર રાયસિંહજી રાઠોડે લખેલ તથા દિગ્દર્શિત કરેલ અને મને મુખ્ય ડિટેક્ટિવનો રોલ આપેલ. તે જ કાર્યક્રમમાં એક ઝુલુ સમૂહ નૃત્ય પણ રજૂ કરવામાં આવેલ જેમાં ભાગ લેવા માટે જે સર્ટિફિકેટ મળેલ તેની પ્રિન્ટ પણ ઉપર આપી છે.

*તુલસી કંસારા - અમદાવાદ*


खईके पान महकवाला
महक गया,
मस्त मूड हमारा
MICHI'S®
Candies & Toffees
Maha Masti
MICHI'S®
Pan Mahek
Pan
d Candy
₹ 1/-
PER PIECE
सब' मस्त है!
SUGAR BOILED CONFECTIONERY
Visit us on: http/www.jrjfoods.com//www.michis.in
Email: salessupport@jrjfoods.com facebook.com/MichisTreats
MichisTreats
JRJ®
JRJ FOODS PVT. LTD.
MANUFACTURER & MARKETER OF CONFECTIONERY PRODUCTS
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12
info@jrjfoods.com
jrjfoods.com

## ગાંધીનગર ગાથા

### શ્રી કચ્છ મિત્ર મંડળ - ગાંધીનગર : સ્નેહમિલન સમારોહ

શ્રી કચ્છ મિત્ર મંડળ - ગાંધીનગર દ્વારા કચ્છી નૂતન વર્ષ નિમિત્તે સ્નેહ મિલન સમારંભનું આયોજન તાજેતરમાં ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. પ્રજ્ઞાબેન જોશીએ પ્રાર્થના અને સ્તુતિ વંદનાથી કાર્યક્રમની શરૂઆત કરી હતી. ત્યારબાદ શ્રીમતી વર્ષાબેન મહેતાએ સૌનું સ્વાગત કરીને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે મયારા અવંતીએ 'રામ રતન ધન પાયો...' ભજન રજૂ કર્યું હતું. મંડળના પ્રમુખ શ્રી માવજીભાઈ રંગાણીએ પણ સૌ કચ્છી ભાઈ-બહેનોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ડિસ્ટ્રીક્ટ કોર્ટ દ્વારા રચાયેલી ફેમિલી વેલફેર કમિટીના સભ્ય તથા શહેરની સામાજિક - સાંસ્કૃતિક સંસ્થાઓ સાથે જોડાયેલ એવા શ્રી સુધીરભાઈ દેસાઈ દ્વારા રસપ્રદ કાનૂની માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમની આભારવિધિ શ્રી નીલેન્દુભાઈ વોરાએ કરી હતી. જ્યારે તેનું સંચાલન શ્રીમતી વર્ષાબેન મહેતાએ કર્યું હતું.

***વર્ષાબેન મહેતા - ગાંધીનગર***

---

## હૃદય મંથન : રાષ્ટ્રદ્રોહી પ્રવૃત્તિઓ

ભારતમાં પરદેશીઓ સાથે વેચાઈ ગયેલા કે વેચાઈ જનારા માણસોની સંખ્યા જૂજ હશે. પણ આવું થવામાં મુખ્ય બે કારણો છે : એક તો પ્રજામાં રાષ્ટ્રપ્રેમની ઉણપ અને બીજું ગુપ્તચર ખાતાની અક્ષમતા. રાષ્ટ્રપ્રેમનું માપ કાઢવું બહુ જ સરળ તથા બહુ જ કઠિન પણ છે. આ દેશની પ્રત્યેક વસ્તુ રાષ્ટ્ર છે. પ્રત્યેક નિર્માણ રાષ્ટ્ર નથી. (માત્ર ભારતમાતાની છબીનું નામ રાષ્ટ્ર નથી.) તો તેવી પ્રત્યેક વસ્તુ કે પ્રત્યેક નિર્માણમાં જાણી કરીને પોતાના સ્વાર્થ માટે ચોરી, લુચ્ચાઈ કે નિમ્નતા કરનાર કોઈ મોટો ભૂપ હોય કે નાનો પટાવાળો હોય તે દેશદ્રોહી છે. માનો કે એક પુલ અથવા એક બંધ (ડેમ) કે એક માર્ગ (રોડ)નું નિર્માણ થઈ રહ્યું છે. આ નિર્માણમાં ભ્રષ્ટાચાર કરી તેનું તકલાદી નિર્માણ કરનાર – કરાવનાર રાષ્ટ્રપ્રેમી નહીં પણ દેશદ્રોહી છે. **કારણકે બંધ, પુલ, માર્ગ, ભવનો, રેલવે, જહાજો, વિમાનો વગેરે રાષ્ટ્ર છે.** આ બધાની દુર્બળતા અને અક્ષમતાથી રાષ્ટ્ર દુર્બળ બને છે. એટલે તેને પોતાના સ્વાર્થ માટે દુર્બળ બનાવનાર નાની મોટી પ્રત્યેક વ્યક્તિ દેશદ્રોહી છે.

આવી જ રીતે વહીવટી ક્ષેત્રમાં પોતાની સત્તાનો ઉપયોગ અપરાધીઓને બચાવવા, છાવરવા કે પછી અપરાધીઓનો ઉપયોગ સત્તાસ્થાને છવાઈ જવામાં કરનાર પણ દેશદ્રોહી છે. યુધ્ધના સમયે શત્રુ પક્ષનો વિરોધ કરીને પોતાના દેશને ટેકો આપવો એટલા માત્રથી રાષ્ટ્રપ્રેમી ના થઈ જવાય. એક ભાઈએ પોસ્ટમાં વજનદાર કવર મોકલ્યું. ઉપર લખ્યું કે 'પ્રિન્ટેડ મેટર.' ખોલીને જોયું તો પ્રિન્ટેડ મેટર ન હતી. પરંતુ ઓછી ટિકિટો લગાવીને આ રીતે લખાણ મોકલવાની રીતથી આપણે આપણા રાષ્ટ્રનું શોષણ જ કર્યું ગણાય. નાની મોટી યુક્તિઓથી, ઈલેક્ટ્રિક મીટર બંધ રખાવીને કે પાછાં પડાવીને, વધુ વપરાશ કરીને ઓછામાં ઓછું બીલ ભરનારને ખ્યાલ નથી આવતો કે આ રાષ્ટ્રદ્રોહી પ્રવૃત્તિ છે. જો ભારતમાતાને એક દેવી માનવામાં આવે તો તેની એક એક નસ ઉપર અસંખ્ય જળોઈઓ વળગેલી છે, જે લોહી ચૂસીને લાલઘુમ થઈ છે. **ભારતમાતાનું લોહી તો તેના જ સંતાનો પી રહ્યા છે. રાષ્ટ્રના ખરા શત્રુ તો આપણે જ છીએ, જે ચારે તરફથી તેનું લોહી ચૂસી રહ્યા છીએ.**

આમ થવાનું કારણ રાષ્ટ્રવાદની સુસ્પષ્ટ અને સુદ્રઢ ભાવનાનો અભાવ છે. રાષ્ટ્રવાદ કરતાં આપણે વ્યક્તિવાદી, કુટુંબવાદી, કોમવાદી કે મજહબવાદી જલ્દીથી થઈ જઈએ છીએ. **સૌથી મોટું દુર્ભાગ્ય તો એ છે કે રાજકારણ તથા ધર્મકારણમાં ઉપરના માણસો નીચેના માણસોને પ્રેરણા આપી શકતા નથી.** તેમનું પ્રેરણાબળ તો 'થોડા સમયમાં લેવાય તેટલો લાભ લઈ લેવાનું' છે. પ્રજા રાષ્ટ્રપ્રેમી બને તો કોના ઉદાહરણથી બને? એક તરફ રાજનેતાઓ પોતાને માટે લાખો - કરોડોનો બેફામ ખર્ચો કરતાં અચકાતા નથી, તો બીજી તરફ ધર્મકારણવાળા પણ એટલો ભપકો કરવામાં પોતાની ધન્યતા અને શ્રેષ્ઠતા અનુભવે છે.

***પૂર્વ મુખ્યમંત્રી છબીલદાસ મહેતાના પુસ્તક 'હૃદય મંથન'ના એક લેખમાંથી સાભાર***

---

## વિચાર કણિકા : રીક્ષાવાળાઓની હડતાલ

ટ્રાફિકના નિયમો કડક થતાં હાલે રીક્ષાવાળાઓને ટ્રાફિક પોલીસ તેમને કોઈપણ રોડ પર ઊભા રહેવાની મનાઈ ફરમાવે છે. આ હકીકત એટલી ગંભીર બની ગઈ કે રીક્ષાવાળાઓએ તા. ૩૦-૭-૨૦૧૮ના રોજ એક દિવસની હડતાલ પાડી. એક અંદાજ મુજબ અમદાવાદમાં બે લાખ રીક્ષાઓ છે. સરેરાશ વેપાર રૂા. ૧૦૦૦/- ગણતા બે લાખ રીક્ષાનું એક દિવસનું ટર્નઓવર રૂા. ૨૦ કરોડ સુધીનું સ્થગિત થઈ ગયું. એક રીક્ષાવાળાની એક દિવસની નેટ બચત રૂા. ૫૦૦ની ગણનાએ બે લાખ રીક્ષાએ એક દિવસની રોજી રૂા. ૧૦ કરોડની ગુમાવી. સરવાળે આ અસર કોમનમેન પર પડવાની જ.

વિવિધતા

# હાસ્ય મજાક સાથે જ્ઞાન વૃધ્ધિ
# I Love My INDIA...



ભાવના એ. ઝવેરી

*આપણે સૌ ભારતના નાગરિક છીએ તેનો ગર્વ છે, પણ ભારત વિશે આપણે કેટલું જાણીએ છીએ તે જોઈએ.... આ ગેમ દ્વારા ગમ્મત સાથે જ્ઞાનને આવરી લીધું છે. નાના મોટા બાળકો સૌને રમવી ગમશે.*

૧. ભારતનો રાષ્ટ્રીય ધ્વજ.
૨. ભારતનું રાષ્ટ્રીય ગાન
૩. ભારતનું રાષ્ટ્રીય ગીત.
૪. ભારતનું રાષ્ટ્રીય ચિહ્ન.
૫. ભારતનું રાષ્ટ્રીય પંચાંગ
૬. ભારતનું રાષ્ટ્રીય વાક્ય.
૭. ભારતની રાષ્ટ્રીયતા
૮. ભારતની રાષ્ટ્રભાષા
૯. ભારતની રાષ્ટ્રીય લિપિ
૧૦. ભારતનું રાષ્ટ્રીય ધ્વજગીત
૧૧. ભારતનો રાષ્ટ્રીય નારો
૧૨. ભારતની રાષ્ટ્રીય વિદેશ નીતિ
૧૩. ભારતનો રાષ્ટ્રીય પુરસ્કાર
૧૪. ભારતનો રાષ્ટ્રીય સુચના પત્ર
૧૫. ભારતનું રાષ્ટ્રીય વૃક્ષ
૧૬. ભારતની રાષ્ટ્રીય મુદ્રા.
૧૭. ભારતની રાષ્ટ્રીય નદી.
૧૮. ભારતનું રાષ્ટ્રીય પક્ષી.
૧૯. ભારતનું રાષ્ટ્રીય પશુ
૨૦. ભારતનું રાષ્ટ્રીય ફૂલ.
૨૧. ભારતનું રાષ્ટ્રીય ફળ.
૨૨. ભારતની રાષ્ટ્રીય યોજના.
૨૩. ભારતનો રાષ્ટ્રીય ખેલ.
૨૪. ભારતની રાષ્ટ્રીય મીઠાઈ
૨૫. ભારતના રાષ્ટ્રીય પર્વ
૨૬. ભારતના રાષ્ટ્રમાતા.
૨૭. ભારતના રાષ્ટ્ર પિતા
૨૮. ભારતનો રાષ્ટ્રીય પાર્ક
૨૯. ભારતનું રાષ્ટ્રીય જલ પશુ
૩૦. ભારતનું રાષ્ટ્રીય વસ્ત્ર
૩૧. ભારતના રાષ્ટ્ર ધ્વજના રંગ
૩૨. રાષ્ટ્રધ્વજના ચક્રમાં કેટલી લીટી?

*(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલ છે.)*

## આઝાદ ભારતના પ્રાઇમ મિનિસ્ટર


| | | |
|---|---|---|
| ૧. | ૧૯૪૭ | જવાહરલાલ નહેરુ |
| ૨. | ૧૯૬૪ | ગુલઝારીલાલ નંદા |
| ૩. | ૧૯૬૪ | લાલબહાદુર શાસ્ત્રી |
| ૪. | ૧૯૬૬ | ગુલઝારીલાલ નંદા |
| ૫. | ૧૯૬૬ | ઇંદિરા ગાંધી |
| ૬. | ૧૯૭૭ | મોરારજી દેસાઇ |
| ૭. | ૧૯૭૯ | ચૌધરી ચરણસિંહ |
| ૮. | ૧૯૮૦ | ઇંદિરા ગાંધી |
| ૯. | ૧૯૮૪ | રાજીવ ગાંધી |
| ૧૦. | ૧૯૮૯ | વિશ્વનાથ પ્રતાપસિંહ |
| ૧૧. | ૧૯૯૦ | ચંદ્રશેખર |
| ૧૨. | ૧૯૯૧ | પી.વી. નરસિંહરાવ |
| ૧૩. | ૧૯૯૧ | અટલબિહારી વાજપેયી |
| ૧૪. | ૧૯૯૬ | એચ.ડી. દેવગૌડા |
| ૧૫. | ૧૯૯૭ | આઈ.કે. ગુજરાલ |
| ૧૬. | ૧૯૯૮ | અટલબિહારી વાજપેયી |
| ૧૭. | ૨૦૦૪ | ડૉ. મનમોહનસિંહ |
| ૧૮. | ૨૦૧૪ | નરેન્દ્ર મોદી |

*કથાકાર હંમેશાં શ્રોતાઓનો ભૂખ્યો હોય છે. શ્રોતાઓનાં મોં ઉપરની ઈંતેજારી એ જ કથાકાર માટે મોટામાં મોટું પ્રલોભન હોય છે. તેનાથી તે વધુને વધુ ખીલે છે.*

# શબ્દ શોધ : ૭૫

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●



## આડી ચાવીઓ

૧. ભૂપ (૨)
૪. નિશા (૨)
૬. પચી જવું એ (૩)
૭. ધણી, વર (૩)
૮. સ્મશાન, મડદાં બાળવાની જગ્યા (૩)
૯. સૈન્ય (૩)
૧૧. "____ હોય તો ગધેડાને પણ બાપ કહેવો પડે." (૩)
૧૩. જેના ધ્વજમાં માછલીનું ચિહ્ન છે તેવા કામદેવ (૫)
૧૬. નમેલું (૨)
૧૮. ધીમું (૨)
૧૯. નોકરી કરો... દર મહિને મળશે (૩)
૨૧. બંદગી (૩)
૨૩. વિદ્યા ____થી શોભે છે (૩)
૨૫. જૂની ફિલ્મોની એક જાણીતી નૃત્યાંગના (૩)
૨૭. દહેજ (૫)

## ઊભી ચાવીઓ

૧. સૌરાષ્ટ્રનું એક કેન્દ્રિય શહેર (૪)
૨. દારૂનો પ્યાલો (૨)
૩. દરિયો, સમુદ્ર (૫)
૪. ભસ્મ (૨)
૫. છબી (૪)
૯. કહેવું એ (૩)
૧૦. ઓછું (૨)
૧૧. માપનું એક એકમ (૨)
૧૨. ઉગ્ર, તેજ (૩)
૧૪. કમી (૩)
૧૫. "ધ્વજા ફરકતી નથી"નું ટૂંકું (૩)
૧૭. સૂરજ (૩)
૧૮. કચ્છમાં નખત્રાણા તાલુકાનું એક ગામ (૩)
૨૦. મોહમ્મદ રફી - લતા મંગેશકર - તલત મહેમુદ વગેરે (૩)
૨૨. જાણકાર (૩)
૨૩. લગ્ન, વિવાહ (૨)
૨૪. કરૂણા (૨)
૨૬. 'નાક'ને કચ્છીમાં શું કહેવાય? (૨)

## શબ્દશોધ : ૭૪નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અ | વ | સા | ન | | સુ | હા | વ | ન |
| મે | | દ | મ | ન | શી | લ | | વ |
| રિ | પુ | | ન | વ | લ | | ના | ની |
| કા | ર | જ | | ત | | સ | ત | ત |
| | સ્કા | | ભા | ર | ત | | વા | |
| વ | ર | દા | ન | | જ | મા | ન | ત |
| ર | | ડ | | મા | | હે | | ર |
| સા | | મ | હા | સા | ગ | ર | | બો |
| દ | ર્દ | | લ | | પ્પુ | | વા | ળ |

## શબ્દ શોધ : ૭૩ / ૭૪ નો ઉકેલ મોકલાવનારના નામ

● અશોક એન. મહેતા - ભુજ
● રશ્મિ એસ. સાવલા - ભુજ
● રમીલા જે. ગોર - ભુજ
● અભય સી. મહેતા - મુંદ્રા
● કમલ એસ. ઝવેરી - માંડવી
● નીલેશ વી. શાહ - ભુજ
● વસંતબેન વી. ગોર - ગાંધીધામ
● અશ્વિન પી. ઠક્કર - નખત્રાણા
● ધનસુખ કે. પટેલ - ગાંધીધામ
● સુવાસ ડી. ગોર - ભુજ
● દિલીપ કે. શાહ - ભુજ

**માઇક્રોફિક્શન**

## દિલ અભી ભરા નહીં

દાદા ગયા.

પણ... પણ બાને કેમ સંભાળવા? બોલતા, ચાલતા કે રડતા પણ નથી! નથી ખાતા-પીતા. પરાણે પાણી પીવડાવીએ ત્યારે થોડું પીએ છે.

ડૉક્ટરે કહ્યું, 'એમને રડવું આવવું જરૂરી છે. ગંભીર બાબત છે. કોઈ પણ રીતે રડાવો એમને.'

બધા થાક્યા. પણ પૌત્રી તાન્યા સતત વિચારતી હતી કે, 'બાને કઈ રીતે રડાવવા?'

રાત્રે બાના રૂમમાં જ સૂતી.

ક્યારે ઉંઘ આવી ગઈ ખબર ન રહી. પણ જાગી ત્યારે, બા તો જાગતા જ હતા. છત સામે જોઈ રહેલા. અચાનક યાદ આવ્યું મોબાઈલમાં અપલોડ કરેલું, બા અને દાદાનું મનપસંદ ગીત ચાલુ કર્યું : 'અભી ના જાઓ છોડકર કે દિલ અભી ભરા નહીં.'

જેવું ગીત કાને પડ્યું અને બા રડી પડ્યા.

'મને લગ્ન પહેલાથી કહેતા, જિંદગી આખી કહ્યું અને તમે જ છોડીને જતા રહ્યા! મને પૂછ્યું પણ નહીં કે દિલ અભી ભરા કે નહીં?'

*બલવીરસિંહ જાડેજા*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

## વિચાર કણિકા : અમદાવાદનો ટ્રાફિક પ્રોબ્લેમ

અમદાવાદના રસ્તાઓ પર લોકો ગાડીઓ, સ્કુટરો, રીક્ષાઓ વગેરે આડેધડ પાર્કિંગ કરતા હોવાના કારણે ઘણી વખત અને તેમાં પણ આવન-જાવનના પીક પીરિયડના સમયે ખૂબ જ ટ્રાફિક જામ થઈ જાય છે. તે માટેની ફરિયાદ છેક હાઈકોર્ટ સુધી પહોંચતા હાઈકોર્ટે ટ્રાફિક ડિપાર્ટમેન્ટને ખૂબજ કડક રીતે સૂચના આપેલ હોતાં હાલે અમદાવાદ વિસ્તારમાં ટ્રાફિક ડિપાર્ટમેન્ટ સતર્ક થઈ ગયેલ છે અને આડેધડ પાર્કિંગ સામે તેઓ પાસેથી કડકાઈપૂર્વક દંડ વસૂલી રહેલ છે. પરિણામે દુકાનોવાળા તથા દુકાનોમાં ખરીદી કરવા આવનારને પોતાના વાહનો પાર્કિંગ કરવા માટે મોટી સમસ્યા ખડી થઈ છે. લાગે છે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને હવે પછીના પ્લાનિંગમાં પાર્કિંગ વ્યવસ્થાને અગ્રતાક્રમ આપવાની જરૂરત રહેશે.

Splendid

**P & G Enterprise**

*Kitchenware, Household Products & Corporate Gifts*

157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
**(M) : 9106682565, 9724932540**
**E-mail : pandgenterprise@gmail.com**

**• PACKED & MARKETED BY •**

**P & G Enterprise**
Sundha Estate, Sarkhej, Ahmedabad.
**M. : 91066 82565**

*Mahalaxmi*
**INFRACONTRACT PVT. LTD.**
*Mining for Better Tomorrow*

**• CORPORATE OFFICE •**
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
**CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010**

**• REGD. OFFICE •**
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

## રંગાઇ જાજે રંગમાં

તું રંગાઈ જાજે રંગમાં...
તું રંગાઈ જાજે રંગમાં...

શ્રી સ્વામિનારાયણના રંગમાં
પ્રમુખ સ્વામી તણાં સત્સંગમાં
તું રંગાઈ જાજે રંગમાં...

રોજ સવારે જાગી જઈને
લેવું શ્રીજીનું નામ... ભાઈ
તારે લેવું શ્રીજીનું નામ...
ભવભવના એ દુઃખડા ભાંગે... (૨)
તને રાખે સદાયે ઉમંગમાં...
તું રંગાઈ જાજે રંગમાં...

મોહમાયામાં મનડું ન રંગાયું...
દિશા નવી દેખાઈ... ભાઈ...
તને દિશા નવી દેખાઈ... પણ
સાચી દિશા પ્રમુખસ્વામી બતાવશે... (૨)
તને લઈ જાશે સુખના સંગમાં
તું રંગાઈ જાજે રંગમાં...

આજે રંગાઉ...? કાલે રંગાઈશ...
સમય તો સરતો જાય ભાઈ
સમયતો સરતો જાય
કાલ ઉપર વિશ્વાસ ન કર તું... (૨)
આજે જ રંગાઈ જા રંગમાં
શ્રી સ્વામિનારાયણના રંગમાં
તું રંગાઈ જાજે રંગમાં...

*ચંદ્રવદન મહેતા 'સારસ' - ભુજ*
*મો. ૯૯૭૮૦ ૫૨૮૦૦*

## દાન દ્વારા અમરતા

ખાડો કરીને દાટી દેશે કાં બાળશે શબ તમારૂં,
જગતની આ રીત છે પછી કોણ સાંભળશે તમારૂં
દેહદાન કાં ચક્ષુદાનનો જાહેર કરો નિર્ધાર
એક અંધને રોશની મળશે થાશે જય જય કાર.

★

જીવતા કરો રક્તદાન
મૃત્યુ પછી
ચક્ષુદાન – દેહદાન.

*પ્રેષક : ચંદ્રવદન મહેતા 'સારસ' - ભુજ*

## INDIA : LAND OF HAPPINESS....

*India is the land of unity in diversity*
*Where people live in harmony and fraternity,*
*Irrespective of caste, creed or gender*
*They mix with each other like a blender.*

*Pashmina of Kashmir and Lungi of South India*
*Tasty Dhokla and delicious Rashogolla*
*Is what we call an India.*

*India is the nation,*
*with no such discrimination*
*Between men or women domination.*

*India is the land of saints and monks,*
*Who have preached love and peace to all.*
*Non co-operation movement of Gandhi*
*With Make-in-India movement of Modi*
*Help India to reach to a new reality*
*From Mohan to Modi.*

*History of Taj Mahal is the pride of the Country*
*With some movements still dissolved in mystery*
*These monuments are the symbols of brotherhood and bondage,*
*Amongst the people... who still believe in rich history and heritage.*

*With love affection and froternity*
*India is the land of integrity, honesty and modesty*
*In a glowing fragrance of freedom*
*People are always saying....*

*VANDE MATRAM!!!*

***Aditi Niravbhai Vasa - Ahmedabad***
***Ph. : (079) 27910713***

## અબ પછતાયે હોત ક્યા...

અબ પછતાયે હોત ક્યા જબ ચીડિયા ચૂગ ગઈ ખેત,
હાલત હમારી અનજાનેમેં અરેરેરે દેખી ઐસી હોતી દેખ.

મિટા રહે હૈં હમ વન-જંગલકો, મિટા રહે સબ ખેત,
પરિઆવરણકી સમતુલાકો દેખો બના રહે હમ રેત.

ખુદગર્જ ઔર અલ્પમતિ ઈન્સાન ભાવિસે કરતા ખેલ,
નિચોડતા હૈ ઈસ ધરતીકો, સબ નિકાલે મૂલ સમેત.

ઉર્જાસ્રોત ખતમ હોને ચલા ઔર પ્રદૂષણકી હૈ ભેટ
પર્યાવરણ 'આરસી'એ ઠીક-સા, તો જીવસૃષ્ટિ ઠીક રહેત.

*'આરસી' શાહ - અમદાવાદ (ફોન : ૨૭૪૩૮૧૬૩)*

## બેઠો છું

શબ્દથી શણગારેલી મહેફિલ ભરી બેઠો છું,
સ્વના સંભારણાની યાદ ભરી હવે બેઠો છું.

મન ભટકે ત્યારે અક્ષર અજવાળે બેઠો છું,
ને શબ્દ તણો દરબાર ભરીને હવે બેઠો છું.

અંધકાર હટાવવા સાક્ષર સંગાથે બેઠો છું,
શબ્દ સંગાથે સાહિત્ય જ્યોત જલાવી હવે બેઠો છું.

માનવ માનવ વેર-ઝેર ભુલાવવા બેઠો છું,
ને શબ્દને સથવારે દીપક લઈ હવે બેઠો છું.

અક્ષર દીપના જ્ઞાન પ્રકાશે સૌને જોવા બેઠો છું,
"દિલકશ" સૌના મનમાં પ્રકાશ કરવા બેઠો છું.

*દિલીપ આચાર્ય "દિલકશ" - ભુજ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

## પર્યાવરણ

ઝાડ સુકાજેતા ક્યારે મેં
અંગણમેં ગાડી ધુવાજેતી.

જરાક તાં વિચાર્યો જ...
ઝાડ પંઢ નેત્રવાયુજો ઝેર પીએતો,
ને પાંકે જીવેલા પ્રાણવાયુ દેતો.

અંગણજી ઓળખ તુલસી
કીં વેંધીરઈ વનમેં

ગાલ્યું કર્યોતા પર્યાવરણજી
ને પર્યાવરણથી જ પર્યા થ્યા...!

કદર કોરો મંગા
હિન "બેફામ" જમાને વટા
ઈતાં મરેલે કે જ વખાણેતો.

*વિપુલ જોષી "કચ્છી બેફામ" - ભુજ*
*મો. ૯૯૦૯૭ ૨૬૧૦૬*

## લજેંતા નેંણલા

નજર તરસે પચેતો ધિલ, લજેંતા નેંણલા તોકે,
વિઞેતા ડીં કડેંતા મિલ! લજેંતા નેંણલા તોકે.

ડુખીકે ડે મં ભેજારી વટાઈનેં લગે પાપ,
નં હીં ધિલસેં વિસારે હલ, લજેંતા નેંણલા તોકે.

વિખોટો થિઈ નં રોવાજે, મિલનસારી વડી ખાસી,
હિતે ઓખી વિઞે હર પલ, લજેંતા નેંણલા તોકે.

જુધાઈ કે છડે ડે જટ ભિરી રો કાફલે ભેરો,
ભલો બેલી ભની હથ જલ, લજેંતા નેંણલા તોકે.

'કમર', ભમરા ફિરેં ફુલ ફુલ, સુણેંતા કન મિઠા ગુંજન,
પખી કઈયેં અચી કિલવિલ, લજેંતા નેંણલા તોકે.

*ખત્રી હુસેન ઇસ્માઇલ "કમર કચ્છી"*
*મો. ૯૭૨૭૫ ૯૨૩૯૮*

## સત્ય

ક્યાં છે આજે સત્ય
કે જેના માટે વેચાયા રાજા હરિશ્ચંદ્ર
ને તારામતી.

આજે ચોતરફ છે અસત્યનો રણકાર
જે ફેલાવે છે ગરીબી, બેકારીનો હાહાકાર.

છૂપાયું છે સત્ય આજે નેતાઓના ખિસ્સામાં—
વેચાતા શિક્ષણના કિસ્સાઓમાં—
નારીની લાચારીમાં—
ધર્મની મારામારીમાં.


ક્યાં છે સમાનતાની ભાવના
ક્યાં છે સત્યરૂપી પરમાત્મા
જે આ ખિસ્સાઓના કિસ્સા
ખત્મ કરવા જન્મ લેવાનો હતો,
મનુષ્ય રૂપમાં...!!

*જીજ્ઞા સચીન પંડ્યા, શિક્ષિકા - ભુજ*
*મો. ૯૫૩૭૬૭૯૮૩૮*

### I Love My Indiaના જવાબો

(૧) ત્રિરંગો, (૨) જન ગણ મન અધિનાયક... (૩) વંદે માતરમ્, (૪) અશોક સ્તંભ, (૫) શક સંવત, (૬) સત્યમેવ જયતે, (૭) ભારતીય, (૮) હિંદી, (૯) દેવનાગરી, (૧૦) હિંદ દેશ કા પ્યારા ઝંડા... (૧૧) સત્યમેવ જયતે, (૧૨) ગુટ નિરપેક્ષ, (૧૩) ભારત રત્ન, (૧૪) શ્વેત પત્ર, (૧૫) વડનું ઝાડ, (૧૬) રૂપિયા, (૧૭) ગંગા, (૧૮) મોર, (૧૯) વાઘ, (૨૦) કમળ, (૨૧) કેરી, (૨૨) પંચ વર્ષિય યોજના, (૨૩) હોકી, (૨૪) જલેબી, (૨૫) ૨૬મી જાન્યુઆરી : ગણતંત્ર દિવસ, ૧૫મી ઓગસ્ટ : સ્વતંત્રતા દિવસ, (૨૬) માતૃભૂમિ, (૨૭) ગાંધીજી, (૨૮) કોર્બેટ, (૨૯) ડોલ્ફિન, (૩૦) ખાદી, (૩૧) કેસરી, લીલો, સફેદ, (૩૨) ૨૪ (ચોવીસ) લીટી.

# શબ્દાંજલિ



બહુ આયામી પ્રતિભાવ ધરાવતા ખમતીધર - વિરલ પુરુષ એટલે **શ્રી શાંતિલાલ મોતીચંદ સંઘવી.** તેઓશ્રીનો જન્મ કચ્છ મુંદ્રા મુકામે તા. ૨૯-૧૦-૧૯૩૧ના રોજ થયો હતો. અમદાવાદમાં જૂની મેટ્રિક સુધીનું શિક્ષણ મેળવ્યા બાદ લાંબા સમય સુધી ઓટોમોબાઈલ્સ પાર્ટસના વિક્રેતા તરીકે તેઓશ્રીએ કામગીરી કરી હતી. કેટલાક સમય બાદ તેમના પરિવારજનોએ ઉપરોક્ત વ્યવસાય સંભાળી લેતાં તેઓ પોતાની મનપસંદ સામાજિક પ્રવૃત્તિઓમાં કાર્યરત રહ્યા હતા. યુવાવયથી તેમને લેખન - વાંચનનો ગજબનો શોખ હતો. તેઓ જ્યાં રહેતા ત્યાંની સાર્વજનિક લાઈબ્રેરીઓના તમામ પુસ્તકો તેઓ ખૂબ રસપૂર્વક વાંચતા અને તે સંબંધી જરૂરી નોંધ કરી લેતા. પોતાના વ્યવસાયના સમય દરમિયાન પણ લેખન - વાંચનની પ્રવૃત્તિમાં તેઓ મગ્ન રહ્યા હતા. પોતાના ઘરમાં પણ પુસ્તકો, સામયિકોનો ભંડાર કાયમ રાખતા અને સમયાંતરે તેનો યોગ્ય ઉપયોગ કરતા. નોંધનીય છે કે વિવિધ વિષયોમાં તેઓશ્રી ખૂબ ઊંડો જ્ઞાન ધરાવતા હતા. આમ છતાં ધાર્મિક ક્રિયાકાંડ, દંભ - દેખાડા તથા અંધશ્રધ્ધાના તેઓ એકદમ વિરોધી હતા. આ બધી અસર તેમના લખાણોમાં સ્પષ્ટ જણાતી હતી. આ કારણે કેટલીક સંસ્થાઓના મેગેઝિનો તેમના લેખોથી દૂર રહેતા હતા. કારણ એટલું જ, કે તેમની કલમ તીક્ષ્ણ હતી. ટૂંકમાં, તેમની વિચારસરણી ઉદાર પરંતુ રૂઢિચુસ્તતાથી ખૂબ જ દૂર રહી હતી. **'કચ્છશ્રુતિ'** માટે તેમના લખાણો હંમેશાં ખૂબ આવકારપાત્ર રહેતા હતા. કાવ્ય લેખનમાં પણ તેમની પ્રવિણતા રહી હતી. ઘણા કવિ તથા સાહિત્યકારો સાથે તેમનો મિત્રાચારીનો નાતો હતો. તે પૈકી ફાધર વાલેસ એક હતા. સદ્ગતશ્રી સંગીત ક્ષેત્રે પણ સારું જ્ઞાન ધરાવતા હતા. આ બધી પ્રવૃત્તિઓ સાથે જરૂર જણાય ત્યાં સામાજિક ક્ષેત્રે પણ પોતાનું યોગદાન આપતા હતા. આદિવાસી જાતિના બાળકોની શાળામાં એક સેવાભાવી કાર્યકર તરીકે પોતાની માનદ્ સેવાઓનું પ્રદાન પણ કર્યું હતું. ત્યાંના બાળકોને યોગ્ય પરિવારમાં દત્તક તરીકે અપાવીને તેમની કારકિર્દી ઉજ્જવળ બનાવવા તેઓ પ્રયત્નશીલ હતા. ઉપરાંત, ધાર્મિક ક્ષેત્રે પરિવર્તન કરનાર લોકોને ફરીથી તેઓના અસલ - હિંદુ ધર્મમાં લાવવા માટે તેમનો સિંહફાળો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, બાળપણથી તેઓશ્રી આર.એસ.એસ.ની પ્રવૃત્તિઓથી પ્રભાવિત હતા. આર.એસ.એસ.ની ભગિની સંસ્થા "વનવાસી કલ્યાણ પરિષદ"માં વર્ષો સુધી પ્રવૃત્તિમય રહ્યા હતા. તેઓશ્રી પોતાની પ્રસિદ્ધિમાં ક્યારેય માનતા ન હોવાથી ઘણાંને ખબર નહીં હોય કે **શ્રી નરેન્દ્ર મોદી** તેઓશ્રી સાથે ઉપરોક્ત સંસ્થામાં એક સહકાર્યકર તરીકે રહ્યા હતા.

પોતાના અવસાન બાદ શું કરવું અને શું ન કરવું તેનું લખાણ આજથી દસ વર્ષ અગાઉ તેમણે સ્પષ્ટ રીતે કરી લીધું હતું. અવસાન બાદ તેમની ઈચ્છાનુસાર દેહદાન કરવામાં આવ્યું હતું અને દેહાંત બાદ તેમની પ્રાર્થના અથવા અન્ય કોઈ વિધિ તેમની ઈચ્છાનુસાર રાખવામાં આવી ન હતી.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મુખપત્ર 'કચ્છશ્રુતિ'એ એક ઉદારદિલ ઉચ્ચ કક્ષાના લેખક ગુમાવ્યા છે. અવસાનના એક સપ્તાહ અગાઉ જ તેમના કેટલાક લખાણો સમાજના કાર્યાલયમાં પ્રાપ્ત થયા હતા. 'કચ્છશ્રુતિ'ને જમાનાથી આગળ – એક વિચારવંત લેખકની ખોટ હંમેશાં સાલશે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે!

સદ્ગતશ્રીની તા. ૧૫-૭-૨૦૧૮ની કાયમી વિદાયને નત મસ્તકે વંદન.

*– તંત્રીમંડળ : "કચ્છશ્રુતિ"*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## વાર્ષિક સામાન્ય સભા અંગેનો પરિપત્ર

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા **રવિવાર, તા. ૧૬-૯-૨૦૧૮ના રોજ સવારમાં ૧૦.૦૦ વાગે** સંસ્થાના કાર્યાલય ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર ખાતે નીચેના એજન્ડા અનુસાર મળવાની છે. આ સભામાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના નોંધાયેલ દરેક સભ્યને ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

### એજન્ડા

૧. રવિવાર, તા. ૧૬-૭-૨૦૧૭ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની મીટિંગની મિનિટ્સનું વાંચન અને તેની બહાલી.
૨. વર્ષભરની કાર્યવાહી વિશે મંત્રીશ્રીના અહેવાલની રજૂઆત અને તેના પર ચર્ચા વિચારણા.
૩. વર્ષ ૨૦૧૭-૨૦૧૮ના ઑડિટેડ હિસાબોની રજૂઆત અને તેની બહાલી.
૪. વર્ષ ૨૦૧૮-૨૦૧૯ માટે ઑડિટરશ્રીની નિમણૂક.
૫. બંધારણની કલમ-૫(ખ-૪) અનુસાર આજીવન કેટેગરીના સભ્યમાંથી નિવૃત્ત થતા ૨ ટ્રસ્ટીશ્રીઓની જગ્યાએ તથા માનદ્ સભ્યની કેટેગરીમાંથી નિવૃત્ત થતા ૨ ટ્રસ્ટીશ્રીઓની જગ્યાએ નવા ટ્રસ્ટીશ્રીઓની ચૂંટણી / વરણી કરવા બાબત.
૬. બંધારણની કલમ-૫(ગ-૩) અનુસાર કાર્યવાહક સમિતિના નિવૃત્ત થતા ૫ સભ્યોની જગ્યાએ નવા સભ્યોની ચૂંટણી / વરણી કરવા બાબત.
૭. પ્રમુખશ્રીની અનુમતિથી રજૂ થતી બાબતો પર ચર્ચા વિચારણા કરવા બાબત.

**હિમાંશુ ઠક્કર**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

- **નોંધ :**

૧. કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ ફરી તે જ સ્થળે મળશે ત્યારે તેને કોરમનો બાધ રહેશે નહીં.
૨. આજીવન સભ્યની કેટેગરીમાંથી નિવૃત્ત થતા બે ટ્રસ્ટીશ્રીઓ :
 (૧) શ્રી ભરતભાઈ વસંતરાય ઓઝા
 (૨) શ્રી મનસુખભાઈ વશરામભાઈ પટેલ
૩. માનદ્ સભ્યની કેટેગરીમાંથી નિવૃત્ત થતા બે ટ્રસ્ટીશ્રીઓ :
 (૧) શ્રી કૈલાસદાન કરણીદાન ગઢવી
 (૨) શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ ખેતાણી
૪. કાર્યવાહક સમિતિમાંથી નિવૃત્ત થતાં સભ્યશ્રીઓ :
 (૧) શ્રી હસમુખભાઈ ખીમજીભાઈ મહેતા
 (૨) શ્રી સંજયભાઈ કલ્યાણજીભાઈ રાઠોડ
 (૩) શ્રી રજનીકાંત ધરમશી પારેખ
 (૪) શ્રી હીરેન ચીમનલાલ પલણ
 (૫) શ્રી ભારતેન્દુ દેવશંકર શુક્લ
૫. બંધારણ અનુસાર નિવૃત્ત થતા ટ્રસ્ટીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓ ફરીથી પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.
૬. જેઓને અગાઉથી ઉમેદવારી નોંધાવવી હોય તેઓએ સાદા કાગળ પર વિગત લખી તા. ૧૦-૯-૨૦૧૮ સુધીમાં સમાજની ઓફિસે ઉમેદવારી પત્ર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## જૂન / જુલાઈ – ૨૦૧૮

★ **સોમવાર, તા. ૨૫-૬-૨૦૧૮**

- મુંબઈ તથા દક્ષિણ ગુજરાતમાં શ્રીકાર વરસાદ પડેલ છે પરંતુ અમદાવાદમાં બિલકુલ વરસાદ નથી.

★ **મંગળવાર, તા. ૨૬-૬-૨૦૧૮**

- શ્રી કચ્છી વીસા ઓસવાળ સમાજનું તાજેતરમાં બહાર પડેલ વસતિપત્રક આજરોજ સમાજ પર મળેલ છે.

★ **સોમવાર, તા. ૨-૭-૨૦૧૮**

- આજે પૂર્વ અમદાવાદમાં ૧.૫ થી ૨ ઈંચ વરસાદ પડેલ. પશ્ચિમ અમદાવાદમાં છાંટણા અથવા અડધા ઈંચ જેવો, સીઝનનો પ્રથમ વરસાદ પડ્યો.

★ **મંગળવાર, તા. ૩-૭-૨૦૧૮**

- શ્રી હિમાંશુભાઈ ઠક્કરે દત્તક વિદ્યાર્થી યોજના માટેના ફોર્મ તૈયાર કરી આજરોજ રૂબરૂમાં આપ્યા કે જે ૧૦મા ધોરણની ૩ વિદ્યાર્થીઓની આવેલ અરજી સાથે ત્રણેય વિદ્યાર્થીઓને મોકલી આપ્યા.
- 'મા વાત્સલ્ય યોજના'ના કાર્ડ માટે બચુભાઈ રાંભિયાના પ્રતિનિધિ શ્રી સમીર સાથે રૂબરૂમાં વિગતો સમજી. આ માટે શ્રી રજનીભાઈ પારેખ સાથે વિગતે ચર્ચા કરી. શ્રી કિશોરભાઈ ઠક્કરે જરૂરી ફોર્મ તથા માહિતીનો પરિપત્ર મોકલી આપ્યો. જૈન માઈનોરીટી ડેવલપમેન્ટ ટ્રસ્ટના શ્રી મિતભાઈ પાસેથી ફોન દ્વારા વિગતવાર માહિતી મેળવી.

★ **બુધવાર, તા. ૪-૭-૨૦૧૮**

- શ્રી મનુભાઈ કોટડિયાએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી સુધીરભાઈ પાસેથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વર્ષ ૨૦૧૭-૧૮ની ઓડિટેડ બેલેન્સ શીટ મંગાવી લીધેલ હતી.

★ **ગુરુવાર, તા. ૫-૭-૨૦૧૮**

- તા. ૧૪-૭-૨૦૧૮ના રોજ ટ્રસ્ટ મંડળની મીટિંગ બોલાવવાના પરિપત્રો બધા ટ્રસ્ટીશ્રીઓને મોકલી આપ્યા.

★ **શુક્રવાર, તા. ૬-૭-૨૦૧૮**

- શ્રી કિરીટભાઈ નંદુને ત્યાંથી મળેલ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની લાઈબ્રેરી માટેના ૯૦ પુસ્તકો વિભાગવાઈઝ અલગ અલગ તારવ્યા.
- શ્રી હરેશભાઈ ધોળકિયાનું પુસ્તક "કચ્છ : ગઈકાલ અને આજ"ના બે પ્રકરણો ઝેરોક્ષ કરાવી 'કચ્છશ્રુતિ'માં પ્રસારિત કરવા શ્રી દિનેશભાઈ મહેતાને આપવામાં આવ્યા. આ બે પ્રકરણો (૧) કચ્છના મીઠાના અગરિયા તથા (૨) કચ્છના ઔદ્યોગિક વિકાસ અંગેના છે.

★ **સોમવાર, તા. ૯-૭-૨૦૧૮**

- કચ્છમિત્રની તા. ૨૦-૭-૨૦૧૮ના રોજ ૭૨મી વર્ષગાંઠ નિમિત્તે વિશેષ પૂર્તિના લેખ માટે 'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ'નો વિષય પસંદ કરી શ્રી હંસરાજભાઈ કંસારા સાથે તેની વિસ્તૃત ચર્ચા કરી.

★ **મંગળવાર, તા. ૧૦-૭-૨૦૧૮**

- આજે વલસાડ - વાપી વગેરે સ્થળે શ્રીકાર વરસાદ હતો. મુંબઈ જતી ટ્રેઈનો બંધ થઈ ગયેલ. પરંતુ અમદાવાદમાં બિલકુલ વરસાદ નહોતો.

★ **બુધવાર, તા. ૧૧-૭-૨૦૧૮**

- કચ્છમિત્રની ૭૨મી વર્ષગાંઠની વિશેષ પૂર્તિ માટેનો શ્રી હંસરાજભાઈ કંસારાએ 'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ' વિષયે તૈયાર કરેલ લેખ ટાઈપ કરાવી આજે 'કચ્છમિત્ર' પર મોકલી આપ્યો.

★ **શનિવાર, તા. ૧૪-૭-૨૦૧૮**

- ટ્રસ્ટ મંડળની આજની મીટિંગમાં માત્ર ૩ ટ્રસ્ટીશ્રીઓ અને ૨ આમંત્રિતો ઉપસ્થિત હોતાં આજની મીટિંગ મુલત્વી રાખેલ હતી. ફરી કદાચ આવતા શનિવારે મીટિંગ રાખવાની ચર્ચા કરેલ હતી.

★ **રવિવાર, તા. ૧૫-૭-૨૦૧૮**

- 'કચ્છશ્રુતિ'ના એક માનવંતા લેખક અને ઉદારવાદી નીતિના પુરસ્કર્તા શ્રી શાંતિલાલ મોતીચંદ સંઘવીના દુઃખદ અવસાનના સમાચાર મળ્યા.

★ **સોમવાર, તા. ૧૬-૭-૨૦૧૮**

- માનદ્ મંત્રીશ્રી તથા ખજાનચીશ્રીની સાથે શનિવાર, તા. ૨૧-૭-૨૦૧૮ના રોજ ટ્રસ્ટ મંડળની મીટિંગ રાખવા અંગે ચર્ચા કર્યા બાદ એ કાર્યવાહી માટે આગળ વધવા નક્કી કર્યું.

★ **મંગળવાર, તા. ૧૭-૭-૨૦૧૮**

- ટ્રસ્ટ મંડળની તા. ૨૧-૭-૨૦૧૮ની મીટિંગના પરિપત્રો બધા જ ટ્રસ્ટીશ્રીઓને મોકલી આપવામાં આવ્યા.

★ **શુક્રવાર, તા. ૨૦-૭-૨૦૧૮**

- આજે અમદાવાદમાં સારો એવો

વરસાદ પડ્યો. સીઝનનો પ્રથમ વરસાદ કહી શકાય. અલગ અલગ વિસ્તારમાં ૪થી ૫ ઇંચ જેટલો વરસાદ પડેલ હતો.

★ **શનિવાર, તા. ૨૧-૭-૨૦૧૮**

- આજરોજ ટ્રસ્ટ મંડળની મીટિંગ મળેલ હતી. ટ્રસ્ટીશ્રીઓ તથા આમંત્રિતો મળીને આઠ જેટલા સભ્યશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. (૧) ગત ટ્રસ્ટ મંડળની મીટિંગની મિનિટ્સ પાસ કરવામાં આવી. (૨) ૨૦૧૭-૧૮ની બેલેન્સ શીટમાં કેટલાક મુદ્દા તરી આવતા તેને હવે પછીની મીટિંગમાં ફાઈનલ કરવાનું નક્કી કરવામાં આવ્યું. (૩) વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૧૬-૯-૨૦૧૮ના રોજ બોલાવવાનું નક્કી કર્યું. (૪) શ્રી કચ્છી સમાજની આર્થિક પરિસ્થિતિની સમીક્ષા કરી યોગ્ય કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું. (૫) વિદ્યાર્થી દત્તક યોજનાની અત્યાર સુધીની માહિતી વિશે માહિતી આપવામાં આવી. (૬) મા વાત્સલ્ય યોજનાના અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છી પરિવારોના કાર્ડ કઢાવી આપવાનું નક્કી કરવામાં આવ્યું. (૭) સરનામા - ટેલિફોનની ઇ-ડિરેક્ટરી પ્રકાશિત ન કરવાનું નક્કી કરવામાં આવ્યું. (૮) જેઓએ હજુ સુધી લવાજમ ન ભરેલ હોય તેઓને કચ્છશ્રુતિના અંકો સપ્ટેમ્બર-૨૦૧૮થી ન મોકલવાનું નક્કી કરવામાં આવ્યું.

★ **સોમવાર, તા. ૨૩-૭-૨૦૧૮**

- તા. ૨૧-૭-૨૦૧૮ના મળેલ ટ્રસ્ટ મંડળની મીટિંગની મિનિટ્સ લખી તેને વોટ્સ ઍપ દ્વારા દરેક ટ્રસ્ટીશ્રી પર મોકલી આપવામાં આવી.
- વાર્ષિક સામાન્ય સભાનો પરિપત્ર કચ્છશ્રુતિના ઓગસ્ટ-૨૦૧૮ના અંકમાં પ્રસારિત કરવા તૈયાર કરવામાં આવ્યો.
- કચ્છશ્રુતિ લવાજમ અંગેનો અહેવાલ કચ્છશ્રુતિના ઓગસ્ટ-૨૦૧૮ના અંકમાં પ્રસારિત કરવા તૈયાર કરવામાં આવ્યો.
- શ્રી બચુભાઈ રાંભિયાના પ્રતિનિધિ શ્રી સમીર સાથે 'મા વાત્સલ્ય યોજના'ના નીતિ નિયમો સમજી તે અંગેનો અહેવાલ તૈયાર કરવાનું નક્કી કરવામાં આવ્યું.

★ **મંગળવાર, તા. ૨૪-૭-૨૦૧૮**

- 'મા વાત્સલ્ય યોજના' વિશેનો અહેવાલ કચ્છશ્રુતિના હવે પછીના અંક માટે તૈયાર કરવામાં આવ્યો.
- 'મા વાત્સલ્ય યોજના'નો અહેવાલ અમદાવાદ સ્થિત અન્ય કચ્છી મેગેઝિનો પર પ્રસારણ અર્થે મોકલી આપવામાં આવ્યા.
- કચ્છશ્રુતિ ઓગસ્ટ-૨૦૧૮ના અંક માટે કચ્છને ફાળવાયેલ વધારાના પાણી વિશેનો તંત્રીલેખ તૈયાર કરવામાં આવ્યો.

## અવસાન નોંધ

- **રવિવાર, તા. ૧૫-૭-૨૦૧૮**
  શાંતિલાલ મોતીચંદ વર્ધમાન સંઘવી (ઉં.વ. ૮૭) (મુંદ્રા - અમદાવાદ) (દેહદાન કરેલ છે.)

***સદ્‌ગતશ્રીના આત્માને પ્રભુ શાંતિ બક્ષે તેવી પ્રાર્થના.***

## માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"ના લવાજમ અંગે ખાસ અપીલ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની એક મીટિંગ શનિવાર, તા. ૨૧-૭-૨૦૧૮ના રોજ મળેલ હતી. આ મીટિંગમાં નક્કી થયા મુજબ સપ્ટેમ્બર-૨૦૧૮ના અંકથી માત્ર લવાજમ ભરનાર મહાનુભાવોને જ 'કચ્છશ્રુતિ'ના અંકો મોકલી આપવામાં આવશે.

એ સિવાય અન્ય લોકો, કે જેઓએ અત્યાર સુધી પોતાના લવાજમ ના મોકલેલ હોય, તેઓને વહેલી તકે પોતાના લવાજમ સમાજની ઑફિસ પર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે. વર્ષ ૧૯૯૬થી વર્ષ ૨૦૧૨ની વચ્ચે જેઓએ ડિપોઝિટના રૂા. ૩૦૦ / રૂા. ૫૦૦ ભરેલ હોય, તેઓને પણ પોતાના લવાજમ મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

***'કચ્છશ્રુતિ'ના પ્રવર્તમાન લવાજમના દરો નીચે મુજબ છે.***

- **બે વર્ષનું લવાજમ : રૂા. ૫૦૦/-**
- **પાંચ વર્ષનું લવાજમ : રૂા. ૧,૦૦૦/-**
- **આજીવન (પંદર વર્ષનું) લવાજમ : રૂા. ૧,૫૦૦/-**

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# PRECISION
## IN BEARING CAGES
# PERFECTION
## IN AUTOMOTIVE COMPONENTS



**BRASS**
CAGES

CYLINDRICAL ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
TAPER ROLLER CAGES

**STEEL**
CAGES

DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES

**POLYAMIDE**
CAGES

DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES

**STAMPED**
COMPONENTS

AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION

DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE

CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION

**INDIA**
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone: +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com

**CHINA**
Harsha Engineering
Components (Changshu) Co., Ltd.
Building 25, Maojao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com

**ROMANIA**
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com

HARSHA
ENGINEERS

www.harshaengineers.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ




**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઈથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયોલોજી
- આર્થોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કાર્ડિયો થોરાસિક સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઇએનટી
- ફેમિલી મેડિસીન
- ફીટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઇન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, ઓબ્સ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગનેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઇન્ફેક્શન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઇન્ટરનલ મેડિસીન
- જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનેટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH EX | GreenOT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

**એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000**

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

સુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

www.facebook.com/cimshospitals

www.cims.org

CIMS Hospital India App on:

## હિમાંશુ ભાઈલાલ ઠક્કર

+91 98793 01004
+91 93740 01004

**પ્રેરણા સ્ત્રોત**
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com
shreeraghuvansham@gmail.com

## Mahendra Sangoi
Chairman, M.D.

RAMDEV GROUP

Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers

Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E) Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

જીવદયા કરુણા અહિંસા ધ્રુણી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર
(ધ્રુણી - મુંબઈ) પ્રે. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનું દવાખાનું
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૬, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ... મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૩૩૩, ૬૬૩૯૦૫૦૦
કાર્યક્ષેત્ર : ગામ - ધ્રુણી, તાલુકા - ભુજ, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦

Bharat B. Gala
Nanvinchandra D. Dedhia

## Raju ENTERPRISE

179 & 323, Unit-2, G.V.M.M.
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING /
S.S PATTA-PATTI

## ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર

૧, ઝલક કોમ્પ્લેક્ષ, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપલ

## INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
ISO 9001:2008, Certified Company

**DISTRIBUTION TRANSFORMER**
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014

**OTHER PRODUCTS**
- Furnace Transformer
- Lighting Transformer
- Isolation Transformer
- Online UPS
- Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA

WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB

**COMFORT INSTA-POWER LTD.**

Corp. & Regd. Office Vadodara, Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9825203489
Works 2 (Waghodia - Vadodara)

## જાહેરાત આવકાર્ય

## જાહેરાત આવકાર્ય

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 • R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674
બેંકની વિવિધ સગવડો
■ FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
■ C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
■ S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
■ RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
■ ATM Card ■ Lockers ■ Free SMS Alert
■ રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
■ રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL
બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

DHOLUcon
Mohan Dholu | 98250 84330
Director | mpdholu@gmail.com
DHOLU CONSTRUCTION
AND PROJECTS LIMITED
401, Gala Argos, B/s. Harikrupa Tower, Nr. Govt. Ladies Hostel, Gujarat College Road, Ellisbridge, Ahmedabad-380 006. Gujarat, INDIA.
Ph. : 264 64 288 Fax : +91 79 2656 44 36 email: dholucon@gmail.com
MINING CONTRACTORS

INDOTEX
PAINTS
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (O) 26853379 • M. : 9909944598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajasthan, Maharashtra, Karnataka, Goa, Andhra Pradesh

Available on HIRE
- Gas Engine Driven Generators
Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

We Provide
- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
Deep Industries Limited
6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema, S.G. Highway, Ahmedabad - 380 015.

Registered Office :
Deep Industries Limited
Opp. Satyanarayan Bunglows, State Highway, Motera, Dist. Gandhinagar.
Email info@deepindustries.com

PRARAMBH
"ek nayi Zindagi ka"
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor, 3rd Eye One, Near Panchvati, C. G. Road, Ahmedabad-380 006, Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

MEET RUDANI
+91 9726066655
MILAP PATEL
+91 9737524821
RII
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

RADHA VALLABH GROUP
Bonafide Brokers
Nelco Agency
Aryan Agency
Jaya Marketing
A-410, City Center, Opp. Idgah Police Chowky, Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com
Chamanbhai : M. 98250 70719
Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719
Hirenkumar : M. 98799 97777

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO



Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)